॥ कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ॥

॥ अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ॥ ॥ गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ॥

॥ योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ॥ ॥ चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ॥

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૯૪)

# શ્રી સિદ્ધાચલનું સચિત્ર વર્તમાન વર્ણન.



પ્રગટકર્ત્તા,

શા. અમરચંદ બહેચરદાસ.

જૈન બુકસેલર, એન્ડ પબ્લીશર્સ—પાલીતાણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ सिद्धम् ॥

# શ્રી સિદ્ધાચળનું વર્તમાન વર્ણન.

આબેહુબ નવ ટુંકોના સુંદર ફોટા સાથે

દર્શન, મનન કરવા લાયક

તૈયાર કરનાર,

શ્રી શેત્રુંજય જૈન સુધારક મિત્ર મંડળ.

હા. ગુલાબચંદ શામજી કોરડીયા.

સહાયક

શેઠ કંકૂચંદ મૂળચંદ પટણી—મુંબઈવાળા.

પ્રકટકર્ત્તા.

બુકસેલર અમરચંદ બેહેચરદાસ—પાલીતાણા.

વીર સં. ૨૪૪૨ વિ. સં. ૧૯૭૨ ઇ. સ. ૧૯૧૬

આવૃતિ ૧ લી પ્રત ૨૦૦૦

પ્રસિદ્ધ કર્ત્તાએ સર્વ હક્ક સ્વાધિન રાખ્યા છે.

શેઠ [redacted]

કંકુચંદ મુળચંદ—તરફથી ભેટ.

જ્ઞાન મંદિર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




મુંબઇવાળા શેઠ કંકુચંદ મુળચંદ પટણી.

આનંદ પ્રી. પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# આભારાર્પણ.

શુદ્ધ શ્રદ્ધાવંત, મુરબ્બી શ્રી શેઠજી
કંકુચંદ મૂળચંદ પટણી.
મુ. મુંબઇ.

આપ મહાશય અમારા સાથે થોડા વખતના સમાગમમાં આવી અમો પ્રત્યે જે પ્રેમભરી લાગણી બતાવી છે, તે ભૂસાય તેમ નથી. કેમકે તિર્થાધિરાજ શ્રી શેત્રુંજય સ્વામીની વરસગાંઠના શુભ દિવસને જગજાહેર કરવાને આપે પૂર્ણ તસ્દી લઈ સફળતા મેળવાવી આપી છે.

ભાવ, દયા, ને ઉપકારબુદ્ધિ આદિ ગુણોના ભારથી આપ નમેલા વૃક્ષ તુલ્ય છો. સમરૂપ જળસિંચન વડે આશ્રિત મનુષ્યોનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાપ હરવાને મેઘ સમાન છો. સજ્જનોરૂપ હંસના આશ્રયને માનસરોવરજ છો. સ્થાવર જંગમ તિર્થસેવામાં નિયમિત તત્પર છો. વળી સ્વપરના હૃદયરૂપ નંદનવનમાં ધર્મરૂપ કલ્પવેલડી ઉગાવી વૃદ્ધિંગત કરવાને શક્તિવાન છો. દક્ષ અને વિવેકી હોઇ સાદા પોષાકથી શોભિત છો. પરને રૂચતી ઉપદેશવાણી વડે ઉત્તમ આચાર શિખવવાનો આપ અનુપમ ગુણ ધરાવો છો. વિશેષ અમો મિત્રોનું હિત કરવા તરફ નિરંતર એક સરખો ચાહ ધરાવો છો. વિગેરે આપના ઉત્તમ ગુણોથી આકર્ષાઈ આ ત્રણ ભુવન શિરોતાજ તિર્થવર્ણન રૂપ સુવર્ણમુદ્રિકા આપની કરઅંગુલીમાં સમર્પીએ છીએ. કે જેમે ઝળકતા હીરા પેઠે આપ શોભાવી અમને કૃતાર્થ કરશો. કિંબહુના !

મુ. પાલીતાણા } લિ૦ અમો છીએ આપનું
શ્રી શેત્રુંજય જૈન સુધારક
મિત્રમંડળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના.

તિર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતિર્થ પર અનંતા જીવો સદ્‌ગતિ યાને મોક્ષ ગયા છે. તે સિદ્ધાંત શાસ્ત્રદ્વારા વડે કોઇ પણ જૈનથી અજાણ્યું નથી, અને તે તિર્થાધિરાજના ભારી મહિમા ઉપરથી વિશેષ સિદ્ધ થાય છે. આવા મહાન્ પવિત્ર તિર્થના, તેની ભૂમિના, અને પ્રભુના ગદ્ય પદ્યાત્મક વડે ગુણોત્કિર્તન કરવાથી આત્માનું કલ્યાણ થાય છે.

ઘણા વર્ષો ઉપર નયસુંદરાદિ મુનિમહારાજાઓએ શ્રી શેત્રુંજય તિર્થ ઉપર કેટલી ટુંકો, કેટલાં દહેરાં, ને તે કોના કોના છે, ને ક્યાં ક્યાંથી જવાય છે તે માટે તે સમયના રાસાદિકથી વર્ણવી ગયા છે. આ વખતે શ્રી શત્રુંજય ઉપર વર્ત્તમાન કાળ જેટલો વિસ્તાર નહોતો. મોટો વિસ્તાર આશરે એકસો વરસ થયાં વૃદ્ધિ પામ્યો છે. તેમાં તે પછી દિનદિન ઉન્નતિના અને વિશાળતાના સર્વ પ્રકારમાં વધારો થતો ગયો છે. વર્ત્તમાન શ્રી સિદ્ધાચલ ઉર્ફે શત્રુંજય ઉપર કેટલી ટુંકો ને દરેક ટુંકમાં કેટલાં કેટલાં દહેરાં અને દહેરીઓ આવેલી છે તથા કૂલ દહેરાં દહેરીઓમાં કેટલી પ્રતિમાઓ અને પાદુકા જોડીઓ છે, તે તે દહેરાંઓ કઈ સાલમાં કોણ મહા પુન્યવાન મહાશયે બંધાવ્યા વિગેરે તિર્થરાજ ઉપર જાણવાને બની આવે તે સારૂ અમોને ઘણા ગૃહસ્થો તરફથી પ્રેરણા થઇ હતી. તેથી અમોએ પૂર્ણપણે શ્રમ ઉઠાવી તિર્થરાજનું અને તિર્થભૂમિનું સંપૂર્ણ બ્યાન સત્તાવાર એકત્ર કરી નિચે પ્રમાણે જનસમુહની સેવામાં મૂક્યું છે.

પ્રથમ પ્રકરણમાં શ્રી શેત્રુંજયનું સ્વરૂપ, બીજા પ્રકરણમાં યાત્રાએ આવતો સંઘ અને યાત્રુ, ત્રીજામાં પાલીતાણાની મૂળ ઉત્પત્તિ અને હાલનું રાજ્ય, પછી તિર્થભૌમ શહેર પાલીતાણાની જૈન વસ્તી અને તેમની સ્થિતિ, ધાર્મિક સંસ્થાઓ, વંદનિક જગ્યાઓ, સર્વે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મશાળાઓનાં નામ, લેવાતા-અપાતા નકરા-લાગા, તલેટીરોડ, તિર્થરોડ, કિલ્લો. દાદા શ્રી આદિશ્વર ભગવાનની ટુંક, મોતીશાની ટુંક, બાલાભાઇની ટુંક, પ્રેમચંદ મોદીની ટુંક, હેમાભાઇની ટુંક અને ઉજમબાઈની ટુંક, સાકરવસીની, છીપાવસીની, ને પાંડવનું દહેરૂં, ચૌદમા ચૌમુખજીની ટુંક અને ખરત્તરવસી, ત્યારપછી પ્રદક્ષિણાઓ, પંચતિર્થીનાં ગામો, ચમત્કાર, પ્રભાવ, ને મહિમાવાળી જગ્યાના સ્વરૂપો આપ્યાં છે, ને છેલ્લા પ્રકરણમાં ખાસ ગિરીરાજ ઉપર ગવાતાં સ્તવનો સાથે દક્ષિણ દેશના કેટલાંક દહેરાંનાં સ્તવનો ઉમેરી ગ્રંથને એવો અમૂલ્ય કીધો છે કે જે વાંચતાં ભણતાં વીર્યોલ્લાસ પ્રગટે છે. દરેક પ્રકરણમાં ટુંકમાં, તે તે ટુંકના સુંદર ફોટા ખાસ દર્શન કરવા સારૂ લાંબો ખર્ચ કરી બહાર લાવ્યા છીએ.

મૂળ ભાગમાં અમોને આ પુસ્તક બહાર લાવવામાં અગવડો હતી તે દૂર કરવાને મુંબઇ નિવાસી શેઠ કંકૂચંદ મૂળચંદે ધર્મસ્નેહ ભાવે કિમતી સહાય આપી છે તેથી તેઓ સાહેબનો ફોટો અને સંક્ષિપ્ત જીવનવૃતાંત યોગ્ય જાણી આપ્યું છે. તે દરેકને મનન કરવા લાયક છે.

આ પુસ્તકની યોજના માસ્તર ગુલાબચંદ કોરડીયાએ કરી આપેલી તેથી તેમનો તથા લખાએલ મેટરમાં વિરોધતા ન આવે માટે ભાવનગર નિવાસી શેઠ અમરચંદ જસરાજે તપાસીને યોગ્ય સ્થળે સુધારો કરી આપ્યાથી તેમનો અત્રે પૂર્ણપણે ઉપકાર માની ધન્યવાદ આપીએ છીએ.

આ પુસ્તક પાલીતાણામાં પ્લેગ હોવાના કારણે ટાઇમસર નીકળી શકયું નથી તેથી અમારા મુબારક ગ્રાહકો પાસે ક્ષમા યાચીએ છીએ.

સિદ્ધગિરી-પાલીતાણા.<br>
મેરૂ તેરશ<br>
સં. ૧૯૭૨

લી. પ્રસિદ્ધકર્ત્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીયુત શેઠ કંકૂચંદ મૂળચંદ પટણીનું સંક્ષિપ્ત.

# જીવનવૃત્તાંત.

પૂર્વે પાટણના રહેવાશી શેઠ કંકૂચંદભાઇ હાલ મુંબાઇમાં ચોપાટી ઉપર રહે છે. તેમની આર્થિક સહાયતાથી આ ઉપયોગિ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. તો અમો હંસચંચૂવત્ બની તેઓશ્રીનું તદ્દન સંક્ષિપ્તમાં જીવનવૃતાંત અત્રે પ્રગટ કરવા યોગ્ય વિચાર્યું છે.

સેંકડો જિનમંદિરોથી અને વિવિધ જ્ઞાતિવાળી જૈનપ્રજાથી અલંકૃત થયેલા સંખ્યાબંધ વાડા, પાડા, ને પોલ–મોહોલ્લાથી ગર્જના કરતું ગુજરાત દેશની પ્રાચીન રાજધાની–વર્ત્તમાન જૈનપુરી **પાટણ-શહેર**માં **રાજકાવાડા**ના નાકા ઉપર આવેલા **નિશાળ**ના **પાડા**માં **દશા-ઓસવાળ** જ્ઞાતિનું રાજ્યની માનવંત મહેતાગિરી કરીનુ અટક ધારણ કરતું **મહેતા** કુટુંબમાં ઇચ્છાચંદ શેઠનું કુટુંબ સદરહુ પાડામાં નાકા ઉપર આવેલા પોતીકા ઘરમાં વસે છે. તેઓ ધનવાન ગૃહસ્થ નહોતા, પરંતુ રાજ્યવંશની ઉંચા હોદ્દાવાળી નોકરી કરીને યથેચ્છ સુખ ભોગવતા હતા. ઇચ્છાચંદ શેઠને **મૂળચંદ** (કંકુચંદભાઇના પિતા) કરીને પુત્ર હતા. તેઓએ નાની વયમાંથીજ ધંધારોજગાર ઉપર ચડીને કંઇક દ્રવ્ય મેળવ્યું હતું. તેમનું પાણીગ્રહણ પાટણશહેરમાં કોટવાળ કુટુંબમાં વીરચંદ કોટવાળના પુત્રી **ભાગાબાઇ** ( કંકુચંદભાઇના માતુશ્રી ) સાથે થયું હતું. શેઠ મૂળચંદ મહેતા થોડા વરસોથી દક્ષિણદેશ પુનાજિલ્લામાં આવેલા જુન્નેરગામે ગુજરાનાર્થે ગયા હતા. શેઠ મજકુરે જુન્નેરગામમાં રહી રૂડા પ્રકારની ઇજત–આબરૂના વ્યવહારમાં સારો વધારો કરી જાણીતા થયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતા. જોકે તે સાથે દ્રવ્યની વૃદ્ધિ નહોતી થઇ પણ ચારદિશા રૂપ ચાર પુત્રો ભાઉશા, કંકુચંદ, ચૂનીલાલ ને મોતીલાલ અનુક્રમે પ્રાપ્ત થયા.

આપણા ચરિત્રનાયક કંકૂચંદભાઇનો જન્મ જુન્નેરમાં સંવત. ૧૯૧૯ના ફાગણ શુક્લ પંચમીના દિવસે થયો હતો. બાલપણામાંથીજ તેઓ ચંચલતા ધરાવતા જણાયા હતા. પાંચવરસની ઉમરે ગામની મરાઠી સ્કુલમાં દાખલ થઇ મરાઠી ચ્યાર ચોપડીનું ફકત જ્ઞાન મેળવી ઉઠી ગયા હતા. તેમનું ધ્યાન વેપાર ઉદ્યોગ તરફ ખેંચાયાથી દશ વરસની નાની ઉમ્મરમાં પોતીકા કાપડના બીજનેસમાં પોતાનાં પિતાના સંઘાતે જોડાયાં હતા. પણ વધારે હુશિયાર થવા લાલચંદ ઉમેદશા શેઠની શરાફી દુકાને ટુંક પગારથી રહ્યા. ત્યાં ખંતથી કાર્ય બજાવતા રહી એક વરસ દરમ્યાન હિસાબ અને નામાના જ્ઞાનનો સારો અભ્યાસ કરી અનુભવ મેળવવા લાગ્યા.

યાદદાસ્તવાળા ઉદ્યોગી મનુષ્યને એક વખત જે જે દ્રષ્ટીગોચર થાય તે તેઓ ભૂલતા નથી. તેમ કંકૂચંદભાઇએ નામા–હિસાબના પૂર્ણ અનુભવના જોરે કાપડના ધંધાની ખીલવણી કરવાને તથા ભાગ્ય અજમાવવાને બનતું કર્યું. તેથી જુન્નેરથી યેવલા (નાશિક) ગામે ગયા એટલે ત્યાં તુર્તમાંજ લાલચંદ ઉમેદશાની કાપડનીજ દુકાને નોકરી રહ્યા. ભાગ્ય ખીલે છે, ત્યારે કશી ખામી રહેતી નથી. બે વરસ નોકરી કરતાં નહિં થયા તેટલામાં કંકૂચંદભાઇને વેપાર કરવાની ગોઠવણ, ગણત્રી, ઉદ્યમ, મેહેનત ને ખંતવાળા શેઠ મજકૂરે જોયા. કંકૂચંદભાઇએ ઉપરના ટુંકા સમયમાં શેઠને હજારો રૂપિયા કમાવી આપ્યા. પ્રમાણિકપણાવાળી ચાલાકી જોઇ શેઠે કંકૂચંદભાઇને ભાગીદાર તરીકે જોડ્યા. બાદ સં. ૧૯૩૩ માં જુન્નેરવાળા કસ્તૂરચંદ નથુરામની દીકરી નામે **દીવાળી** જોડે શેઠ કંકૂચંદભાઈનું બડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મામનૂમવા (સંસારી લ્હાવના) પાણી ગ્રહણ કર્યું હતું. તેમની સાથે સંસારસુખ ભોગવતા ચાર પુત્ર થયા હતા. તેમાં ત્રણ ગુજરી ગયા ને એક **ભોગીલાલ** નામનો છેલ્લો પુત્ર થોડા સમયથી અવતરેલ જે હાલ વીસ વરસની ઉમ્મરે વિદ્યમાન છે.

આ અવસરે અવસર પામી પોતાના માતા પિતા અને બંધુઓ વિગેરે કુટુંબને જુન્નેરથી ચેવલા તેડાવીને હમેશને માટે ત્યાં મુકામ લઇને રાખ્યા. ત્યાં પોતાના ભાઇઓને પણ વેપારમાં જોડી દઈ સર્વેને પરણાવી સારૂ દ્રવ્ય ખરચી સુવ્યવ્હારનો અને સુકિર્તીનો વધારો કર્યો. સંસારી સર્વ બાબતમાં સુખ અનુભવતા ગુરૂયોગથી ધર્મ તરફ વળી ગયા ને ધર્મરક્ત બન્યા, એટલે દિનપ્રતિદિન જિનપૂજા અને સ્નાત્રપાઠ કર્યા વિના ભોજન લેવું નહિં એવો સુટેકથી નિયમ કર્યો જે અદ્યામી પર્યંત એક સરખો છે. ધર્માભ્યાસથી ધીમે ધીમે લાગતા વળગતા દેશ–પરદેશના ધાર્મિક ખાતાઓની સુધારણા અર્થે હિંમત ધરી ને તેમાં પણ ચિત્ત પરોવી આગળ વધવા લાગ્યા.

આવા ધાર્મીક ઉત્સાહના સમયમાં–પુન્યના પસાયે ખંત અને પ્રમાણિકતાની કિર્ત્તી પ્રસરવા માંડી. એવામાં શેઠ રંગીલદાસ દેવચંદે કંકુચંદભાઇને બાદશાહી રકમ વેપાર ખેડવાને મદદમાં આપવાથી મિત્રો રૂપચંદ ચિંતામણના આગ્રહથી કાપડ અને સુતરનો મોટો વેપાર કમીશનથી શરૂ કર્યો. પંદર વરસ ભાગમાં સારી રીતે વેપાર કરી ગ્રહસ્થપણાને છાજતી ઇજ્જત વ્યવહાર ને યશની પ્રાપ્તિ દ્રવ્ય સાથે સારી કરવા પામ્યા. યોગ્ય જાહોજલાલીનો સમય છતાં પોતાની સાદાઇ અને વિવેક બિલકૂલ છોડયા નહીં, વર્ત્તમાન પણ તેજ પ્રમાણે વર્ત્તન છે. સુખસંપન્ન સમયમાં કેટલાક જીવો અહંપદ ધારણ કરી પોતાનું માર્ગાનુસારીપણું ખોઈ બેસે છે. પણ કંકુચંદભાઇની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક વૃત્તિ દૃઢ થતી ચાલી. આ વેપારની ખીલવણીમાં અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઇ, શેઠ લાલભાઇ દલપતભાઇ, શેઠ સારાભાઇ મગનભાઇ તથા શેઠ હીરાચંદ રતનચંદ તથા મુંબઇવાળા શેઠ મોરારજી ગોકુળદાસ, શેઠ વીરચંદ દીપચંદ, અને શેઠ ગોકુળદાસ માધવજી વિગેરે પ્રખ્યાત ધનાઢ્ય વેપારી જોડે પીછાન થઇ, જે પિછાન હાલ મિત્રતાના આકારમાં જેમની તેમ તેમના કુટુંબો સાથે છે.

પિતા પરલોકવાસી થયા બાદ અદ્યાપી પર્યંત માતૃભક્તિમાં તેમનો પ્રેમ કોઇ અપૂર્વજ છે. તેમની જંગમ તિર્થ સેવા સૌ કોઇને દૃષ્ટાંતરૂપ છે. થોડા વખત પછી પુત્ર ભોગીલાલ દોઢ વર્ષ પૂરાંનો જ્યાં થવા આવ્યો એટલામાં તેમના પત્નિ દીવાળી પરલોક પામ્યા. આ વખતે શેઠ કંકૂચંદભાઇને લાગી આવ્યું. પરંતુ સંસાર બાજી અસાર જાણવાના ધીમંત હોવાથી ધૈર્યને ધારણ કર્યું. પણ બાળપુત્રની સંભાળ માટે પુનઃ પરણ્યા વિના ચાલે તેમ નહોતું, તેથી ભોયણી તિર્થ પાસે આવેલાં **નંદીશાળા** ગામમાં રહેતા પાટણવાળા હપાણી કુટુમ્બના જાણીતા શેઠ મનસુખરામના સુપુત્રી સાક્ષાત્ શ્રીદેવીના સૌંદર્ય અને ગુણને જીતવા સમર્થ હોય એવી **સમરત** સાથે પાણીગ્રહણ કર્યું.

સમરતબાઇ ગામડામાં ઉછર્યા છે, પરંતુ પિતા તરફનો પાસેના રાજ્યના ઠાકોરો સાથે સારો લાગવગ હોવાથી રાજકુટુંબમાં આવતા જતા રાજ્યવંશી ઉત્તમ ગુણ ગ્રહણ કરી કિંચિત્ ગુજરાતી કેળવણી લેવાને સમર્થ થયા હતા. ઘરના કાર્યભારના ગુણોએ પ્રથમથીજ વાસ કર્યો હતો, આ બાઈ પિતાને ઘેર મોટા લાડમાં ઉછર્યા હતા, પણ પરણીને સાસરે જતા સાસરીયા પક્ષને અમૂલ્ય સલાહકાર થઇ પડીને મોટા કુટુમ્બનો કાર્યભાર જતાવેંત લીલા માત્રમાં ઉપાડી લઈ ઓરમાન પુત્રને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિજકુક્ષિનો ગણી લાલન પાલન વડે મોટા કર્યાં વિગેરે ગુણોથી સંપાદિત હોઇ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ સ્ત્રી સમાજમાં ચુવાલ દેશ તરફના વિભાગમાંથી સમરતબાઇને વરસ ૧૬ થી લાઇફ મેમ્બર તરીકે ચુંટ્યા છે.

આ સુખી જોડું સંસારના સુખવિલાશી યથાશક્તિ ધર્મપરાયણ બની નીજ આત્માનું કલ્યાણ કરનારો ટાઇમ મેળવી સર્વેને સુખના ભાજનરૂપ થયા છે. જાહોજલાલી ભોગવતા એક દશકા વરસ થયા એટલામાં એકાએક સં. ૧૯૬૦ માં વેપારમાં મોટું નુકશાન પહોંચ્યું ને મિત્રોએ કેટલીક ખલેલ પહોંચાડી. તેથી મોટું કષ્ટ આવી પડયું. પણ પોતાની પાસે જે હતું, તે લેણદારોને આપી પોતાની પ્રમાણીકતા સત્ય દરાવી અને ધર્મમાં વધારે દૃઢ થતા ગયા. આ વખતે ગુરૂભક્તિનો સંપૂર્ણ ઉદય તપાગચ્છલંકાર ન્યાયાંભોનિધી શ્રીમદ્ આત્મારામજી મહારાજના પ્રશિષ્ય મુનીરાજ શ્રી રાજ્યવિજયજી મહારાજના પ્રસાયથી થયો. ત્યારથી અદ્યાપી પર્યંતમાં શ્રીમદ્ પન્યાસજી કમળવિજયજી અને તપગચ્છ નભોમણી વીજયનેમસુરીજી વીગેરે મહા પુરૂષોના સમાગમમાં આવવાને ધર્મકાર્યો હાથ ધરી તેઓ મહાત્માશ્રીનો વાસક્ષેપ ધારણ કર્યો.

સાધુસમાગમ થવાથી ધર્મરત્નના સ્થંભોનું ભાન થયું ને વિશેષ જાગૃતિ થઈ. સમતા સ્વરૂપને જાણતા હોવાથી આવા વિપદ સમયમાં પોતાની સુપત્ની સમરત તરફથી ઘણો બોધ મળવા ઉપરાંત સુખે દીવસો પસાર થતા એવામાં પોતાના એક મીલવાળા મીત્ર શેઠ ગોકળદાસ માધવજી ધરમશીએ મુંબઈ બોલાવી લઈ પોતાની મીલના સુપરવાઇઝર તરીકે સવાસો રૂપીઆનાં માસિકથી નોકરીએ રાખ્યા.

વળી કંકુચંદ શેઠનો સૂર્ય સતેજ ઉદય થયો. મિલ કામકાજમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવિણ શેઠે ટુંક વખતમાં પોતાના શેઠને લાખો રૂપીઆ કમાવી આપ્યા જેથી શેઠે સંતુષ્ટ થઇને મીલ કાપડના સેલ્સમેન સેક્રેટરીની ઉંચી જગ્યા આપી. અતિ કામનો બોજો ઓછો કર્યો જેથી કંકુચંદભાઇને ટાઇમ પુષ્કળ મળવાથી અને પગારમાં પણ સારો ઉમેરો થવાથી ત્રણ કલાક સિવાયનો બધો વખત ફક્ત ધર્મકાર્ય તરફ ગાળવા માંડે છે. તેમણે કરેલા સુકાર્યો પૈકી કેટલાક અમારી જાણુના નીચે મુજબ ટાંકીએ છીએ.

સમેતશીખરજીની પંચત્રિર્થી, પાવાપુરી—ગુણીયાજી, ચંપાપુરી, ક્ષત્રીકુંડ, ને રાજગ્રહીના દહેરાના જીર્ણોદ્ધાર માટે કલકતે જઇ વલભજી હીરજીની સહાયત સુધારવા માટે મહારાજ સાહેબની પરવાનગી મેળવી દેશમાંથી કારીગરો મોકલી કામની શરૂઆત કરાવી જેમાં મોટી રકમ પોતાના ભાગીદાર રૂપચંદ રંગીલદાસ પાસેથી લઈ કામ કરાવી આપ્યું.

અહમદ નગરમાં બે જૈનશાળા થવાથી સંઘમાં પેઠેલો કુસંપ, કંતુલ ગામમાં બાર વરસથી પડેલાં તડો અને ગ્વાલીયર—લશ્કરનાં કુસંપ, વાડા ગામના સંઘમાં કુસંપ અને પુનાના લશ્કરના સંઘના પડેલાં તડો વીગેરે સ્થળે કુસંપ પેઠેલો તે દરેક સ્થળે જઈ સંઘના નેતાઓને સમજાવીને કુસંપને એવી રીતે દુર કર્યો કે તે સંઘ હજુ કંકુચંદ શેઠની બુદ્ધિના વખાણ કરે છે.

મંચર, વાડા, પાબલ ને ખેડગામનાં દહેરા લાંબી મુદતથી અપૂર્ણ દષ્ટીગોચર થતા હતા, તેને શેઠ આણંદજી કલ્યાણજીની અને મુંબઇના સંઘની તેમજ ગામના સંઘની સહાયતા મેળવી અપાવી. પોતાની જાતી દેખરેખ તળે જીર્ણોદ્ધારનું કામ પૂર્ણ કરાવી ક્રમ પ્રમાણે મોટી ધામધુમથી પ્રતિષ્ટા કરાવી આપીને દેવદ્રવ્યમાં વૃદ્ધિ કરી. આરસની મદદ માટે મીત્ર શેઠ જમનાભાઈની સહાયતાથી શ્રી ભોયણીજીમાંથી મેળવી અપાવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આબેગામ, ઘોડેગામ, નિંબગામ, દેહુ ને માલુંગાના દહેરા-ઓનાં તથા દક્ષીણ દેશના જીર્ણોદ્ધારો કરાવવા ઉમેદ વરતાય છે અને દરેક સ્થળે તન, મન, ધનથી મદદ કરે છે.

હાલમાં દેહુ ગામની પ્રતિષ્ટા ચાલુ સાલનાં માહા શુદ ૧૩ નું પ્ર-તિષ્ટા મુહુર્ત છે, અને તે ઉક્ત શેઠની મારફતેજ ચાલુ થઇ છે.

વળી કેળવણી ખાતામાં દર વરસે નાના નાના પણ ઉપયોગી પુ-સ્તકો ઘણી જાતના હજારોની સંખ્યામાં છપાવી' ફ્રી ( ભેટ ) વહેંચીને લક્ષ્મીનો સુવ્યય કર્યો છે ને કરતા ચાલુ રહ્યા છે.

પાંજરાપોળો અને પાઠશાળાઓમાં યથાશક્તિ મદદ કરતા રહે છે તેમજ જાતિભાઈ સિવાય કોઈપણ પોતાનું નામ સાંભળી જે જે કોઈ ગુ-જરાનના સાધન માટે આવે તો તેમને ધંધે અને નોકરીએ સેંકડોને વળ-ગાડ્યા હોવાથી દક્ષીણ દેશના જીર્ણોદ્ધારના હીમાયતી નરરત્ન કહેવાય છે.

સાંસારીક લ્હાવમાં પોતાના લઘુ બંધવોને તથા ભત્રિજાને અને પોતાની પુત્રીને પરણાવી સારી રકમ ખરચીને જ્ઞાતી તરફનો યશ મેળવી મહોત્સવો જૈન મંદીરમાં કરાવી, આત્મિક લાભમાં પણ સુલક્ષ્મીનો વ્યય કર્યો છે.

સ્વભાવે શાન્ત અને અભિગ્રહધારી છે, શીયળવ્રત બાળપણથી નેમધારી છે તે પ્રતાપે યશસ્વી નીવડ્યા છે.

શેઠ વનમાં પેઠેલા ઉમરવાળા થયા છતા પ્રાતઃકાળે ચાર વાગે ઉઠી ધર્મકાર્યનો નિત્ય નિયમ સાચવી ખાસ ધર્મકાર્યની પોસ્ટનું કામ કરતા રહે છે.

આળસને તો હાંકી કાઢી લીધેલું કાર્ય પુર્ણ ન થાય ત્યાં સુધી સતત પ્રયાસથી જારી રાખવાને ઉદ્યોગના ઉદ્યમી નરરત્ન છે. વળી અમારા શત્રુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જય તિર્થપતિની વરસગાંઠના ભગીરથ પ્રયાસને સફળ કરવવામાં (આખી હીંદુસ્તાનમાં તહેવાર તરીકે પળાવવા) શ્રી આણંદજીકલ્યાણજીની દ્વારા શ્રી સંઘને જાહેર ખબર અપાવવા તેઓશ્રીનો લાંબો વગવાળો હાથ હતો.

ઉપરાંત શેઠશ્રીએ નીજ કુટુંબને સાથે તેડી હીદુસ્તાનની મોટી મુસાફરી યાત્રા અર્થે નીકળી મોટામોટા તીર્થની ભેટ લીધી છે અને જુન્નેરઆદી સંખેશ્વર ભોયણી કેશરીયાજી વીગેરે સ્થળે વારસીક દરવરસે યાત્રા કરવાનો નીયમ છે એવી રીતે દરેક તિર્થમાં જાતે જઇ જાત્રા કરી આવ્યા છે ને આખો હીંદુસ્તાન ફરી દેશાવરનો અનુભવ મેળવ્યો છે, તેમ દરેક સ્થળે પોતાના મીત્રોથી અલંકૃત છે, નામથી પણ જાહેર છે.

ઉપર મુજબ ધર્મકાર્યને સાંસારીક કાર્યમાં ઉદાર ઉન્નત ને ઉચ્ચ ગુણોવાળા સાધારણ ગૃહસ્થ રત્નનરનું જીવન આ લોકમાં અનુકરણિય છે તેમની કૃતીઓ ઉપરથી ભવિષ્યમાં પણ કોમને યથાશક્તી હીતકર્ત્તા થશે, એમા શંશય નથી. આવા નરનું જીવનવૃતાંત વાંચવાથી અનેક પ્રકારનાં લાભ થાય છે ને બીજાને ઉત્તેજક થાય છે. પરમાત્મા શેઠ કંકુચંદભાઇને દિર્ધાયુ આપો.

કીમ્બહુના.

લી. પ્રગટકર્તા.

અમરચંદનાં જયજીનેંદ્ર નમન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કુંચનગિરી વરની રચી, મૂલ્યવાન આ બૂક,
કુમતિ પંથ ઉથાપશે, લહીને જ્ઞાન અનૂપ;
ચંદન સમ સુગંધ છે, ચંદ્ર સમ કરે શીત,
દર્શન સિદ્ધાચળ તણા, દાખ્યા કરતાં હિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધાચળનું વર્તમાન વર્ણન.

## પ્રકરણ ૧ લું.

### શેત્રુંજયનું સ્વરૂપ.

જંબુદ્વીપના ભરતક્ષેત્રના મધ્ય ભરતખંડને વર્ત્ત-માનકાળે હિન્દુસ્તાન પણ કહેવાય છે. તેના અંદર આવેલા આર્યદેશ પૈકી સોરઠ નામા દેશ, કે જેને હાલ કાઠિયાવાડ કહે છે, તેમાં ગોહિલવાડ પ્રાંતમાં આવેલા પાલીતાણા શેહેરમાં શહેરની દક્ષિણે આપણું ( જૈનોનું ) મોટામાં મોટું સર્વોત્કૃષ્ટ પુન્ય પવિત્ર તિર્થાધિરાજ શ્રી શેત્રુંજય યાને સિદ્ધાચળતિર્થ આવેલું છે. તેને આર્હત્ધર્મ પાળનારી કોઇ પણ વ્યક્તિ આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિર્થરાજને ભેટવા–સ્પર્શવા કદાચિત્ ભાગ્યવંત નીવડી ન હોય ! પરંતુ તેમના નામથી તો જૈન કે જૈનેતર કોઇ પણ વ્યક્તિ અજ્ઞાત છેજ નહિં. તિર્થરાજના એકસો આઠ નામ બોલાય છે, જે દેવો અને મુનિઓ મળીને પાડે છે. તેમાં સિદ્ધાચળ અને શેત્રુંજય એ બે નામ જગદ્વિખ્યાત મશહુર છે.

દરેક ઉત્સર્પિણીના છેલ્લા અને દરેક અવસર્પિણીના પહેલા આરામાં આ તિર્થરાજનું માન એંશી જોજનનું વિસ્તારમાં હોય છે. અને દરેક અવસર્પિણીના છેલ્લા તથા ઉત્સર્પિણીના પહેલા આરામાં સાત હાથનુંજ ફક્ત માન રહે છે. કાળે કરીને વધઘટ થાય છે. પણ સર્વથા આ તિર્થરાજનો નાશ નહિં હોવાથી પ્રાય: સદા શાશ્વત તિર્થ છે. જેની સાબિતિમાં વડનગર, વલ્લભીપુર અને પાદલિપ્તપુરની જુની તળેટીઓ વર્ત્તમાન મોજુદ સુચિન્હો ધરાવતી દ્રષ્ટીગોચર થાય છે. દરેક પિણીમાં છ આરા હોય છે. તેમાં વર્ત્તમાન અવસર્પિણી ચાલે છે તેનો હાલ પાંચમો આરો કળિયુગ નામથી બોલાય છે. તેમાં તિર્થરાજનું માન બાર જોજન એટલે અડતાલીસ ગાઉનું વિસ્તારે છે.

આ તિર્થરાજ ઉપર અનંતા તિર્થંકરો, ગણધરો, મુનિવરો, મનુષ્યો અને ત્રિર્યંચો શિવગતિ અને દેવગતિને પામ્યા છે. ને પામશે. આ તિર્થરાજના મોટા ઉદ્ધારો દેવો અને મનુષ્યો દરેક ચોવીશીમાં કર્યા કરે છે. વર્ત્તમાન ચોવીશીના આદ્ય તિર્થંકર આદિશ્વર ભગવાન યાને ઋષભદેવ થયા છે. તેઓ પોતાના આયુષ્યના છેલ્લા બાકી રહેલ એકલાખ પૂર્વ વરસમાં નવાણું પૂર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખત આ તિર્થરાજ ઉપર આવીને સમોસર્યા છે. (આ કારણ-થી **નવાણું યાત્રાનો** મહિમા વધ્યો છે.) તેથી સર્વ તિર્થોના પતિ શ્રી શેત્રુંજયતિર્થરાજના મૂકુટમણી આદિશ્વર ભગવાન્ હોવાથી તેમની ભવ્ય અને મનોહર પ્રતિમાજી તિર્થપતિ રૂપે બિરાજે છે. કેવલી ભાષિત વચનાનુસારે વર્ત્તમાન ચોવીશીમાં મોટા ઉદ્ધાર સતર થવાના છે. તેમાં વર્ત્તમાન સોલમો ઉદ્ધાર જયવંત વર્ત્તી રહ્યો છે. આ ઉદ્ધાર કરોડ દ્રવ્ય ખરચી વિક્રમ સં. ૧૫૮૭ માં **વૈશાખવદ છઠના** દિવસે ઉદ્ધાર કરી વર્ત્ત-માન પ્રતિમા શ્રી આદિશ્વર ભગવાનને તખ્તનશિન કર્યા છે. આ શુભદિવસ હિન્દના સમગ્ર જૈનોએ ઉજવવો યા પાળવો પળાવવો. " મહાન્ લાભનું તેમજ તિર્થરાજ પતિની શેવા–ભક્તિના માનનું, કારણ જાણી પાલીતાણાવાલા **શ્રી શેત્રુંજય જૈન સુધારક મિત્ર મંડળે** દૂરદેશાવરમાં જાહેર કરી, તથા સમસ્ત શ્રી સંઘની શ્રી આણંદજી કલ્યાણજીની હેડ ઓફીસ તરફથી જાહેરખબર છપાવી બહાર પડાવ્યાથી હવે સર્વ જૈન સંઘ પોતપોતાના ગામમાં યોગ્ય રીતે **વૈશાખ વદ ૬** ને પાળી શ્રી તિર્થરાજ શેત્રુંજયને માન આપે છે ને પુણ્ય ઉપાર્જે છે તે પ્ર-શંસનિય છે. કદાચિત્ કોઇ પણ ગામનો જૈન સંઘ અજાણ રહ્યો હોય તો નમ્રવિનંતી છે કે હવેથી વૈશાખવદ છઠને એક તેહેવાર પ્રમાણે પાળી શ્રીસંઘની પેહેડીના હુકમને માન આપશે "

જાણે મત્સ્યાધિરાજ શાન્તપણે બેઠેલ ના હોય! તેમ દૂર દેશથી નિહાળતા નજરે પડે છે. પર્વતના છેક માથા ઉપર આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેલી ટેકરી ઉપર ચોમુખજીની ટુંકના શ્રૃંગ (શિખર) નાં પ્રેક્ષકો ને ચોખ્ખાં દર્શન થાય છે. આવી રીતે પણ દર્શન કરનાર ભવ્ય જીવોને સાક્ષાત્ ગિરીરાજના દર્શન કર્યા બરાબર લાભ અને આનંદ પ્રાપ્ત થાય છે.

# પ્રકરણ ૨ જું

## યાત્રાએ આવતા સંઘ અને યાત્રુ

તિર્થરાજ શ્રી સિદ્ધાચળની યાત્રા સારૂ પૂર્વે ઘણા દેશના સંઘ સેંકડો અને હજારો માણસોથી આવતા હતાં. જે અકેક ઉદ્ધારના વચ્ચે થયેલા સંઘપતિઓના હજારો બલ્કે લાખોના અંકની સંખ્યા રાસાદિ ગ્રંથ ઇતિહાસના પૃષ્ટ ઉપર વાંચતા જણાઇ આવે છે. પૂર્વે આવતા સંઘની દરેક વ્યક્તિ પ્રાયઃ તિર્થયાત્રા ફળ વર્ત્તન પ્રમાણેજ વર્ત્તન કરી લાભ લેતી હતી. પાંચ દાયકા ઉપર આવનારા સંઘ પણ સારૂ વર્ત્તન કરતા માલુમ પડ્યા છે. અમદાવાદના નગરશેઠ હેમાભાઈ, મુંબઈવાળા શેઠ મોતીશા, શેઠ પ્રેમચંદ રાયચંદ, કચ્છી શેઠ નરશી કેશવજી, અને શેઠ નરશી નાથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ પોપટભાઈ અમરચંદ વિગેરે વર્ત્તમાનકાળના રત્નપુરૂષોના સંઘ છહરી પાલતા સંખ્યાબંધ ગાડાં એને વ્હેલો જોડાવી રસ્તામાંથી બીજા ગામના સંઘને સાથે લઈ મોટા સંઘપતિ બની થોડા થોડા ગાઉની મજલ કરીને તિર્થરાજને એવી રીતે ભેટયા છે કે રસ્તાની અંદર આવતા સ્થાવર અને જંગંમતિર્થની પૂજા વંદના કરતા હતા. ઉપરાંત સાધર્મીકોની સ્થિતીની સારી સંભાળ લેઇ તેમને યોગ્ય ધર્મારાધન માટે દેહેરાં ઉપાશ્રય જે ધર્મશાળા પ્રમુખ સાધનોની જોગવાઇ કરી આપેલ છે. તે આધૂનિક સમયે મુંબઇ (દક્ષિણ) ગુજરાતને કાઠિયાવાડમાં ઘણા સ્થલે પ્રત્યક્ષ છે. અને તેઓના તથા તેમના સોબતીઓના અમરનામના કરેલા કામ તિર્થરાજમાં અત્યંત આલ્હાદ પમાડે છે.

બ્રિટીશ રાજ્યની ન્યાય નિર્મલી શિતળ છાંયમાં દરેક દેશની ચારે દિશાએ વરાલયંત્રથી ચાલનાર રેલ્વેઓનું સુખસાધન થવાથી એક માસનો રસ્તો એક દિવસમાંજ કાપી શકાય છે. તેથી સંઘનો મોટો ભાગ ધાર્યા દિવસે રેલ્વેમાં આવીને તિર્થરાજને ભેટે છે. ગુજરાત કાઠીયાવાડાદિ દેશના ગામોના કેટલાક સંઘ પૂર્વવત્ આવે છે. ને ન્યાયોપાર્જિત લક્ષ્મિનો સાતક્ષેત્રે વ્યય કરી અધ્યવસાય પ્રમાણે ભાવોલ્લસિતવડે પુણ્ય ઉપાર્જન કરે છે. અને કર્મ રૂપી શત્રુને જીતવા તિર્થરાજ શેત્રુંજય મહાતિર્થની પુન: સેવા ઇચ્છે છે.

અપાર અફસોસની સાથે જાહેર કરવું પડે છે કે વર્ત્તમાન નીકળતા કેટલાક ગામના સંઘમાં પોતાનીજ વ્યક્તિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવું શ્રવણુ થાય છે કે ‘ અમે તો બહુજ હેરાન થયા; સવારમાં ચાપાણી કે ભાતાના તો ફાંફાં, શેઠીઆઓને સારા મકાન કે સારી સોઇવાળી જગ્યા મળે, અમે તો ટાઢના હડગડતા ઓઢવે પાથરવે દુ:ખી થયા. વિગેરે. ’ ટુંકામાં પોતાના સાથની સંભાળ જોઇએ તેવી લઈ શકાતી નથી. વળી જે ખાતાને વિશેષ પૂષ્ટી આપવી જોઇએ તેના બદલે લાગવગીઆની રાગદશાથી ભરતામાં ભરતી કરે છે. યા તો નહિં જેવી જરૂર તેને પોષે છે, તેથી દુ:ખી તે દુ:ખીજ રહેવા પામે છે. સંઘ માંહેની યાત્રાએ આવેલ દરેક વ્યક્તિ કદાચિત્ ધર્મક્રિયાદિ કાર્ય ભલે ન કરે, પણુ ધર્મને નહીં છાજતી એવી રમતો તો વિશેષ પ્રકારે ન જ કરે તેમ સંઘના આગેવાનોએ સુસિક્ષીતપણું વાપરવું યોગ્ય લેખાય. આજકાલ શુભ દિવસોમાં કે યાત્રાએ આવેલામાં ગંજિફાની ( પાનાની ) રમતે આડો આંક વાળ્યો છે. તો તેવા યાત્રુવર્ગને ઉતરવાની જગ્યાએ સુશિક્ષીત ધારા–કલમ વડે સૂચના આપવી. જેથી ઉભયનું કલ્યાણુ થાય છે.

તિર્થરાજની આજુબાજુથી ભાવનગર જેવાં શહેરમાંથી છહરી પાળી નીકળતો સંઘ શિયળ પાળતો ઉભય ટંકના પ્રતિક્રમણુ અને નાના પ્રકારના નિયમ ધારતો તિર્થપતિને ભેટી આત્મકલ્યાણુ સાધે છે.

સંઘ કે યાત્રુ દરેક યાત્રાર્થે આવતા તેમને રહેવાનું–વસવાનું ઠામ, તિર્થરાજની તળેટીમાં સુશોભિત અને રોનકદાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી વિશાળ ધર્મશાળાઓથી અલંકૃત થયેલ શહેર પાલીતાણા ગામ વિદ્યમાનકાળે આવેલું છે. સંઘના સંઘપતિ તિરથમાળ પહેરીને તિર્થના સંઘપતિઓની કોટીમાં ગણાય છે.

# પ્રકરણ ૩ જું.

## શ્રી સિદ્ધાચલજીનો ઉદ્ધાર તથા શેત્રુંજય તિર્થનાં મુખ્ય એકવીસ નામ પાડવાનું કારણ.

પવિત્ર શેત્રુંજા તીર્થે શ્રી રિષભદેવ ભગવાનના વારાથી તે આજસુધીમાં સોળ મોટા ઉદ્ધાર થયા અને પાંચમા આરાને છેડે સત્તરમો ઉદ્ધાર થશે તે કોણે કરાવ્યા અને કોણ કરાવશે તેનાં નામ નિચે મુજબ:—

૧ શ્રી ભરતચક્રવર્તીનો. શ્રી આદીનાથના ઉપદેશથી.
૨ શ્રી દંડવીર્ય રાજાએ કરાવ્યો. ભરતનાં આઠમા પટોધરથી.
૩ શ્રી ઈશાન ઈંદ્રે કરાવ્યો. મંધરજીનના ઉપદેશથી.
૪ ચોથા દેવલોકના સ્વામી શ્રી મહાઈંદ્રે કરાવ્યો.
૫ પાંચમા દેવલોકના સ્વામી શ્રી બ્રમેંદ્રે કરાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ ભુવનપતિના સ્વામી શ્રી પ્રમરંદરે કરાવ્યો.

૭ શ્રી સગર ચક્રવર્તીએ કરાવ્યો. રત્નના બીંબ ભંડાર્યા.

૮ શ્રી વ્યંતરના ઈંદરે કરાવ્યો.

૯ શ્રી ચંદજસા રાજાએ. શ્રી ચંદ્રપ્રભુના ઉપદેશથી કરાવ્યો.

૧૦ શ્રી ચક્રાયુધ રાજાએ. શ્રી શાંતીનાથના ઉપદેશથી કરાવ્યો.

૧૧ શ્રી રામચંદ્રજી ( દશરથના નંદને ) શ્રી મુનીસુવ્રતજીના વખતમાં કરાવ્યો.

૧૨ શ્રી પાંચ પાંડવે શ્રી નેમનાથના વખતમાં કરાવ્યો. તે પછી વીરપ્રભુજીએ ઈંદ્રના પુછવાથી આવતે કાળે થશે. તે પણ કહ્યા તેનાં નામ.

૧૩ શ્રી જાવડશાએ સંવત ૧૦૮ ની સાલમાં શ્રી વેરસ્વામીના ઉપદેશથી કરાવ્યો. તે ગુરૂ દશ પૂરવધારી હતા.

૧૪ શ્રીમાળી વંશના શ્રી બાહાડ મંત્રીએ સંવત ૧૨૧૩ માં કરાવ્યો. તે બાહાડદે પાટણમાં કુમારપાળ રાજાના પ્રધાન હતા. તે વખતમાં શ્રી દેવચંદસુરીના શિષ્ય કલીકાલ સર્વજ્ઞ નામ બીરૂદધારી ૩ાા કરોડ ગ્રંથ કરતા શ્રી હેમાચાર્ય સંવત ૧૧૪૫ ના કાર્તીક સુદી ૧૫ ને દિવસે જન્મ્યા તે વખતે તેમનું નામ ચંગદેવ પાડયું. ૧૧૫૪ માં દિક્ષા લીધી. તે વખતે તેમનું નામ સોમદેવ સ્થાપ્યું. ૧૧૬૨ માં સૂરિપદ આપી હેમાચાર્ય નામ પાડયું. તેમણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમારપાળને પ્રતિબોધી શ્રાવક કર્યો. વળી ઘણા સંસ્કૃતમાં ગ્રંથ રચી અનેક બ્રાહ્મણોને પ્રતિબોધ્યા.

૧૫ શા. સમરાસા ઓસવાળે સંવત ૧૩૭૧ માં કરાવ્યો.

૧૬ શા. કરમાસાએ સંવત ૧૫૮૭ માં કરાવ્યો તે ઉદ્ધાર હાલ વરતે છે.

હવે છેલ્લો ઉદ્ધાર શ્રી વિમલવાહન રાજા શ્રી ગુરૂ દુપસહસૂરિના ઉપદેશથી પાંચમા આરાને છેડે કરાવશે.

એવી રીતે આ અવસરપિણીમાં શ્રી ભરતરાજાથી તે કરમાસા સુધી ૧૬ મોટા ઉદ્ધાર થયા ને ૧૭ મો થશે, તેમાં નાના ઉદ્ધાર તો ઘણા થયા એવી રીતે ગઈ ચોવીસીઓમાં અનંતા ઉદ્ધાર થયા ને થશે.

જગતપ્રસિદ્ધ શેત્રુંજય તિર્થનાં મુખ્ય એકવીસ નામ શા સંબબથી પાડ્યાં તે નીચે મુજબ.

૧ શ્રી વિમળગીરિ—એ તીર્થનો અર્થ વાંદે, ફરસે પુજયે ગુણ સ્તુતિ કરવે જીવ કર્મમલ રહીત થાય તેથી એ તીર્થ વિમળાચલ. ૧

૨ શ્રી મુક્તિનીલય–ભરત ચક્રવર્તીને પાટે આઠ પાટ સુધી અરીસા ભુવનમાં કેવળજ્ઞાન પામી મુગતિ પામેલા માટે એ તીર્થનું નામ મુક્તિનીલય. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ શ્રી શેત્રુંજય–જીતારી રાજાએ તીર્થને સેવી છ માસ સુધી આંબેલ તપ કીધો, અને તેથી શત્રુ જીત્યા માટે શેત્રુંજય. ૩

૪ શ્રી સિદ્ધક્ષેત્ર એ તીર્થે કાંકરે કાંકરે અનંતા તીર્થંકરો વીગેરે સિદ્ધિ વર્યા, માટે સિદ્ધક્ષેત્ર. ૪

૫ શ્રી પુંડરિક ગીરી–પુંડરિક ગણધર ચૈત્ર શુદી પુનમેં પાંચ ક્રોડ મુનિ સાથે સિદ્ધ થયા માટે અથવા સર્વ તીર્થ કમલમાં પુંડરીક કમલ સમાન સર્વોત્તમ માટે પુંડરિક-ગીરિ. ૫

૬ શ્રી સિદ્ધશેખરો–અઢીદ્વીપના ઘણા પ્રાણી આ તીર્થ ઉપર સિદ્ધિ વર્યા માટે સિદ્ધશેખરો. ૬

૭ શ્રી સિદ્ધ પર્વત–સઘળા તીર્થો તથા સઘળા પર્વતોમાં સૌથી વધારે પ્રસિદ્ધ પર્વત માટે સિદ્ધ પર્વત. ૭

૮ શ્રી સિદ્ધરાજ ઘણા રાજા કેવળજ્ઞાન પામી સિદ્ધિ વર્યા માટે સિદ્ધરાજ. ૮

૯ શ્રી બાહુબળી બાહુબળનામા રીષીશ્વરે કાઉસગ્ગ કર્યો માટે બાહુબળી. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ શ્રી મરૂદેવ—શ્રી રીષભ માતા શ્રી મરૂદેવીની એ તીરથે ટુંક છે માટે મરૂદેવ. ૧૦

૧૧ શ્રી ભગીરથ—એ તીર્થનું રખોપું કરવા સગર ચક્રવર્તીએ ઈંદ્રને વચનેથી સમુદ્રની ખાઇ આણી તેથી ભગીરથ. ૧૧

૧૨ શ્રી સહસ્ર પત્ર—એ પર્વત પુંઠે સહસ્રકુટ છેટે એ નામની ટુંક છે, માટે સહસ્રપત્ર. ૧૨

૧૩ શ્રી શયવતુ—એ પર્વતની પુંઠે સેવંત્રાની ટુંક છે માટે શયવતુ. ૧૩

૧૪ શ્રી અષ્ટોત્તર સતકુટ—એ પર્વતની પુંઠે એકસો આઠ કુટના શીખર છે માટે અષ્ટોત્તરસતકુટ. ૧૪

૧૫ શ્રી નગાધીરાજ સર્વે પર્વતોમાં એ પર્વત રાજા સમાન છે માટે નગાધીરાજ. ૧૫

૧૬ શ્રી સહુસ્રકમળા એ પર્વતની પુંઠે કમળની પરે સહુસ્ર નામની ટુંક છે માટે સહુસ્રકમળ. ૧૬

૧૭ શ્રી ઢંકગીરિ—આ પર્વતમાં ઢંક નામે ટુંક છે માટે ઢંકગીરિ. ૧૭

૧૮ શ્રી કોડી નિવાસો—કવડ નામા જક્ષનું દેરાસર છે માટે કોડીનિવાસ. ૧૮

For Private And Personal Use Only

૧૯ શ્રી લોહીતગિરિ—આ તીર્થની પાસે લોહિતદ્વજ પર્વત છે, માટે લોહિતગીરિ. ૧૯

૨૦ શ્રી તાલધ્વજ—આ તીર્થની પાસે તાલધ્વજ નામે પર્વત છે માટે તાલધ્વજ.

૨૧ શ્રી કદંબગીરિ—ગઇ ચોવીસીમાં નિર્વાણી નામા તીર્થંકરના ગણુધર કદંબ નામે કોડ મુનિ સાથે આ તીર્થની ટુંકે સિધ્ધિ વર્યા, માટે કદંબગીરિ. ૨૧

# પ્રકરણ ૪ થું.

## પાલીતાણાની અંદર જૈન વસ્તી અને સ્થિતિ.

શ્રી શેત્રુંજયની શિતળ છાંયામાં પાલીતાણા શહેર હાલના બ્રિટીશ અમલમાં બીજા કલાસનું ગામ છે. તિર્થરાજ પાલીતાણાના મૂકુટ રૂપે છે. તેથી યાત્રાએ આવતા યાત્રુઓને નિવાસ-ઠામ પાલીતાણામાંજ થાય છે. કેમકે તેની અંદર વિશાળ આડ-

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીશ નાના મોટી ધર્મશાળાઓ અને ઉપાશ્રયાદિ વિગેરે ધાર્મિક સંસ્થાઓ આવેલી છે. ગામની મૂળ જૈન વસ્તી ચારસો ઘરથી ગણાય છે. પરંતુ છપ્પનિયો દુષ્કાળ પડતાં જુદા જુદા નજિકના ગામોમાંથી દોઢસો આશરે ઘર જુદી જુદી જ્ઞાતિના આજિવીકા અર્થે આવીને વસ્યા છે.

બહાર ગામથી અત્યાર સુધીમાં આવી વસેલાનો ભાગ પૈકી થોડોજ ભાગ ધંધો–રોજગાર કરે છે, ને તેથી મોટો ભાગ કનિષ્ટ નોકરી કરતો જણાય છે. અને હલકા પગારની નોકરીવાળા પૈકી કેટલોક ભાગ યાત્રુવર્ગમાં યાચના કરી ઉદરપોષણ કરે છે.

મૂળવસ્તીનો મોટો ભાગ નાના પ્રકારના વેપાર–રોજગાર કરે છે, ને થોડો ભાગ નોકરી કરે છે. કાપડના તમામ વેપારી જૈનોજ છે. ગાંધી–કરિયાણાના ત્રણ ચાર દુકાનદાર સિવાય સર્વે જૈનોજ છે. અનાજના બે ત્રણ સિવાય જૈનોજ છે. ઘી ગોળના સર્વે જૈનોજ છે. કપાસ, રૂ, અને શરાફના ધંધાદારીઓ સઘળા જૈનોજ છે. અને બે ત્રણ દુકાનો સિવાય મોદીખાનાનો ધંધો પણ જૈનોજ કરે છે. બાકી મણીઆરૂં, ફ્રૂટ, ને ગ્યાસલેટ આદિ ધંધો કરનારા પરચુરણ થોડી સંખ્યા છે. દહિં, દૂધ, શિખંડ, દૂધપાક અને આંબારસ વિગેરે વરદી પ્રમાણે કરી આપી વેચનારા ગામના અને બહારના મળીને પણ જૈનોજ છે. થોડો ભાગ દરબારી તથા આણંદજી કલ્યાણજીની અને વ્યાપારી વર્ગની નોકરી કરનારો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારસો ઘર આશરે વીશાશ્રીમાળીના, એકસો આશરે દશાશ્રીમાળીના, પંદર વીશ ઓસવાળના, અને પચાશ ઘર આશરે સોરઠીયા લોકોના મળી એકંદર સાડાપાંચસો કંઇક અધિક ઘરની એકંદર જૈન વસ્તી છે. દશ બાર વરસ અગાઉ સોરઠીઆના ચાર ઘર હતા. થોડા વરસ થયા હુમડ ( દિગમ્બરી ) નું એક ઘર ગોઘામાંથી દરબારી નોકરીનાં અર્થે આવ્યેથી વસવા પામ્યું છે. તેમજ એક કચ્છીનું ઘર વેપારાર્થે આવી વસ્યું છે.

દરેક જાતનો ધંધો કરનારા જો પ્રમાણિકપણે ધંધો કરે તો આ તિર્થમાં ઘણી બરક્ત થાય. પણ અફસોસ સાથે મૈત્રીભાવનાવડે નિરપક્ષપાતે મધ્યસ્થ દ્રષ્ટિથી સત્ય કહેવું પડે છે કે કાપડ, રૂ, શરાફી વિગેરે ઉત્તમ જાતિના, અને ઘી, ગોળ, અનાજ વિગેરે જથ્થાબંધી ધંધાના વેપારીઓ ઘણે દરજ્જે પ્રમાણિકતાથી વર્ત્તન કરતા હોવાથી તમામ વર્ગમાં શ્રેષ્ટ છે. અને મોદીખાનાં, દહિં, દૂધ આદિના વેપારીઓ ઘણે ભાગે મોટો ભાગ પ્રમાણિકપણું જાળવતા નથી, અને કનિષ્ટ ધંધાદારીઓ માટે કહેવુંજ શું. દૂધપાકાદિ અને દહિં વિગેરેના વેપારીઓનો દગો પાપી પેટના કારણે એટલો વધ્યો છે કે વ્રતધારીઓના વ્રતને દુષણ લાગે તો તેમાં નવાઈ નથી. ઉપરાંત શારીરિક સુખનો ભંગ થાય તે જુદો. ઘણા યાત્રિકો મોટી બૂમો તેવા વેપારી માટે મારતા રહ્યા છે. કંદોઈ લોકો ત્રણ ચાર બ્રાહ્મણ સિવાયના જૈનો છે. તેઓ પકવાન્નાદિ ચીજો પ્રમાણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારી બનાવે છે. રસોઇનો ધંધો કરનારા એકાદ મેશ્રી સિવાયના પણ રસોઈ સારી રીતે કરી શકે છે. ઘર રસોડાં માટે રસોઈ કરનાર સ્ત્રી વર્ગનો ભાગ જુદા જુદા દેશના લોકો ને રસોડે રસોઇ કરી જાણનાર ઠીક જોવાય છે. પણ તે મજુરી કામ કરનારીઓ ( દળણું પાણી વિગેરે ) નો જે ભાગ છે તેમાં પણ કળિયુગ પ્રવર્ત્યો છે.

ગામમાં કુસંપની ભાર્યા ઇર્ષાનું જોર વધ્યું છે. જમાનાની વર્ત્તમાન વ્યવહારિક ઉચ્ચ કેળવણીનો પૂર્ણ અભાવ છે. ફક્ત પોતીકા ધંધાને અંગે છાજતી એટલીજ કેળવણી માબાપો પોતાના બાળકોને અપાવી ધંધે વળગાડી દે છે. ધાર્મિક કેળવણીનો પ્રચાર બાલ્ય પ્રજામાં સારો થવા પામે છે. પરંતુ આચાર વિચાર ધર્મ ફરમાન મુજબ કોઈ કુટુંબમાં હોય એમ કહેવું અશકય છે. વૃત પચ્ચખ્ખાણ, દર્શન પૂજા, અને સામાયિક પડિક્કમણાદિ ક્રિયા અનુષ્ટાન સમયાનુસાર સારા જોવાય છે. વિનયનો સંપૂર્ણ અભાવ કહીએ તો ખોટું નથી. અને વિવેક જે કાંઇ માલુમ પડે છે, તે ખાસ પોતીકી પરપાસેના કામ પૂરતી રીતભાતને લઈ જળવાતો સ્વાર્થતાનો છે. આગત સ્વાગત શેહેરીઓ જેવી થવા લાગી છે. સંપનો દેખાવ ઓછો થવા લાગ્યો છે. પણ મહાજન વર્ગનો ( જૈન જ્ઞાતિઓનો ) સંપ બીજા ગામ કે દેશના કરતાં ચડીઆતો જોવાય છે. તે વર્ત્તમાન નગર શેઠ અને જોડીદારોના પુન્યબળનું કારણ છે. જ્ઞાતિ–સ્થાનિક સંઘમાં કેટલીક હાનીકારક રીતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શન દે છે. તે જો ખુદ આગેવાનો સત્ય રીતે વર્ત્તી પગ પર કૂહાડો લઈ યોગ્ય સુધારા માટે પગલા ભરે તો વસ્તી હજુ પૂર્ણ કહ્યાગરી છે. એટલે આગેવાનોનું પંચ જે કંઈ મંજુર કરે તે આખી કોમને કબૂલ રાખવું પડે છે. હજુ તેવો સમય વર્તાય છે. આગળ જ્ઞાની જાણે.

ખાવા માટેનો લાલચુ ભાગ જે છે તેને માટે કાંઇ યોગ્ય ઉદ્યોગ હુન્નરાદિ બતાવાય તેવા સાધનો થાય તો ખાત્રી છે કે સ્ત્રી અને બાળવર્ગ નીમકહલાલ ધંધે વળગે અને યોગ્ય કેળવણીએ પહોંચે પરંતુ પારાવાર દિલગિરી છે કે દર પ્રતિવર્ષ હજારો રૂપિયા યાત્રુઓ આવી ખાવા–પીવાંમે રોકાદાન દેવામાં વાપરી જઈ તિર્થકાંઠાના પોતાના સ્વધર્મીઓની સ્થિતિ બિગાડે છે' પણ છોકરાઓ માટે બાળાશ્રમાદિ બોર્ડીંગો ખોલીને કેળવણીનું સાધન શરૂ કર્યું છે. તેમ સ્ત્રી વર્ગ માટે ભરત ગુંથણ કે તેવાજ બીજા સ્ત્રીઓને લગતા ધંધા સાફ વૃત્તિથી ખોલવાની આવશ્યક્તા છે. પણ કોણ જાણે શું છે કે આવી વાતની બુદ્ધિ કોઈપણ વીર ધનાઢ્યને ઉદ્‌ભવતી નથી. કદાચિત્ ઉદ્‌ભવતી હશે તો કરી શકવાની ખામીઓના કારણ ખડા થતા હશે. પણ હિમ્મત પકડીને તિર્થકાંઠો શુદ્ધ કરવો ધારતા હો તેમણે આ ક્ષેત્રમાં મરણ પછવાડે કીધેલા ધર્માદા દ્રવ્યનો ખવરાવા પછવાડે વાપરવાને દેશી–પરદેશી કોઈપણ યાત્રુએ બુદ્ધિ કરવી નહિ. તેવું નિર્માલ્ય દ્રવ્ય અન્ય શુભ ખાતામાં વાપરવું. આવા–ખવરાવવામાં શુદ્ધ દ્રવ્યનો ઉપયોગ કરવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજકાલ આપણી કોમમાં સંબંધીના મરણ પાછળ કરેલો ધર્માદાનો મોટો ભાગ જુદા જુદા દેશના યાત્રુ આ તિર્થક્ષેત્રમાં આવી વધારે વાપરી જાય છે. ને તે ચતુર્વિધ સંઘના ( અત્રે આવાગમન કરનારા ) પેટમાં જાય છે. તે શાસ્ત્રોક્ત રીતિએ ગેરવ્યાજબી છે. આવા કેટલાક કારણોને લઈ આહાર તેવો ઓડકાર, અને ઓડકાર તેવી બુદ્ધિ—અહિંની વસ્તીમાં થવા પામી છે. માટે ઉત્તમ ગુરૂવર્યો અને શુદ્ધ ઉપદેશકો ઉપદેશ દ્વારા આ બાબતને ચર્ચીને કંઈ સુધારો કરે તો ઉભય કલ્યાણ છે.

પાલીતાણા માંહેના જૈનોમાં એકજ ઘર લક્ષદ્રવ્ય ધરાવે છે. દશ વીશ હજારી પચીસ ઘર આશરે છે. પચાસ ઘર ઇજત વ્યવહારેથી સુખી છે. થોડો ભાગ સાધારણ સ્થિતીનો છે. ને મોટો ભાગ લાત ખાઈ લાલ મોઢું રાખનારાનો છે ને કંઇક બાકીનો જે ભાગ રહ્યો તે તદ્દન નબળી સ્થિતીનો અંદરખાનેથી દુઃખી અવસ્થા ભોગવનારનો છે.

પાલીતાણામાં તપાગચ્છ સિવાય બીજા કોઈ ગચ્છની સમાચારી પાળનારા ગચ્છ મતભેદ નથી. તેથી કોઇ ધર્મ પંથ ઝઘડા મૂળ વસ્તીમાં નથી. હર્ષ થવાનું મોટું કારણ પાલીતાણા જૈન સંઘ માટે એ મળે છે કે તેમના પાસે દહેરાસરાદિ કોઇ પણ ધાર્મિક સંસ્થા નહીં હોવાથી તેવા દ્રવ્યથી પ્રથમથીજ અલગ રહ્યો છે, ને જે કંઇ પોતે દેવદ્રવ્યાદિ કાર્ય કરે તે સઘળું તિર્થરક્ષક આપણી શેઠ આણંદજી કલ્યાણજીની પેહેડીમાં

૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરાય છે. જેથી તેવા દ્રવ્યના સાધનના ભોગવટા કબજાના અભાવે સાધારણ સ્થિતીમાં લાંબા વખતથી એક સરખો ટકી રહ્યો છે. દર વરસે કાર્ત્તકી, ચૈત્રી, ફાગણુ અને અષાડી જેવા ચાર મેળામાં સૌ સૌના સંબંધના પ્રમાણમાં સૌને ઘેર મેમાનોની ભેટ લાંબા વખતથી થયા કરે છે. તે કારણસર સ્થાનિક સંઘ પોતાની સ્થિતિમાં એક સરખો ટકી રહ્યો કહેવાણો છે. કિંબહુના !

## પ્રકરણ ૫ મું.

### પાલીતાણામાં ધાર્મિક સંસ્થાઓ.

## शेठ आणंदजी कल्याणजीनी पहेडी.

આ સંસ્થાની કમિટી આખા હિન્દુસ્તાનના જુદા જુદા દેશના સંઘના આગેવાનો એટલે પ્રતિનિધીઓથી બનેલી છે. તેની મુખ્ય પહેડી ને હેડ ઑફીસ અમદાવાદ ઉર્ફે રાજનગરમાં છે. અહિંની આ પહેડી શાખા પહેડી છે. તેને અત્ર તરફના વતનિઓ 'કારખાનું' એ ઉપનામથી બોલે છે. એક બાહોશ મુનિમના હાથ નિચે આ સંસ્થા ચાલે છે. આણંદજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્યાણજીનો વહીવટ એટલે જૈન તિર્થ સંરક્ષણનો હક તથા કાર્યભાર મોગલ મહાન્ પાદશાહ અકબર અને જહાંગીરના સમયથી અમદાવાદ નગરશેઠ શાંતિદાસના હસ્તક મૂકવામાં આવ્યો હતો, તે અદ્યાપી પર્યંત મજકૂર નગરશેઠના તનુજોના આધિપત્ય નિચે રહેતો આવ્યો છે. શાંતિદાસ શેઠથી તે શેઠ પ્રેમાભાઈ સૂધી તિર્થની સંભાળ તેઓ પાસે સ્વતંત્રપણે રહી. ગુરૂ વચનાનુસાર અવસર જાણી શેઠ પ્રેમાભાઈએ શ્રી શેત્રુંજયાદિ તિર્થની સંભાળ માટે ઉત્તરાવસ્થામાં એક કમિટી નિમી. તેમાં કેટલાક દેશના લાખોપતી ગૃહસ્થોને પણ જોડ્યા હતા તથા અત્યારે તમામ દેશના અગ્રેસરો કુલ એકસોને નવની કમિટી છે, તેમાં પણ નગરશેઠ મજકૂરનાજ તનુજો પ્રેસીડેન્ટપણામાં રહે છે. તે વહીવટ કરનારા પ્રતિનીધીઓ પણ ખાસ અમદાવાદના અમીર કુટુમ્બના નબીરા છે. તેઓ તિર્થરાજની જાહોજલાલી યાવત્ચંદ્ર દિવાકરૌ સૂધી જળવાવવાને તન મનને ધનથી બનતું કરી રહ્યા છે. આ કારખાનામાં નાનાં પ્રકારના ધાર્મિક ખાતાથી આવકવાળો ભંડાર રહે છે. તેની જાળવણી તથા અભિવૃદ્ધિ કરવાને મુનિમના હાથ નિચે સંખ્યાબંધ મેહેતાઓ, સિપાઇઓ અને નોકરો છે. આ સંસ્થા વિવિધ પ્રકારે ચતુર્વિધ સંઘની અને તિર્થયાત્રાએ આવતા યાત્રિકોની ઉત્તમ પ્રકારની સગવડ સાચવવાને બનતું કરી રહી છે.

સાધુ–સાધ્વિ અને શુદ્ધ માર્ગે પ્રવર્ત્તનાર યતિવર્ગને પાતરાં, પ્યાલા, વાટકા, તરપણી વિગેરે ગોચરીને લગતાં ઉપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરણો મફત પૂરાં પાડે છે. જો કોઈ ગૃહસ્થ તેમના તરફથી ચીજો બદલ કંઈ રકમ આપે તો લેવાય છે. તેઓને અંબર, કસ્તૂરી ને કાયફૂટી આદિ તેલ દવાના સારૂ અપાય છે. રંગ, એલતેલ આદિ પાતરાં રંગવાનો સામાન પણ જોઇતો અપાય છે. વિહારમાં આવાગમન માટે મજુરને અમૂક મજલ સૂધીની મજુરી અપાય છે. તેમજ ચાતુર્માસ રહેતાં પાટ, પાટલા, કૂંડી, ઘડા, ઘડમાંચી વિગેરે લાકડા, માટીની ચીજો વાપરવાને આપે છે.

શ્રાવક–શ્રાવિકા અને ભોજકાદિ જે નિરાધાર થઇ આવે તેને યોગ્ય મદદ આપે છે.

પાંજરાપોળમાં નાનાં મોટાં સંખ્યાબંધ જીવોનું રક્ષણ કરે છે. શ્રી ભાવનગર દરબારે શેઠ આણંદજી કલ્યાણજીની પાંજરાપોળના રક્ષણાર્થે ઘણા ઘાસને આપતું **છાપરીઆલી** નામનું ડુંગરી ગામ બક્ષીશ ઘણાં વરસથી કરેલું છે. આ ગામ પાલીતાણાથી અગીઆર ગાઉ ઉપર આવેલું છે. શેત્રુંજાની પંચતિર્થીમાં જતાં આ ગામ રસ્તામાં આવે છે. શેહેરમાં પાંજરાપોળનું વિશાળ મકાન છે. પણ હાલ ત્યાં ફકત પંચોતેર જીવ ઉપરાંત રાખવામાં આવતાં નથી. વધારે થતાં ગાડાં ભરી સઘળાને છાપરીઆળી મોકલી આપે છે. ઉકત જીવોની સારવાર માટે એક વૈદ અને મહેતો તથા માણસો રાખ્યા છે.

ટુંકામાં—સાત ક્ષેત્રને પુષ્ટી કરે છે.

યાત્રાળુઓને પ્રભુભકિત માટે કેશર, બરાસ, સુખડ, અગર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બતી, દશાંગધુપ, બાદલુ, વરખ વિગેરે પૂજોપકરણિય સામાન શુદ્ધ અને ઉંચો મુદ્દલ ભાવે-પડતી કિમતે આપવાની સારી સગવડ રાખી છે.

મહેતા, પૂજારી, કાજાવાળા, સિપાઇ, ભૈયા, ને પટાવાળા વિગેરે ત્રણસો ઉપરાંત કાયમી નોકરિયાત ખાસ તિર્થવહીવટ માટે રાખે છે. તે ઉપરાંત પાણીની પરબવાળા સારી સંખ્યામાં રાખીને ડુંગર ચડતાં વિસામે વિસામે ગરમ-અને થંડા પાણીની જોગવાઇ યાત્રીકો માટે ઉત્તમ પ્રકારની છે.

તિર્થના કિલ્લાની અંદર નાનું મોટું રીપેર કામ હમેશાં ચાલુ હોય છે. તેથી લાકડાં, પથ્થર, ચૂનો, આરસ, વિગેરે ચીજો ડુંગર ઉપર ચડાવાને માટે સેંકડો મજુરોને કાયમ રોજી આપતા રહેતા હોવાથી આ કારખાનાને એટલે શેઠ આણંદજી કલ્યાણજીને '**નાનો દરબાર**' કહેવામાં અતિશયોક્તિ લેખાશે નહિં.

ખુશી થવા જેવું એ છે કે-યાત્રુ યાત્રા કરી તળેટી ઉપર આવતાં તેમને વિશ્રાંતિભોજન એટલે ઉત્તમ પ્રકારના જાતજાતના પકવાનોનું* ભાતુ અપાવાનું લાંબા વખતથી ચાલુ કર્યું છે. તથા વ્રતધારીઓ સારૂ આઠ માસ કાયમ ઉકાળેલું પાણી તૈ-

---

* શ્રી કલ્યાણવિમળ મહારાજના ઉપદેશથી આ ભાતું બાબુ સિતાબચંદજી નહારના દાદાએ પ્રથમ પહેલ કરી ખુલ્લું કર્યું છે. જે અદ્યાપી પર્યંત મોટા યશ:-પુણ્યને બાંધે તેવી રીતે પ્રશંસનિય રીતે શરૂ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર રહે છે. ને દર ચૌદશે તેમજ ચૈત્રી ઓળીમાં આયંબિલ તપની જોગવાઇ ઘણી સારી રીતે કરાવે છે. વિગેરે—

શેત્રુંજય તિર્થ ઉપર આશરે એકંદર અઢીસો માણસ છે. તેની દેખરેખ સંબંધીના કાર્ય માટે એક હુશિયાર ઇન્સ્પેક્ટરની નિમણુક કરાવી હોવાથી પૂજા-પખાલ અને જાબ્તા વિગેરેનું કામ રીતસર જોવાય છે.

સંસ્થાને કબજે સ્થાવર-જંગમ મિલ્કત સારી છે. અને કેટલીક ધર્મશાળાનો ભોગવટો-કબજો માલિકો તરફથી સુપ્રત થયેલો છે.

દરેક ધર્મશાળામાં ઉતરેલા યાત્રુની સંભાળ લેવા માટે એકથી વધારે મહેતાને રોકવામાં આવે છે.

તિર્થરાજ શ્રી શત્રુંજયાદિ બીજા તિર્થોમાં જ્યાં આણંદજી કલ્યાણજીનો વહીવટ છે. તેની જે કમિટી છે તે બધાનું આધિપત્ય-પ્રેસીડેન્ટપણું અમદાવાદના નગરશેઠ કે જેમને લાંબા વરસોથી અદ્યાપી પર્યંત બ્રિટીશ સરકાર પણ સારી રકમનું સાલિયાણું આપે છે. તેવા વર્ત્તમાન નગરશેઠ શેઠ કસ્તુરભાઈ મણીભાઈ પ્રેમાભાઈનું છે. અને સાથે જોઇંટ શેઠ મણીભાઇ દલપતભાઇ ભગુભાઇ છે. ઈત્યલમ્ વિસ્તરેણ.

## ગૌશાળા.

આ સંસ્થા શેઠ નરશી કેશવજીના મુનિમ રા. વલ્લભજી વસ્તાએ ઉભી કરીને પોતાના મિત્રો વડે કાર્ય ચલાવી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમિટી છે, પણ સત્તા રા. વલ્લભજીની ઉત્તમ દેખરેખવાળી છે, અપંગ, અનાથ અને કસાઇઓના હાથથી છોડાવીને ગાયો રાખવાને મકાન ભવ્ય બાંધ્યું છે. જગ્યા મરહૂમ ઠાકોર સાહેબ સર માનસિંહજી બહાદુરે ઉત્તમ લાભ જાણીને મી. વલ્લભજીની અરજીથી આપી છે. મકાનની ડેલીએ રસ્તાપર એક હવાડો બાંધ્યો છે. તેમાં આઠ માસ સુધી પાણી ભરાવીને સઘળા ઢોરોને પીવાને માટે સાધન કર્યું છે. આ કામ મહાન પુણ્યોપાર્જનવાળું બન્યું છે.

## सदाव्रतो.

અખમ, અપંગ, અશક્ત ને નિરાધાર વાણિયા ને ભોજકાદિ પાલીતાણામાં આવી રહેતાં તેમને એક ટંક રોટલા, દાળ, અને એક ટંક ખીચડી એમ અકેક દિવસ ખવરાવવાના સદાવ્રતો બે દાયકા ઉપર એકવીશની સંખ્યા ધરાવતા હતા. હાલ તેવા સદાવ્રતોના ફક્ત છ સાત વારા રહ્યા છે. શેઠ પટવાવાળા રતલામવાળા, ને હાલાકંડીવાળાના એમ બે વારા ગોરજીના ડેલામાં ગોરજીના માર્ફત ચાલે છે. દુધેડીયા બાબુ, નહારબાબુ, ને નવલખા બાબુવાળાના એમ ત્રણ વારા ભીખા સ્વરૂપચંદ હસ્તક ચાલે છે. ને બાબુ કોઠારીવાળાનો બારોટ ભવાન નારણ માર્ફતે એક વારો ચાલે છે.

## रसोडां.

ખાસ સાધુ–સાધ્વિની ભક્તિના કારણે થોડા વરસ ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસોડાંની સંખ્યા સારી હતી. હાલ તો શેઠ મગનભાઇ કરમચંદવાળાનું નરશી નાથામાં અને દેવશી પુનશીમાં તથા અવારનવાર મોતી સુખીઆમાં રાજમલજી મારવાડી માર્ફતે એમ ચાલતા દેખાય છે. પનાલાલમાં ઉના પાણીની જોગવાઇ રહે છે.

## वर्द्धमान तप.

આ તિર્થસ્થળમાં કાયમ આચામ્લ ( આયંબિલ ) શરૂ રહે તેવા હેતુથી આ સંસ્થા પોષ્ટ ઓફીસ પાસે ધૂળિયાવંડામાં ખોલવામાં આવી છે. દેખરેખ શેઠ મોતીશાના મુનિમોની હાલ છે.

## धार्मिक केळवणी.

**રાયબાબૂ બુદ્ધિસિંહજી જૈન પાઠશાળા-પાલીતાણા**—શહેરના તથા બહાર ગામના યાત્રાળુઓના છોકરાઓને રાત્રીએ તથા કન્યાઓ સાથે સ્ત્રી વર્ગને દીવસના બપોર વખતે અને સામાયિક લઇને પુરૂષ વર્ગ ભણે તે પ્રભાતે તેમજ સાધુ સાધ્વીને તેઓના મકાને જઇને ચાહે તેવા ટાઇમે સંસ્કૃત વ્યાકરણાદિ ગ્રંથો, માગધી પ્રકરણાદિ સાર્થ, વિધી સહીત અભ્યાસની જોઇતી સગવડતાથી લાયક જૈન માસ્તરો વર્ષ ચાલીશ ઉપરાંતથી શાળાનું કામ અદ્દભૂત ચલાવે છે, તેની દેખરેખ મોટી ટોળી ( મેડીવાળા ) પૈકી સ્થાનિક કમીટીના પ્રમુખ શેઠ આ+ક પેઢીના મુનીમની છતાં ખર્ચની જોગવાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનગરી અમરચંદ જસરાજ તથા કુંવરજી આણંદજી મારફત છે.

**રાયબાબૂ ધનપતિસિંહજી પાઠશાળા**–આ શાળામાં પણ ગામના છોકરાઓ લાભ લે છે. તેની દેખરેખ **નાની** ટોળીવાળાની છે. લગભગ ત્રીશ વરસથી ચાલે છે. માસ્તર પ્રતિક્રમણ ને પ્રકરણ ભણાવે છે.

**જૈન સૂક્ષ્મ તત્વબોધ પ્રકરણાદિ પાઠશાળા**—આ શાળા થોડાજ વખતથી મેસાણાવાળા શેઠ વેણીચંદ સૂરચંદના પ્રયાસથી ચાલે છે. તેમાં કર્મગ્રંથાદિનું સારૂં શિક્ષણ વયોવૃદ્ધ અને આંખે અખમ માસ્તર હંશરાજભાઇ જામનગરવાળા આપે છે. દરેક સાધુ–સાધ્વિ અને શ્રાવક–શ્રાવિકા યાત્રુ વ્યકિતને સુગમ પડવા શેઠ રતનચંદ પાટણવાળાની ધર્મશાળામાં રાખેલ છે.

**બાળાશ્રમ**—આ બોર્ડીંગ સંસ્થા છપનિયા દુષ્કાળમાં જૈન ગરિબ બાળકો ભિક્ષાવૃતિ તરફ દોરાતા જણાયાથી ઉત્પન્ન થઇ છે. દેશ–પરદેશના ખાસ ગરિબ બાળકોને ઉભય કેળવણીના હિતાર્થે ખુલ્લી છે. ખાવા–પીવા લૂગડાં–પુસ્તકાદિનાં સર્વ સાધન ટીપો કરીને પૂરાં પાડે છે. ફંડ છે. માસ્તરો છે. વિગેરે એક કમિટીના હાથમાં બાહોશ મેનેજરની દેખરેખ તળે ચાલે છે. મકાન ભાડુતી છે.

**યશોવિજય જૈન પાઠશાળા**—આ સંસ્થા બાળા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રમ જેવાજ કારણે ત્રણ ચાર વરસથી નીકળી છે. તે ઉપર પ્રમાણેજ ભણનાર છોકરાને સાધન પૂરા પાડે છે. આ સંસ્થામાં ફક્ત સંસ્કૃત-માગધી ભાષાનું જ્ઞાન અપાય છે. ને થોડું ઇંગ્રેજી શીખવાય છે. હાલ કમિટીની નિમણુંક થઈ છે. દેખરેખ હાલ તો મુનિ ચારિત્રવિજયજીની છે. મકાન જમીન પટે લઈ સંસ્થાએ ફંડમાંથી બંધાવ્યું છે.

**વીરબાઇ પાઠશાળા**—આ સંસ્થા શેઠ કેશવજી નાયકના સુપત્નિ વીરબાઇએ ભવ્ય મકાન બાંધી આપીને શ્રી ચતુર્વિધ સંઘની દરેક વ્યકિતને ન્યાય, વ્યાકરણ, કાવ્ય ને કોષાદિ સંસ્કૃત જ્ઞાન પ્રાપ્તિ માટે ખુલ્લી છે. ભણાવનાર કાશીના પંડિત રહે છે. દેખરેખ મુનિમની છે. ટ્રસ્ટીઓની મુખત્યારી છે.

## पुस्तकभंडार अने लायब्रेरीओ.

**શેઠ તલકચંદ માણેકચંદ લાયબ્રેરી**—આ સંસ્થા સિદ્ધગિરીમાંની નીજ કોમને અને યાત્રુને વાંચવા માટે શેઠ મજકૂરે શહેરના મધ્ય ભાગમાં ખોલી હતી. પણ યથાર્થ લાભ મળતો ન હોવાથી હાલમાં શેત્રુંજા દરવાજા બહારના ભાગમાં રાખી હોવાથી લાભ સારો લેઈ શકાય છે. ઇંગ્રેજ ગુજરાતી પેપરો ચોપાનિયાં અને પુસ્તકો વાંચવાને સારૂ સાધન છે. સત્તા માલિકી શેઠ મજકૂરના પુત્રોની ઉત્તમ વિચારવાળી છે. દેખરેખ એક શહેરી મિત્રની છે. લાઇબ્રેરીયન ટાઈમસર હાજરી આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વીરબાઈ લાયબ્રેરી**—શેઠ કેશવજી નાયકના સુપત્નિ વીરબાઈએ પોતાના મકાનમાં ખોલેલી છે. પ્રથમ ઘણા પેપરો ચોપાનિયા આવતા ત્યારે સારો લાભ વાંચકો મેળવતા હતા. હાલ તેવું કંઈ નથી. ફક્ત ત્રણ ચાર જાતના અઠવાડીક પેપરો અને ત્રણ ચાર ચોપાનિયાં આવે છે. તેથી સંખ્યા વાંચકોની નથી. પુસ્તક પોથીનો સંગ્રહ કબાટોમાં સારો છે. વાંચવા જોઈએ તેમને શરત મુજબ મળે છે. દેખરેખ મુનિમની છે.

**પનાલાલ લાયબ્રેરી**—આ સંસ્થા પોતાની ધર્મશાળામાં ખુલ્લી છે. પુસ્તકોનો જથ્થો સાધારણ છે. વાંચવા મળી શકે છે. દેખરેખ મુનિમની છે.

**મોહનલાલજી લાયબ્રેરી**—આ સંસ્થા ઉજમબાઈની મેડીમાં છે. ફક્ત પુસ્તકોનો નાનો જથ્થો છે. વાંચવા મળે છે દેખરેખ નાની ટોળીવાળા માસ્તરની છે.

**અંબાલાલ જ્ઞાન ભંડાર**—શેઠ આણંદજી કલ્યાણજીના તાબામાં પોતાની પેહેડીમાં છે. તે ઉપર મુનિમની દેખદેખ છે. પુસ્તક પ્રતો કાઢવા તપાસવા કે સાધુ સાધ્વિને ફક્ત અમુક વખત ભણવા-અવલોકવા દેવા એક નોકર રાખેલ છે.

**બાબૂ ધનપતસિંહ જ્ઞાન ભંડાર**—આ સંસ્થા તળેટી ઉપર પોતાના દહેરામાં મુનિમની દેખરેખના કબજે છે. સાધુ-સાધ્વિને ઉપયોગ અર્થે સ્થાપી છે. ખપી જીવને પુસ્તક ગ્રંથ ભેટ અપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રેયસ્કર મંડલ**—આ સંસ્થા મેસાણાવાળા શેઠ વેણીચંદ સૂરચંદ હસ્તકના ખાતામાંથી ઉભી થઈ છે. દેખરેખ ફંડજો ભોગવટો પોતાનો છે, એક મહેતો રાખી તથા નોકર રાખી સંસ્થા ચલાવે છે. શેત્રુંજા ઉપર નાના મોટાં સઘળા બિંબોને હમેશાં પુષ્પ ચડાવવાનું, તેમજ ધુપ ફેરવવાનું તથા મેસાણા તરફથી છપાતા ભેટના પુસ્તકો ખપી જીવોને ભેટ આપવાનું તથા ચતુર્વિધ સંઘમાં દરેક ધર્મશાળે ફરી એક વૈદ્ય રાખી દવા આપવાનું તથા દાદા આદિશ્વર ભગવાનને જે દિવસે કોઈ તરફથી આંગી રચાવાની ન હોય તે દિવસે આ સંસ્થા તરફથી રચાય છે. વિગેરે.

**શ્રી શેત્રુંજય જૈન સુધારક મિત્રમંડળ**—આ સંસ્થા પાંચ છ વરસથી ઉભી થઇ છે. સ્થાપક કોરડીયા ગુલાબચંદ શામજી છે. દાદાની વરસગાંઠ વૈશાક વદ ૬ ના દિવસે આખા હિન્દના જૈન સંઘોમાં એક તહેવાર પ્રમાણે પળાવવા બનતું કરેલું છે. તેવી રીતે પોતપોતાના ગામના મુખ્ય દહેરાંના મૂલનાયકજીનો જન્મ અને મોક્ષ દિવસ દરેકે પોતાના ગામમાં પાળવા બાબત બનતું કરે છે. તેમજ શહેરમાં થતી પ્રભાવના સ્ત્રી–પુરૂષોને જુદે જુદે દરવાજેથી વહેંચાવા અને નવકારશી પારણા જમણમાં સ્ત્રી–પુરૂષોની બેઠક ઈલાયદી રાખવા, વિગેરે બાબતોનો આચાર વિશુદ્ધિવાળો પ્રસરાવવા પ્રયત્ન કરનાર આ સંસ્થા છે. કાર્યક્રમ યોજક અને કાર્ય પ્રસરાવનાર સ્થાપક મી. કોરડીયા તથા મિત્રો તારાચંદ ત્રિભોવન મહેતા વિગેરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મોટી ટોળી**—આ સંસ્થા સંવેગી સાધુ જે મુહપત્તિ મુખે નહિં બાંધતાં હાથમાં રાખીને શુદ્ધ ઉપદેશ આપે છે તે મુનિરાજોના આશ્રય નીચે ચાર દાયકા પહેલાંથી ઉભી થઈ છે. રાસાદિક વાંચવાનું તથા વગર ફીએ યાત્રિકોની રાગ–રાગિણી વાળી લટકાળી દેશીઓમાં ઝાંઝ–પખાજમાં પૂજા ભણાવવાનું કામ કરે છે. આ ટોળીમાં ગામનો મોટો ભાગ સમાવેશ કરે છે. અંતર્ગત એક આશ્રય ટોળી નાની ઉભી થઈ છે. તે સર્વે રાત્રીજગા (તપસ્યાવાળાઓ કરે છે તેમાં) તથા અષ્ટાયિકા મહોત્સવોમાં ગાવા–બજાવવાનું કામ વગર લાલચે ફક્ત શાસન શોભાને કારણે કરતી રહે છે. આ ટોળીવાળા મેડીવાળાથી ઓળખાય છે. સ્થળ મોતીકડીઆની ધર્મશાળામાં છે.

**નાની ટોળી**—આ સંસ્થા મોટી ટોળીની સંસ્થા સ્થાપન થયા પછી થોડા વરસે ઉભી થઈ છે. તે સંવિજ્ઞપક્ષિ મુખે મુહપત્તિ બાંધનાર (વ્યાખ્યાને) મુનિરાજોના આશ્રયની છે. તે પણ મોટી ટોળીવાળાની પેઠેજ શાસનશોભા વૃદ્ધિના કામ વગર લાલચે કરે છે. આ ટોળીવાળા ઉપાશ્રયવાળા કહેવાય છે. મકાન ઉજમબાઇની ધર્મશાળામાં છે.

**ગાયન મંડળી**—હારમોનિયમ અને નૃત્યાદિથી પ્રભુભક્તિનો શોખ વધવાથી આ સંસ્થા ઉભી થઈ છે. તે પૂજા ભણાવવાનું તથા ભાવનાનું કામ ફી લઇને કરે છે. એક બ્રાહ્મણ ત્રીભોવનદાસના ઉસ્તાદપણા નીચે અને એક બારોટ ઉસ્તાદના હાથ નીચે એમ બે મંડળી હાલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકરણ ૬ હું.

## પાલીતાણા શહેરમાં દેહેરાં આદિક વંદનિક જગ્યાઓ.

યાને

## શહેર યાત્રા.

તિર્થરાજ સ્થળ શેહેર પાલીતાણામાં વિદ્યમાનકાળે નવ દેહેરાં હસ્તિ ધરાવે છે. તેમાં ત્રણ ગામમાં અને છ બહાર ધર્મશાળામાં આવેલાં છે. તદુપરાંત જુની તળેટી અને ચરણ પાદુકાની દેહરીઓ જુદા જુદા લત્તાપર આવેલી છે. ને ત્રણ ઉપાશ્રયો પણ છે. શહેર યાત્રા કરનારાઓને આ પ્રકરણ ઘણું ઉપયોગી થઈ પડે તેમ છે.

### (૧) મોટું દેહરૂં.

આ દેહરામાં મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાન્ હોવાથી તેમને નામે પણ ઓળખાય છે. સંવત ૧૮૧૭ માં દિવબંદર નિવાસી શેઠ રૂપચંદ ભીમશીએ આ દેહેરૂં બંધાવીને મહાશુદ ૨ ના દિવસે પ્રભુ તખ્ત પધરાવવામાં આવ્યા છે. આ દેહેરાંની દેખરેખ અને કબજો શેઠ આણંદજી કલ્યાણજીનો છે. દેહેરામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકંદર પ્રતિમાજી ૧૪૨ અને પાદુકા જોડી ૨ છે. દહેરાંને ફરતો કોટ છે. અંદર ભમતિના એક ખૂણે બારી છે. તેની અંદર પૂજા ભણાવવાનો આરસમય નાજુક સુંદર ચોક છે. તે પર આરસનું નકશીદાર પ્રભુ પધરાવવા સિંહાસન ગોઠવ્યું છે. આ દેહેરૂં શેઠ આણુંદજી કલ્યાણજીના કારખાના પાસે આવેલું છે. દહેરાના દરવાજાની ભીંતે બે બાજુ બે મોટા હાથી ચિત્રેલા છે.

## (૨) નાનું દહેરૂં. યાને ગોડીજીનું દહેરૂં.

આ દહેરૂં સંવત ૧૮૫૦ માં સુરતનિવાસી ભણશાળી હીરાચંદ ધર્મચંદના સુંપત્નિ હેમકુંવર શેઠાણીએ પોતાને રહેવાના મકાનમાં ઘરદેહેરાસર તરીકે બંધાવ્યું હતું, પણ પાછળથી તેમણે શ્રી સંઘને સુપ્રત કરી દીધું હોવાથી નિચેના ભાગમાં યાત્રુ ઉતરતા હતા. હાલ ધર્મશાળાઓ વધતી જતી હોવાથી આખું મકાન દેહેરાના કામકાજમાં વાપરવામાં આવે છે. દેખરેખ અને કબજો શેઠ આણુંદજી કલ્યાણજીનો છે. આ દેહેરૂં વિશાળ કરવાને તેમજ અંદર એક ભાગમાં ધર્મશાળા બંધાવવાને કારણે પ્રભુજીને **સાતઓરડાવાળી** તેમની સામેની ધર્મશાળાના અંદરના ગાળામાં **અંચલગચ્છના ઉપાશ્રય** વાળા મકાનનાં ફેરવવામાં આવ્યા છે. જ્યાં સૂધી દહેરૂં સંપૂર્ણ નહિં થાય, ત્યાં સૂધી પ્રભુજી અહીં સાત ઓરડા માંહેની જગ્યામાં બિરાજશે. આ દહેરામાં મોટી ટોલીના નાની ટોલીના અને ગામના કેટલાક ગૃહસ્થોના પ્રભુજી પરોણાં રૂપે રહેલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે તથા ૐ હ્રીં કારાદિના મળી એકંદર પ્રતિમા ૧૨૩ છે, ને પગલાં જોડ ૨ છે. ઠેકાણું કંદોઈ બજારને છેડે, મામાની છીપર પાસે આવેલ છે.

## (૩) શાંતિનાથનું યાને ગોરજીના ડેલાનું દહેરૂં.

ખરત્તરગચ્છના યતિવર્ય શ્રી કરમચંદજી હીરાચંદજીએ પોતાના કબજાવાળા વિશાળ ડેલાની અંદરની મેડીના એક નાના ભાગમાં સં. ૧૯૫૦ માં રાયબાબુ ધનપતસિંહજીના અંજન સલાકા સમયે પ્રતિષ્ઠા કરાવી છે. તેમાં પ્રતિમાજીયો ને પગલાંની જોડો છે. દેખરેખ હાલમાં ડેલાવાળા યતિવર્ય લક્ષ્મિચંદ્રજીની છે. ઠે. કાપડ બજારને છેડે દરબારગઢના દરવાજાની જોડેજ છે.

ઉપર મુજબ ત્રણ દેહેરાં ગામમાં જાણવા. હવે નિચે મુજબ છ દહેરાં ધર્મશાળાઓમાં આવેલાં છે.

## (૪) ચૌમુખનું યાને નરશી કેશવજીનું દહેરૂં.

સંવત ૧૯૨૧ માં પોતાના એટલે કચ્છી શેઠ કેશવજી નાયકના અંજનશલાકા સમયે પોતાની ધર્મશાળામાં આ દહેરાની પ્રતિષ્ટા કરાવવામાં આવી છે. ને ચૌમુખજી સ્થાપ્યા છે. દેખરેખ શેઠશ્રીના પૌત્ર જેઠુભાઈ નરશીની છે. તેમના તરફથી મુનિમ સંભાળ રાખવા માટે રાખવામાં આવે છે. હાલ ત્રીશ વરસ આશરેથી મી. વલ્લભજી વસ્તા મુનિમગીરી ઉપર છે. તેમના પ્રયાસથી દહેરાનું કામ સુશોભિત થવા ઉપરાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ખૂણાપર બુરાનપરવાળાના ખર્ચે ભીંતને ઓથારે **સમેત શિખર** તિર્થની રચના પાકા પથ્થર વડે બાંધીને દર્શન લાભમાં વધારો થયો છે. પૂજા કરનારા માટે ન્હાવાને પાણીનો કુવો છે. ઠે—શેત્રુંજા દરવાજા બહાર તેમની ધર્મશાળામાં છે.

## (૫) ચંદ્રપ્રભુનું યાને નરશી નાથાનું દહેરૂં.

કચ્છી શેઠ નરશી નાથાએ ધર્મશાળા બંધાવીને કુવાના પાસેના ભાગમાં દહેરૂં ઉતરાવી સં. ૧૯૨૮ માં પ્રતિષ્ટા કરાવી હતી. તેમાં ધર્મશાળાનો સુધારો થતાં દહેરૂં ત્યાંથી ફેરવીને મોટા દરવાજા પાસેના ભાગની મેડી ઉપર લાવવામાં આવ્યું છે. તેની નિચે એક ઓરડીમાં પરોણા બિંબો પ્રભુશ્રીના પધરાવ્યા છે. મળી એકંદર ૪૭ પ્રતિમા છે. દેખરેખ ઉક્ત શેઠના જમાઈ સર વસનજી ત્રીકમજીની છે. તેમના તરફથી મુનિમ રાખીને સંભાળ લેવાય છે. ઠેઃ—મોટા વંડાના જોડે, સડકના કાંઠા ઉપર પણ બારી આવજા માટે રાખી છે.

## (૬) મહાવીરજીનું યાને પાઠશાળાનું દહેરૂં.

શેઠ કેશવજી નાયકના સુપત્નિ વીરબાઇએ ચતુર્વિધ સંઘના પઠન પાઠનાર્થે સં. ૧૯૫૪ એક ભવ્ય મકાન બંધાવી તેના અંદર એક ઓરડામાં પ્રતિષ્ટા કરાવી છે. દેખરેખ કમિટીની છે. સંભાળ માટે મુનિમ રહે છે. એકંદર પ્રતિમાજી ૩ છે. ધાતુના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોવીસી, પંચતિર્થી અને સિદ્ધચક્રજી તથા અષ્ટ મંગલિક પણ એકેક છે. પૂજા કરનારા માટે પાણીનો કુવો છે.

## (૭) આદીશ્વરનું યાને મોતીસુખીયાનું દહેરૂં.

આ દહેરૂં સં. ૧૯૪૮ માં ચતુર્વિધ સંઘને ઉતરવાને એક ધર્મશાળા બંધાવી તેની અંદર શિખરબંધ દહેરૂં કરીને પ્રતિષ્ઠા કરી છે. કુલ પ્રતિમા ૧૪ છે. પાણીનો કુવો છે. દેખરેખ ધણી મજકુરના પત્નિ મોતીકુંવરની છે. સંભાળ માટે મુનિમ રહે છે.

## (૮) પાર્શ્વનાથનું યાને જસકુંવરનું દહેરૂં.

સુરત નિવાસી જસકુંવરે સં. ૧૯૪૯ માં ધર્મશાળા બંધાવીને જુદા કમ્પાઉન્ડમાં શિખરબંધ દહેરૂં કરાવી પ્રતિષ્ઠા કરી છે. અંદર પાણીનો કુવો છે. કુલ પ્રતિમાજી ૧૩ છે. દેખરેખ કબજો શેઠ આણંદજી કલ્યાણજીનો છે.

## (૯) સાચાદેવનું યાને માધવલાલ બાબૂનું દહેરૂં.

કલકત્તાનિવાસી માધવલાલ દુગ્ગડ બાબૂએ સં. ૧૯૫૮ માં એક ધર્મશાળા બાંધી તેમાં શિખરબંધ દહેરૂં કરી પ્રતિષ્ઠા કરાવી છે. કુલ–પ્રતિમાજી ૩૧ છે. પાણીનો કુવો તથા બગીચો આવેલા છે. દેખરેખ બાબૂ મજકુરની છે. સંભાળ માટે મુનિમ રહે છે. ઉપરના બંને દહેરાં તળેટીરોડ પર ધર્મશાળાઓ પાસે આવેલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાદુકા દેહેરીઓ.

**દહેરી નં. ૧**—ઋષભદેવના ચરણની વિગેરે પગલાં જોડી ત્રણ છે. ઠે—તળાવમાં (કચ્છી રણસીંહ દેવરાજની ધર્મશાળા પાસે ગલીમાં) આ દેહેરી આવેલી છે. દેહેરીને ફરતો કોટ કરેલો છે. આ તળાવ વસ્તુપાળ તેજપાળ મંત્રીશ્વરોએ પોતાની ભાર્યા લલિતાદેવીના નામે "લલિતાંગ" નામથી સાડાબાર લાખ રૂપિયા ખરચી બંધાવ્યું હતું. સાઠ સીતેર વરસ ઉપર તળાવ અસલ મુજબ બાંધેલું નજરે પડતું હતું. હાલ તેમાં માળી લોકોએ ફૂલના વાડા અને કુંભારોએ ઘર કર્યાં છે.—

**દાદાસાહેબની દેહેરી નં. ૧**—દાદાસાહેબના* પગલાંની સુંદર ઓરડામાં દહેરી હોવાથી ધ્યાન ધરાય તેમ એકાંત સ્થળની ગણાય તેમાં પગલાં જોડી ૭ છે. ઠે.—ગોઘાવાળાની ધર્મશાળા પાસે ગલીમાં ગોરજીની વાડીમાં આવેલ છે.

**જુની તળેટીની દહેરી**—શ્રી શેત્રુંજા તિર્થની વર્ત્તમાન તળેટીના અગાઉ આ સ્થળ તળેટીનું હતું. એક ચોતરા પર દહેરી નં. ૨ માં પગલાં જોડી ત્રણ આવેલાં છે. આ દહેરીના ચોતરા ઉપર જુનું રાયણનું વૃક્ષ છે. પર્યુષણમાં ચૈત્ય પરીપાટી કરતાં શેહેરનો જૈન સંઘ વાજતે ગાજતે અહિં દર્શન

* ખરત્તર ગચ્છના જિનદત્તસૂરિજીના પગલાંને દાદાસાહેબના પગલા કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શ્રી સિદ્ધાચળની સ્તુતિ–ચૈત્યવંદન કરે છે. ઠે.—બાવાના અખાડા પાસે અને સરકારી સ્કૂલના પછવાડે આવેલ છે. **જુની તળેટીની આટલી નિશાની રાખવા ચોતરાને ફરતી જાળી કરાવી લઈ રીપેરીંગ કામ સાથે સુશોભીત કરવાની ખાસ જરૂરીઆત ગણાય. તેથી શ્રી સંઘની પહેડીના આગેવાન વહીવટદાર પ્રતિનીધીઓને** નમ્ર સૂચના–વિનંતી છે.

**ગોડીજીનાં પગલાંની દહેરી નં. ૧**—ધાંધરકા નદીના ઘાટ ઉપર સ્મશાનથી થોડે દૂર આવેલી છે. ઓળી પર્વમાં ઓળી કરનારાઓ દશમને દિને અહીં દર્શન કરવા આવી ધ્વજા ચડાવે છે.

## શ્રી ઉપાશ્રય.

શહેરમાં ત્રણ ઉપાશ્રય છે. ( ૧ ) તપગચ્છનો, ( ૨ ) ખરત્તરગચ્છનો, ( ૩ ) અંચળગચ્છનો.

તપગચ્છના ઉપાશ્રયને મોટા અપાશ્રયના નામે બોલી ઓળખવામાં આવે છે. તે પાલીતાણાના સંઘે ચતુર્વિધ સંઘને ધર્મક્રિયા કરવા માટે બંધાવેલ છે. અહીં ઘણા વખતથી યતિ-વર્ગ ( ગોરજી ) ઉતરે છે. તેની જોડમાં તપગચ્છના શ્રીપૂજ્યજી વિજયરાજસૂરિશ્વરે પોતાના પરિવારના યતિઓને રહેવા માટે મેડીબંધ ઉપાશ્રય બંધાવ્યો છે. દેખરેખ સ્થાનિક સંઘની છે. આ ઉપાશ્રય માંહેના બે મોટા ઓરડામાં સ્થાનિક સંઘના નાનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટાં ત્રાંબા પીતળનાં વાસણ રહે છે. તે મોટાં દહેરાં અને આણંદજી કલ્યાણજીના કારખાના વચ્ચે આવેલ છે.

ખરત્તરગચ્છનો ઉપાશ્રય ગોરજીના ડેલામાં આવેલો છે. તે ખરત્તરગચ્છના યતિવર્ય હીરાજી દેવાજી મહારાજે પોતાના તાબાના મકાનમાં એક ભાગમાં સ્થાપ્યો છે. દેખરેખ તેમના પ્રશિષ્યોની છે.

અંચળગચ્છનો ઉપાશ્રય–તેમાં કોઇ ઉતરતું નથી. પણ દેખરેખ અંચળગચ્છના પૂર્વે લેખાતા શ્રાવકોની છે. હાલ ત્યાં ગોડીજી મહારાજનું દહેરૂં પધરાવવામાં આવેલ છે.

ઉપર મુજબ ત્રણે અપાશ્રયોમાં ફક્ત યતિઓજ ઉતરતા ઘણા વખતથી જોવાય છે. અને રસ્તાપર આવેલી જાહેર ધર્મશાળાઓમાં સંવેગી સાધુ–સાધ્વિ ઉતરતા રહે છે. દરેક મોટી મોટી ધર્મશાળામાં સાધુ સાધ્વિ તિર્થયાત્રા અથવા ચાતુર્માસ માટે આવેલની સારી સંખ્યા દ્રષ્ટિગોચર થાય છે. તેથી આ પવિત્ર અને પુરાણા શહેર પાલીતાણામાં તિર્થાધિરાજના, સ્થાવરતિર્થના અને જંગમતિર્થના દર્શનનો અમૂલ્ય લાભ મળે છે. તેમજ વ્રત–નિયમધારી કુલિન શ્રાવક–શ્રાવિકા દેશીપરદેશી સ્વધર્મીઓના દર્શન સમાગમ પણ બારે માસ ચાલુ દેખાય છે.

ઇતિ શહેરયાત્રા પૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકરણ ૭ મું.

## શેત્રુંજય તિર્થ સ્થળમાં આવેલી મોટી નાની ધર્મશાળાઓ.

પાલીતાણામાં તિર્થયાત્રા કરવા યા ચોમાસું રહેવા આવતા યાત્રુઓને સુખશાંતિથી ઉતરવા-રહેવાને સારૂ જૈન ધનાઢ્ય પુન્યવંત લોકોએ **ધર્મશાળાઓ** બંધાવી મોટું પુન્ય હાંસિલ કરી નિજ નામના અમર કરી છે.

હાલ મોટી નાની સંખ્યાબંધ ધર્મશાળાઓથી પાલીતાણા શહેર વિશેષ રળિયામણું લાગે છે. યાત્રિકોને શહેર અંદરની ધર્મશાળા કરતાં બહાર એટલે તળેટીરોડપર આવેલી ધર્મશાળાઓ વિશેષ સગવડવાળી જણાયાથી યાત્રુનો મોટો ભાગ બહારજ ઉતરે રહે છે. એકંદર **આડત્રીશ** ધર્મશાળાઓમાં કેટલીકની દેખરેખ અને કબજો શ્રી આણંદજી કલ્યાણજીના હાથમાં છે ને કેટલીકની દેખરેખ બંધાવનારા ગૃહસ્થોના તરફથી મુનિમદ્વારા રહે છે, પરંતુ બંધાવનારા પુન્યવંતો યા તેના વારસદારો જો શ્રી આણંદજી કલ્યાણજીની દેખરેખ નિચે મુનિમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભાળવાનો બંદોબસ્ત થાય તો યાત્રુને ઉતરતાં જે હાડમારી વેઠવી પડે છે તે દૂર થાય. કેમકે થોડાં વરસ પહેલાં જ્યારે થોડી ધર્મશાળા હતી, ત્યારે મેળામાં એકઠો થતો સંઘ સારી રીતે સમાઇ શકતો હતો. જ્યારે વિશાળ અને સારી સગવડવાળી ધર્મશાળાઓનો મોટો જથ્થો વધ્યો, ત્યારે જ્યાં પાંચહજાર માણુસ થયું કે ઉતરનારાઓની બૂમાબૂમ અને એક ધર્મશાળેથી બીજી, અને બીજીથી ત્રીજી એમ અથડા અથડી થાય છે. કેટલેક ઠેકાણે ખાલી જગ્યા છતાં પણ નકાર ભણાય છે કોણ જાણે શું છે કે આ હાડમારી ઓછી થવી જોઈએ તેના બદલે વધવા પામે છે. તો પુન્યપ્રતાપવંત બંધાવી અપાવનારાનો ઉદ્દેશ સુકિર્ત્તીવંત નિવડે તેમ થવા દેખરેખ રાખનારા માલિકોને અમારી નમ્ર વિનંતી છે. બહારની ધર્મશાળા એકેકની જોડે યા સામે છે.

**ધર્મશાળાનાનામ. ઠેકાણું.**

૧ **શેઠ હેમાભાઇની.**—મોટાંદેહેરાં પછવાડે.
૨ **શેઠ મોતીશાની.**—મોટાંદેહેરાં સામે.
૩ **શેઠ હેમાભાઈની હવેલી.**—દેહેરાં પછવાડે.
૪ **શેઠ નરશી કેસવજીની**—શેત્રુંજાદરવાજા બહાર.
૫ **શેઠ નરશી નાથાની.**—મોટાવંડાની જોડે.
૬ **મોતીસુખીઆની.**—નરસી કેશવજીની જોડે.
૭ **પનાલાલ બાબૂની**—તળેટીના રસ્તે.
૮ **કોટાવાળાની**—પનાલાલ બાબૂની જોડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯ **માધવલાલ બાબૂની**—પનાલાલના પડખે.
૧૦ **રતનચંદ પાટણવાળાની**—માધવલાલ જોડે.
૧૧ **નહાર બિલ્ડીંગ**—નજરબાગ સામે.
૧૨ **જસકુંવરની**—સરકારી નિશાળ સામે.
૧૩ **પૂરબાઇની**—સરકારી નિશાળના ગઢ પાસે.
૧૪ **વીસા કચ્છી રણસીંહની**—તળાવના નાકે.
૧૫ **ચંપાલાલ મારવાડીની**—મોતીસુખીયાની જોડે.
૧૬ **ગોઘાવાળાની**— } બંને જોડાજોડ ભેગી.
૧૭ **જામનગરવાળાની**— } મોતીસુખીયાની સામે.
૧૮ **શેઠ હઠીભાઇની**—ગામમાં દાણાપીઠમાં.
૧૯ **વોરા અમરચંદ હઠીસંગની**—ગામમાં નવાપરામાં.
૨૦ **મગન મોદીની**—ભીડભંજનની પડખે.
૨૧ **પુનસી સામંતની**—મગન મોદીના સામે.
૨૨ **મહાજનનો વંડો**—નરશી નાથાની જોડે.
૨૩ **સાત ઓરડાની**—ગામમાં. ગોડીજીના દેહેરા પાસે.
૨૪ **મસાલીયાની**—ગામમાં. સાત ઓરડા સામે.
૨૫ **લલ્લુભાઈની**—ગામમાં. શેત્રુંજા દરવાજા પાસે.
૨૬ **સૂરજમલની**—ગામમાં. લલ્લુભાઈના સામે.
૨૭ **ગોરજીનો ડેલો**—ગામમાં. કાપડ બજારમાં.
૨૮ **ઉજમબાઇની**—ગામમાં. માંડવી પાસે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૯ **મોતી કડીયાની**—ગામમાં. કંદોઇ બજારમાં.
૩૦ **ભંડારીની**—ગામમાં. બારોટના નાના ચોરા પાસે.
૩૧ **પીંપળાવાળી**—ગામમાં. બારોટના મોટા ચોરા પાસે.
૩૨ **જોરાવરમલજીની**—ગામમાં ફકીરની ડેલી પાસે.
૩૩ **ડાહ્યાભાઇના ઓરડા**—સાત ઓરડાની અંદરગાળે.
૩૪ **દયાચંદજીવાળી**—ઉજમબાઇના અંદરગાળે.
૩૫ **ધૂલીયો વંડો**—પોષ્ટ ઑફીસ પાસે.
૩૬ **વીરબાઇ પાઠશાળાની**—નરશી કેશવજીના સામે.
૩૭ **મહાજનની-ગામના સંઘની**—નવાપરામાં ગામમાં આવેલી છે, તે જ્યારે ઘણોજ સંઘ ભેગો થાય છે, ત્યારે જ યાત્રુઓ વપરાસમાં લે છે. કેમકે આ ધર્મશાળા વચમાં ખુણે પડી ગઈ છે ને ગામના સંઘની જ્ઞાતિ જમણુ માટેની પરસાળ અને બાંધેલ ચોકવાળી બંને બાજુ ડેલીવાળી છે.

ઉપર મુજબ સાડત્રીશ ધર્મશાળા પૈકી કેટલીકોમાં યાત્રિકોને સર્વ પ્રકારની સોઈ કરી આપવા સારૂ તેમજ દેખરેખ સારૂ મુનિમો ધર્મશાળામાં કાયમ રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકરણ ૮ મું.

## ધાર્મિક કાર્યો અને કરણીમાં લાગતા નકરા–લાગા.

ત્રણ ભુવન તિર્થરાજ શેત્રુંજયની તળેટીની પવિત્ર છાંયામાં કંઈ પણ ધર્મકાર્ય અને ધર્મકરણી કરતાં નિજાત્માના ભાતાઅર્થે–કલ્યાણાર્થે શ્રી ચતુર્વિધ સંઘની પહેડી શ્રી આણંદજી કલ્યાણજીને નકરો આપવો પડે છે. તે નકરાના આવેલ રૂપિયા તે બાબતના ખાતામાં અને ખાતાની ચીજોની વૃદ્ધિ માટે સદરહુ પહેડી દ્વારા વપરાય છે તેથી ત્યાંજ સીલિક રહે છે.

કયા કયા ખાતામાં કેટલો કેટલો નકરો આપવો પડે છે તે સકળ સંઘની દરેક વ્યક્તિ જાણી શકે તેટલા સારૂ નિચે મુજબ દેખાડવામાં આવ્યું છે. વળી જમણવાર વિગેરેમાં કેટલીક ધર્મશાળાના મુનિમોએ પોતાના અને પોતાના ખાતાના સુખને ખાતર પાડેલા કેટલાક રિવાજ કેટલે દરજ્જે સત્યાસત્ય છે તે પણ નિઃપક્ષપાતે બતાવ્યું છે.

આ નકરો અરસપરસની રાજીખુશીથી બંધારણમાં મૂકાઇ આપ લે શરૂ થઈ છે. કોઇ જાતના વેપાર યા સ્વાર્થ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ય કરનારની નજીવી બાબતમાં ઉમેદ ભંગ ન થાય, તે માટે જણાવવા બનતું કર્યું છે.

## નવકારશીનું જમણ.

નવકારશીનું જમણ કરનારને શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પોતાનો મોટો વંડો સર્વ પ્રકારની સોઇવાળો વાપરવા આપે છે. તેમજ નાનાં મોટાં જોઇતા સઘળા વાસણો પૂરાં પાડે છે. ઉપરાંત પહેડીના માણુસોની પૂરણ મદદ આપે છે. તેથી તે બદલ આણંદજી કલ્યાણજીને રૂા. ૨૯-૧૨-૦ પોણી સત્તાવીશ રૂપિયા નકરો અપાય છે.

આ જમણમાં દેશી પરદેશી જૈન ધર્મ પાળનારી સઘળી જ્ઞાતિઓની વ્યક્તિઓ જમી શકે છે. ઉપરાંત આણંદજી કલ્યાણજીના અને મેડી સદાવ્રતવાળાના પરજ્ઞાતિના તમામ નોકર માણસોને પીરસણું અપાય છે.

## મોટો સંઘ યાને સ્વામીવત્સલનું જમણ.

આ જમણ કરનારાઓને નવકારશીના જમણની પેઠે જગ્યા, વાસણ ને મહેતા-માણસોની મદદ આપવામાં આવે છે. તેથી તે બદલનો નકરો આણંદજી કલ્યાણજીને રૂા. ૧૫-૪-૦ સવાપંદર રૂપિયા અપાય છે.

આ જમણવારમાં પરદેશી એટલે ગામ સિવાયના સઘળા જૈનો જમે છે. ગામમાં જેઓને નોતરાં આપ્યા હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ આવી શકે છે. ગોઠી ( પૂજારીઓ. ) લોકો સર્વે જમે છે. આણંદજી કલ્યાણજીના અને મેડી સદાવ્રતવાળાના પરજ્ઞાતિના નોકર માણસોને પીરસણાં અપાય છે.

## નવાણું ટોળીનું જમણ.

આ જમણમાં ફક્ત નવાણું યાત્રા કરનારાજ જમી શકે છે. ને નવાણું કરે છે તેની સાબીતીમાં શ્રી સંઘની પહેડી-આણંદજી કલ્યાણજીને ત્યાં રૂપિયો ૧-૪-૦ સવા રૂપિઓ નકરાનો આપી પાસ કઢાવેલ હોય તે જમવાની ડેલીના બારણે બતાવ્યાથી જમવા જવા દેવાય છે. આ જમણવારમાં ફક્ત કાયમિ પાંચ પીરસણાં નિચે મુજબ અપાય છે. (૧) કારખાનાની ગાદીએ માળીનું, ( ૨ ) છાલાકુંડની પરબનું (૩) તળેટીની પરબનું વિગેરે.

વાસણાદિ મદદ વિગેરેનો નકરો રૂા. ૮-૮-૦ સાડા-આઠ રૂપિયા આણંદજી કલ્યાણજીને અપાય છે.

## ચોમાસી ટોળીનું જમણ.

આ તિર્થસ્થળમાં બહારગામથી ચોમાસું કરવા આવી ધર્મશાળામાં ઉતરી નિજાત્માનું કલ્યાણ સાધે છે. તેવા સમુદાયને જમાડવામાં આ ટોળીનું જમણ છે. ને તેવા સોમાસુ રહેલને જમવા જવું હોય તો તેના પાસના નકરાનો રૂા. ૧-૪-૦ સવા રૂપિયો આણંદજી કલ્યાણજીને અપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસણ બદલ વિગેરેનો નકરો રૂા. ૩–૪–૦ સવાત્રણ આણંદજી કલ્યાણજીને અપાય છે.

એણી રીતે નાના પ્રકારના જમણવારો બહુ લાભાર્થે અનેક પુણ્યાત્માઓ આ તિર્થસ્થળમાં આવી કરી જાય છે. જમણવારો કરનારને જ્યાં ઠીક પડે તે જગ્યામાં જમણવાર કરી શકે છે. આવા જમણવારો આણંદજી કલ્યાણજીના હુસ્તક જમણવારો કરનારાના ભાવ-પ્રણામની ધારા સારી રહે છે. કેટલીક ધર્મશાળાઓમાં થતાં જમાડનારાની પુનઃઉમેદ ભંગ થાય તેમ દેખરેખવાળાઓથી બને છે. તો તેમ નહીં થવા ધ્યાન ખેંચવું. કોઈ પણ જમણવારની કાંઈ પણ દેખરેખ અને કાબૂ ધરાવનારા આગેવાન કારવૈયાઓએ કાળજી પૂર્વક સત્યપરાયણ થઇ કામ કરી આપવું કે જેથી પુનઃ પુનઃ ઉત્તમ તિર્થમાં ઉત્તમ ફળ ઉભય પક્ષ મેળવે તેમ અમારી નમ્ર વિનંતી સાથે ભલામણ છે.

## સામૈયું.

સંઘ લઈ સંઘપતિ થઇને આવતા જો શ્રી સંઘની પહેડી એટલે આણંદજી કલ્યાણજી તરફથી સામૈયું કરાવતાં પહેડી મજકૂરને નિચે મુજબ નકરો અપાય છે.

પા ઇંદ્રધ્વજના.

૨) કોંતલવાળા દરેક ઘોડા દીઠ

૧) સાદા દરેક ઘોડા દીઠ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ા લાકડાના હાથીનો.

૧ાાા કારખાનાના સિપાઇઓનો ઉચક.

ઉપરાંત ઢોલ. નગારાં, પડઘમ. ( બેન્ડ ) શરણાઈ વિગેરે બહારથી જે લાવવામાં આવે તે તેઓના ઠરાવ્યા મુજબ ધણીને આપવું.

## તિર્થમાળ.

સંઘપતિને તિર્થમાળ પહેરવી હોય તો નકરો રૂા. ૫૧) એકાવન આણંદજી કલ્યાણજીને અપાય છે–ભરાય છે.

## રથયાત્રા.

શ્રી શેત્રુંજય ઉપર દાદાના દહેરાંના વિશાળ અને ભવ્ય ચોકમાં સોનાચાંદીનો બે ઘોડાએ યુક્ત સુંદર નકશીદાર રથ, પાલખી, ઐરાવત હાથી, ગાડી અને મેર આદિ સામગ્રીથી ભરપૂર રથયાત્રા કઢાવતાં નકરો રૂા. ૨૫ા સવાપચીસ આણંદજી કલ્યાણજીને અપાય છે.

## સમવસરણ અને પૂજા.

તિર્થરાજ ઉપર અથવા ગામનાં દહેરે કોઇને પૂજા ભણાવવી હોય તો તેનો નકરો રૂા. ૫) આણંદજી કલ્યાણજીને અપાય છે. ને શ્રી શત્રુંજય ઉપર **સમવસરણ** કઢાવવાનો નકરો રૂા. ૨) બે અપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નંદિ સમવસરણ.

નાના પ્રકારનાં વ્રત ઉચ્ચરતાં નંદિ–નાંદ માંડવામાં આવે છે. તેમાં તદ્દન **રૂપાની નાંદ** મંડાવવા–પધરાવવામાં આવે તો નકરો રૂા. ૧૧। સવા અગિયાર અને **લાકડાની નાંદ** કસબી સાચી જરીના પડદાવાળી મંડાવવા–પધરાવવામાં આવે તો રૂા. પા સવાપાંચ રૂપિયા નકરો આણંદજી કલ્યાણજીને અપાય છે.

## આંગીનો નકરો.

શ્રી શેત્રુંજયતિર્થપતિ આદિશ્વર ભગવાનની અથવા ગામનાં દેહેરે દાદાની આંગી સોના રૂપાના વરખની કે જડિત્ર દાગીનાની વિગેરે જેવી રચાવવી હોય તેના પ્રમાણમાં આણંદજી કલ્યાણજીને નકરો અપાય છે. તેમાં સર્વે સામાન આણંદજી કલ્યાણજીનો હોય છે.

## પ્રતિમા સ્થાપન સંબંધી.

આણંદજી કલ્યાણજીના હસ્તકનાં દેહેરાંમાં પ્રભુપ્રતિમા પધરાવવાનો નકરો ઉચક અપાય છે. અને તેમના હસ્તક સિવાયના દેહેરાંમાં કોઈ પણ દહેરામાં પ્રતિમા સ્થાપન કરવામાં આવે તો પ્રતિમાદીઠ **એકરૂપીયો** આણંદજી કલ્યાણજીને નકરો અપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વાસણ ગોદડાં સંબંધી.

જે યાત્રુને નવાણુ અથવા ચોમાસું કરવા રહેતાં અથવા એક માસ ઉપરાંત વધારે રહેતાં જેઓને વાસણ ગોદડાં અપાય છે, તેની બાંધી મુદતના દરગાદલાદીઠ **બારઆના** અને દર ગોદડાદીઠ **આઠઆના** નકરો આણંદજી કલ્યાણજીને અપાય છે, છુટક યાત્રુ પાસેથી દરરોજનો દર ગાદલા દીઠ **એકપૈસો** અને દર ગોદડા દીઠ **બેપાઇ** અપાય છે.

ચોમાસું તથા નવાણું વાલાને વાસણું જોઈતાં હોય તો તેમની બાંધી મુદત માટે દર વાસણદીઠ **એકઆનો** અને છુટક યાત્રુ પાસેથી દર વાસણ દીઠ **એકપૈસો** આણંદજી કલ્યાણજીને નકરો અપાય છે.

## ટેલીઓ સાદ પાડનાર.

કોઈ પણ પ્રકારનાં જમણવારનો તથા વ્યાખ્યાન, ભાષણ કે આંગી પ્રમુખનો સાદ પડાવવો હોય તો સાદ પાડનારને **ચારઆના** આપવાનો રિવાજ છે. આ રિવાજ આણંદજી કલ્યાણજી સિવાયનાને લાગુ જાણવો. જમણવારમાં સાદ પાડનારને જમાડવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકરણ ૮ મું.

## તળેટી રોડ.

જહાં ગિરીરાજ ઉપર એટલે પર્વત ઉપર તિર્થ હોય ત્યાં પર્વતના છેક તળીએ તળેટી હોય છે. તે તળેટીએ યાત્રુઓને વિશ્રાંતિ સારૂ પુન્ય પ્રતાપવંત લક્ષ્મિવંતોએ સ્થાન બંધાવેલા હોય છે, તે પ્રમાણે આપણા સર્વ ભૌમ તિર્થરાજની તળેટીનો ભાગ ઘણો રળિયામણો છે. શેત્રુંજય તિર્થની વર્ત્તમાન તળેટી ગામથી દોઢ માઇલ દૂર છે. શેત્રુંજય દરવાજાથી સીધી સડક ઠેઠ તળેટી સૂધી બાંધેલી છે. તેમાં ધર્મશાળાઓ છોડીને આગળ ચાલતાં એટલે છેલ્લી ધર્મશાળા નહાર બિલ્ડીંગના નામે ઓળખાતી નહાર બાબૂવાળાની મૂકતાં પચીસ કદમને છેટે પ્રથમ.

## કલ્યાણવિમળની દેહેરી.

એક ઉંચા ઓટલા ઉપર ઘુમટવાળી આવે છે. અહીં યાત્રુ માટે પાણીની પરબ બેસે છે.

વિમળ સંઘાડાના શ્રીમાન્ કલ્યાણવિમલ અને ગજવિમલ મુનિરાજોને આ જગ્યાએ અગ્નિસંસ્કાર ( કાળધર્મ પામ-

૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તા ) કરતાં તે ઉપર સ્તુપ બનાવવામાં આવેલ છે. ને ઉક્ત મુનિરાજોના પગલાં જોડી સાથે કુલ પગલાં જોડી ( ૬ ) છ છે.

તળેટીએ પ્રથમ પહેલું ભાતુ આ મુનિરાજ કલ્યાણવિમળના ઉપદેશથી રાયબાબૂ સિતાબચંદ નહારના દાદાએ શરૂ કરેલ છે. તે અદ્યાપીપર્યંત સુયશની વૃદ્ધિ પામતું વિધવિધ પકવાનો વડે આઠ માસ પર્યંત ચાલુ વહેંચાય છે.

## રાણાવાવ.

કલ્યાણવિમલની દહેરીથી પા માઈલ ચાલતાં રાણાવાવ આવે છે. આ વાવ સુરતનિવાસી ભૂખણદાસ શેઠે યાત્રિઓ અને જાનવરોની તૃષા શાંત કરવા અર્થે બંધાવી છે. હમેશાં કોશ ચાલે છે. ને હવાડામાં પાણી ભરવામાં આવે છે. તેથી જાનવરોને પાણી પીવાની સારી સગવડ છે. આ વાવ પાસે એક ઉંચા ઓટલા ઉપર દેહરી છે તે મેઘમુનિનો સ્તુપ છે. એમ કહેવાય છે. તેમાં પગલાં જોડી ત્રણ છે.

## ભાતા તળેટી.

રાણાવાવથી અરધો માઈલ લગભગ જતા તળેટી આવે છે. અહીં સુધી ટપા બેલગાડી વિગેરે વાહનો આવે છે. આ સ્થળ ભાતા તળેટીનું છે. તળેટીના પરથાર ઉપર પંદર વરસ અગાઉ એક મોટું પુરાણી વડવૃક્ષ હતું. તે અકસ્માત પડી જવાથી યાત્રુને પડથાર ઉપરનો મળતો શીતળ છાંયડો બંધ થવાથી લાકડાનો માંડવો પડથાર ઉપર કરવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ યાત્રુને પૂરણ સંતોષ ભર્યાં વિશ્રામનું સ્થાન જાણી આપણી મહાન્ પેહેડીના નેતા આણંદજી કલ્યાણજીએ ગયે વરસે હજારો રૂપિયા ખરચી રોનકદાર કમાનોથી સુશોભિત બનાવીને તે ઉપર અગાશી બનાવી પૂર્વના પડથાર ઉપરજ લોખંડ અને પત્થર વડે ત્રણ ગાળાની શોભનિક છત્રી બાંધીને શ્રી સંઘને પૂર્ણ સુખવાળી સગવડ કરી આપી છે.

આ મનોહર પડથારમાં બેસવાના માટે બબે થાંભલા વચ્ચે સુંદર બાંક અમદાવાદ નિવાસી મહાન્ નરરત્ન અને આણંદજી કલ્યાણજીની સંસ્થાના મરહૂમ પ્રેસીડેન્ટ શેઠ લાલભાઈ દલપતભાઈના શ્રીમતિ પૂજ્ય માતુશ્રી ગંગાદેવી સદૃશ ગંગામાએ કરાવી આપી સંપૂર્ણ વિશ્રામ આપનાર તળેટીને બનાવી છે. અંદર ઓરડા અને છુટી ઓશરીઓ છે. ત્યાં ભાતુ જમવાને યાત્રિકો બેસે છે. ભાતુ વહેંચવાને ખાસ આણંદજી કલ્યાણજીના નોકરોને રોકયા છે. જેથી રીતસર–ધોરણસર વહેંચાય છે. યાત્રુને બેસવાના ત્રણ ખંડ પરસાળીવાળા છે. તેથી સેંકડો માણસો બેસી–સમાઈ શકે છે. પણ સાધુ–સાધ્વિને ગોચરી માટેની જગ્યા ફકત એક ઓરડાની હતી. તેથી તે વર્ગને પડતી અગવડ દૂર કરવા માટે ત્રીજા ખંડની બહાર ફૂલવાડીને લગતા ભાગમાં અગાસીબંધ ત્રણ મોટા ઓરડાઓ ઉંચા ઓટલા ઉપર બંધાવી આપ્યા છે. જે આ ચાલુ વરસથી ઉપયોગમાં લેવાયા છે. આ ઓરડાથી મુનિરાજોને આહાર પાણી વાપરવા માટેની સગવડ પણ થઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકંદર ચતુર્વિધ સંઘની દરેક વ્યકિતને ભાતાની તળેટીમાં સુખશાંતીવાળી સોઇ થઇ છે. આઠ માસ પર્યંત વિવિધ પકવાન્નોથી ભાતુ ચાલુ રહે છે. ચા, દુધ ને સાકરનાં પાણી પણ રૂતુ અનુસરીને ભાગ્યશાળીઓ તરફથી અપાયા કરે છે. ઉકાળેલું પાણી પણ આઠે માસ શરૂ રહે છે. દર ચોદશે તથા ચૈત્ર માસની ઓળીપર્વમાં આયંબિલ પણ કરાવાય છે. આ ભાતા તળેટીએ શેઠ આણંદજી કલ્યાણજી તરફથી ચોકી–પહેરો રહે છે. ભાતા તળેટીના છેલ્લે ગાળે એક ફુલવાડી છે. તેમાં નાના પ્રકારના સુગંધી પુષ્પો તથા સ્વાદુ ફળનાં રોપાઓ લાંબા વખતથી નાંખેલા છે. ત્યાં આગળ એક મકાન ચૂનાથી બાંધેલ પાકું છે. તેને પ્રેમચંદજી મહારાજની બંગલીના નામે ઓળખાય છે. ગુરૂવર્ય મણીદાદાના સંઘાડાના પ્રેમચંદ્રજીનામા પંચાચારી એક સંવેગી સાધુ આ મકાનમાં નૌલીકર્મ કરતા હતા. તેમની છેલ્લી અવસ્થામાં તેઓ દૂધનો ફકત ખોરાક રાખી આત્મપુષ્ટી કરતા ધ્યાનારૂઢ રહેતા હતા વિગેરે.

## સતી વાવ્ય.

આ ભાતા તળેટીના પગથીઆ પાસે એક સુંદર ને મોટી વાવ છે. તે અમદાવાદના નગરશેઠ શાંતિદાસના ભાઇ સૂરદાસના પુત્ર લક્ષ્મિદાસે યાત્રિઓના લાભને ખાતર સં. ૧૬૫૭ માં બંધાવીને તેનું નામ '**સતી વાવ્ય**' રાખ્યું છે. આ વાવનું પાણી નિરોગી અને હલકું તથા સ્વાદુ હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશી પરદેશી આજારી માણુસોને ઘણું માફક આવી શરીરને તંદુરસ્ત બનાવે છે. વાવના ઓટલા ઉપર કાયમની પાણીની પરબ મોતીશા શેઠ તરફથી બેસે છે.

વાવની સામે મોટા બે ચોતરા બાંધેલા છે. તે યાત્રીઓના સુખને માટે મોતીશા શેઠે બંધાવ્યા છે. વાવના પાયાના ભાગમાં મોટો ચોતરો છે. તેમાં મોર પોપટ મેના ને કબૂતરાદિ જાનવરોને ચણુ નાંખવામાં આવે છે.

વાવથી થોડા કદમ છેટે એક જાળનામા વૃક્ષ નિચે દહેરી એક શાંતિદાસ શેઠની બંધાવેલી છે. તેમાં ગોડીજી મહારાજના પગલાં જોડ એક છે.

## જય તલેટી.

આ દહેરીથી થોડા કદમ જતાં જય તલેટી આવે છે. આ તળેટીના પગથીઆનાં બંને નાકા ઉપર અકેક હાથી ચૂના પત્થરનો બનાવેલ છે. તલેટીનું તળીઉં મજબૂત પત્થરોથી બાંધી ચોક બનાવ્યો છે. ( જ્યાં ઘણી વખત મહાવૃત ઉચ્ચરનારા અને વ્રત નિયમ ઉચ્ચરનારા માટે ચંદણી બાંધી નાંદ માંડવામાં આવે છે. ) તેના બંને બાજુ–ડાબી જમણી મંડપ છત્રીવાળા આવેલા છે. ડાબા હાથ તરફ એટલે ઉગમણી બાજુનો મંડપ અમદાવાદના નગરશેઠ હેમાભાઈ વખતચંદનો બંધાવેલો છે. અને જમણા હાથ તરફનો એટલે આથમણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાજુનો ધોલેરાવાળા શેઠ વીરચંદ ભાઈચંદનો બંધાવેલો છે. આ બંને મંડપ સં. ૧૮૮૭ માં બંધાવ્યા છે. આ બંને મંડપ-વચ્ચે દહેરીઓ તથા જમણા હાથ તરફના મંડપના નિચાણમાં દહેરીઓ મળી કુલ દહેરીઓ નં. ૨૮ છે. તેમાં પગલાં જોડ ૪૧ છે. આ મંડપની ભીંતે પાર્શ્વનાથજીના, મહાવીરસ્વામીના, અને પાંડવાદિકના બોધ પમાડે તેવા સુંદર ચિત્રો આલેખ્યાં છે. અહિંથી શ્રી શેત્રુંજય મહાતિર્થ ઉપર ચડવાનો રસ્તો શરૂ થાય છે.

# પ્રકરણ ૧૦ મું.

## તિર્થ રોડ.

બાર જોજનના માનવાળો આ ગિરીરાજ તળેટીથી ઉપર ચડતાં કિલ્લા સૂધીની લંબાઈ આશરે દોઢ ગાઉ ઉંચાઈ છે. ચડવાનો સઘળો રસ્તો ડુંગરી પત્થરના નાનાં મોટાં ચોસલાઓ ચોંટાડી બાંધેલો છે. આખો રસ્તો પહોળાઇમાં સડક જેટલો હોવાથી જથ્થેબંધ આવવા જવાને અડચણ પડતી નથી. રસ્તામાં પાણીના પાંચ કુંડો આવે છે. દરેક કુંડની વચ્ચે ત્રણ ત્રણ ચચાર વિસામા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. દરેક વિસામે પાણીની પરબો (ઉકાળેલા તથા થંડા.) શેઠ આણંદજી કલ્યાણજીની માર્ફતે બેસાડેલી છે, તેથી યાત્રાળુઓને વિશ્રાંતિ સારી મળે છે.

## બાબૂના દેહેરાંની ટુંક.

જય તળેટીથી તિર્થ ઉપર ચડવાનું શરૂ થાય છે. ચઢતાં જમણા હાથ તરફનો ભાગ જુનો રસ્તો ગણાય છે. ડાબા હાથ તરફનો ભાગ બાબૂનાં દેહેરાંનો છે. પચીશ આસરે પગથીઆં ચડતા દેહેરાંનો કિલ્લો આવે છે. ત્યાં ચોકી-પેહેરો રહે છે. તથા એક ભાગમાં વહીવટની ઑફીસ રાખવામાં આવી છે. ટુંક બે ગાળાથી બાંધેલ હોવાથી પ્રથમ ભાગમાં ઉપર જણાવેલ ચોકી અને ઓફીસ ઉપરાંત ન્હાવાની જગ્યા, સુખડ-કેશર ઘસવાની ઓરડી, પૂજારીને રહેવાની જગ્યા; અને પરોણા ખિંબની ઓરડીઓ છે. ભોંયતળીએ એક મોટું પાણીનું ટાંકું બાંધેલ છે. પૂજા કરનારા માટે બારે માસ ગરમ પાણી થાય છે.

બીજા ગાળામાં મૂળનાયકજી આદિશ્વર ભગવાનનું નવદ્વાર વાળું વિશાળ અને સુશોભિત રંગમંડપનું ત્રણ ગભારા વાળું રમ્ય અને મનને પ્રફુલ્લ કરે તેવું જિનાલય છે. સામે પુન્ડરિક ગણધરનું દેહેરૂં છે. ફરતી દેહેરીઓ ચારે તરફ બાંધેલી છે. તેમાં ફક્ત આઠ દશ દહેરી સિવાય તમામમાં પ્રતિષ્ઠા થઇ ગઇ છે. મૂળ દહેરાંની પૂંઠે રાયણવૃક્ષ રોપીને દાદા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાં પગલા સ્થાપિત કર્યા છે. દાદાનાં દેહેરાં ઉપરનો ભાગ ઘણો મનોહર છે ને ત્રણ ગભારે દર્શન થાય માટે ત્રણે ભાગે પ્રતિમા પધરાવ્યા છે, દહેરાંના અંદરના ભાગમાં આરસ અને ચીનાઇ ટાઇલિ સુંદર રીતે ગોઠવીને જડેલી છે. ઉંચે કાચની છાટ જડેલી છે. હાંડી ઝુમર પણ ઘણા સરસ રંગ બેરંગી હોવાથી એકંદર શોભા આત્માને ખરેખર આલ્હાદ પમાડે છે.


બંગાળા દેશના મુર્શિદાબાદ શહેરના નિવાસી જગત્પ્રસિદ્ધ રાયબહાદૂર બાબૂસાહેબ ધનપતિ અને લખપતિ ભાઈઓના પૂજ્ય માતુશ્રી મેહતાબ શેઠાણી કુંવરબાઇના નામથી આ ટુંક બાંધવામાં આવી છે, ને તે સંવત્ ૧૯૫૦ માં ખુદ બાબૂ સાહેબ ધનપતસિંહજી સહકુટુમ્બ મોટા રસાલા સાથે બે મહિના અગાઉથી પધારી મોટી ધામધુમથી અંજનશલાકા કરી મહા શુદ ૧૦ મે પ્રતિષ્ઠા કરાવી છે. આ મૂહુર્ત્તમાં બાબુસાહેબને દ્રવ્યનો મોટો ધકકો પહોંચ્યો હતો.

આ દહેરૂં જયતળેટીના મસ્તક ઉપર આવેલું હોવાથી **તળેટીનું દહેરૂં યા બાબુનું દહેરૂં** એમ મોટો ભાગ બોલે છે ને માને છે. પણ ખરૂં જોતાં તિર્થરોડ ઉપર આ ટુંક બંધાએલી છે તો તળેટીનું દહેરૂં કહેવું યોગ્ય ન લેખાય. કેટલાક ધુરંધર મુનિરાજાઓ અને વિદ્વાનો આ દહેરાંને તિર્થ ઉપરજ લેખતા હોવાથી ચોમાસું રહેતા જીવો આ દહેરે દર્શન કરવા ચડતા નથી. કેમકે તિર્થ ઉપર ચોમાસામાં યાત્રાર્થે ચડવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શા. અમરચંદ બેચરદાસ—તમામ જાતના જૈન પુસ્તકો તથા ફોટાઓ વેચનાર, પાલીતાણા.



જયતલાટી.

આનંદ પ્રી. પ્રેસ—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજ્ઞા નથી. તેથી તેઓ ફક્ત જયતળેટીએ દર્શન કરી પાછા વળે છે.

## પહેલો કુંડ યાને નવો કુંડ.

બાબુનાં દહેરાંમાંથી નીકળતાં ફક્ત પાંચ ડગલા રસ્તે ચાલ્યા કે એક બાંકાકારે ઓટલો આવે છે. તેની સામે ઘણીવાર દરબારી સિપાઇ બેસીને રસ્તે જનારાં મજુરવર્ગ વિગેરે માણસો પાસેથી દીવાસળી બોકસ લેઇ લે છે. કારણ કે–ગાળી માંહેના ઉભા ઘાસ–ખડને ભય ન રહે તે સારૂ ઉપર મુજબ વર્ત્તે છે. ત્યાંથી એકેક પાવડીયા પ્રમાણ ઉંચે ચડતાં થોડા પગથીઆં ચડયા કે પહેલા હડાની દહેરી આવે છે. ત્યાં વિસામો અને પાણીની પરબ બેસે છે. ત્યાંથી થોડે દૂર ચડતાં **ધોળીપરબ**નો વિસામો આવે છે. ત્યાં ધોરાજીવાળા અમૂલખ ખીમજીવાળાના નામથી પાણીની પરબ બેસાડેલી છે. તેની પાસે જમણા હાથ ઉપર દહેરી નં. ૧) છે. તે મધ્યે ભરતચક્રવર્તીના પગલાં જોડ એક છે તે સંવત ૧૬૮૫ માં સ્થાપન કરેલા છે. અહીં આગળ પેહેલો હડો પૂર્ણ થાય છે. આ હડાનો રસ્તો પચાસ વરસને આશરે બંધાએલો છે તે પહેલાં પગવટી–કેડી રસ્તો હતો. ધોળી પરબથી સપાટી જેવા રસ્તામાં ચાલતાં થોડે દૂર પહેલો કુંડ આવે છે તે ઇચ્છાચંદ શેઠ સુરતવાળાએ સંવત ૧૮૬૧ માં બંધાવેલો છે તેથી લોકો તેને ઇચ્છાકુંડ અથવા નવો કુંડ કહીને ઓળખાવે છે. આ કુંડના પાસે રસ્તા ઉપર પત્થરની એક કુંડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂકાવેલ છે. તેમાં પાણી ભરીને ચતુષ્પદ—જાનવરોને પવાય છે. અહીં એક સુંદર વિસામો કુંડના માથા ઉપર તથા એકું બાંક બેઠક રસ્તા ઉપર આવે છે. અહીં ચોકી બેસે છે.

## કુંડ બીજો યાને કુમારકુંડ.

પહેલા કુંડથી થોડા પગથીઆં ઉંચે ચડતાં દહેરી એક આવે છે. તેમાં બાલ બ્રહ્મચારી બાવીશમા તિર્થંકર ભગવાન્ નેમિનાથજીના વરદત્ત ગણધરનાં અને શ્રી ઋષભદેવજીનાં એમ ત્રણ જોડ પગલાં છે. તેની સામે બાંક બેઠક જેવો નાનો વિસામો છે. નેમનાથજીની દહેરીથી ઉપર ચડતાં થોડે દૂર **હીલીપરબ** નામે ડાબા હાથ ઉપર વિસામાંની દહેરી આવે છે. ત્યાં ડાહ્યાભાઇ દેવશી કચ્છીના નામથી પરબ બેસાડેલી છે. ત્યાંથી થોડે દૂર ઉપર જતાં ડાબા હાથ ઉપર એક વિસામા દહેરી આવે છે. ત્યાં સુરતવાળા શેઠ તલકચંદ માણેકચંદ તરફથી પરબ બેસાડેલી છે. તેની જોડે જમણા હાથ ઉપર **કુમારકુંડ** બંધાવેલ છે. વિસામો તથા કુંડ ગુજરાતના મહારાજા કુમારપાળ સોલંકીએ બંધાવેલ છે. પૂર્વે ઘણા રાજાઓ જૈનધર્મી હતા તેમાં છેલ્લો જૈનધર્મી રાજા કુમારપાળ ગણાય છે. ફક્ત પાંચ કોડીના સુગંધી પુષ્પો વડે પૂર્વ ભવમાં જિનરાજની ત્રીકરણ શુદ્ધે ઉચ્ચ ભાવનાથી કરતાં આ ભવમાં તે જીવ અઢાર દેશનો મહારાજા કુમારપાલ થયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. અને હવે આવતી ચોવીશીના પહેલા તિર્થંકરના ગણધર થઇને મોક્ષપદ પામશે.

## કુંડ ત્રીજો યાને છાલાકુંડ.

## હિંગલાજનો હડો.

કુમારકુંડથી આગળ જતાં એક ટેકરી સૂધી છાતીભર સદૃશ ચડવાનો રસ્તો છે. આ રસ્તાને ' હિંગલાજનો હડો ' કહે છે. કેમકે હડાની ટોચ ઉપર હીંગલાજ માતાનું સ્થાનક છે. એક દહેરીમાં હિંગલાજ દેવીના ફક્ત મુખની આકૃતિ છે. હિંગલાજ દેવીનું સ્વરૂપ અંબિકા દેવી છે. એકદા હિંગુલ નામા રાક્ષસ સિંધુ નદી તરફથી જતા આવતા યાત્રુઓને ઘણો ઉપદ્રવ કરતો હતો. તેથી યાત્રુવર્ગમાંના મહાત્માએ ધ્યાન તપ બલે અંબિકાને બોલાવીને હિંગુલ તરફથી થતો ઉપદ્રવ ટાળવાને માગણી કરી. એટલે અંબિકાએ અસૂર હિંગુલ રાક્ષસનો પરાભવ કર્યો એટલુંજ નહિં પણ છેક અધોગતિમાં પહોંચે એવા છેલ્લા શ્વાસોશ્વાસ ચાલ્યા ત્યાંસૂધી કદર્થના પમાડી. એટલે હિંગુલ રાક્ષસે અંબિકાના પગમાં પડી હાથ જોડી બોલ્યો કે હે માતા ! હું અંતાવસ્થાએ પહોંચ્યો છું. તો માહારી એક નમ્ર પ્રાર્થના તું કૃપાપાત્ર બનીને ધ્યાનમાં લે. તે એ કે–' આજથી તું માહારે નામે ઓલખા. અને તિર્થયાત્રા સ્થળમાં મારા નામે તું સ્થાપન થા. '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર મુજબ વચનો શ્રવણ કરી અંબિકા **તથાસ્તુ** કહી અંતર્ધ્યાન થયા. ને રાક્ષસ અધોગતિમાં ગયો. અંબિકાએ પોતાના ભકતોને જણાવ્યું કે આજથી તમો મને **હિંગુલાદેવી** નામથી ઓળખજો. આ બનાવ કરાંચી પાસેના ડુંગરો પાસે ખાસ હિંગુલનું સ્થાનક છે, ત્યાં આગળ બનવા પામ્યો છે. અંબિકા ખાસ સૌરાષ્ટ્રદેશાધિષ્ટાયિત દેવી છે. તે આ તિર્થરાજ ઉપરની એક ચડાવવાળી ટેકરી ઉપર તિર્થરોડની અધિષ્ટાયિત થઈને રહી છે. તિર્થરોડ ઉપરના સઘળા હડામાં આ હડો ઠેઠ છાલા કુંડ સૂધી કઠણ કાંઇક વધારે હોવાથી કહેવત ચાલી છે કે—

હિંગલાજનો હડો, કેડે હાથ દઈ ચડો;
ફૂટ્યો પાપનો ઘડો, બાંધ્યો પુન્યનો પડો.

આ ઠેકાણે બાંક આકારની બેઠક છે. અહિં ડોલીવાળા પોતાના બેસારૂને ઉતારીને ભૂકરાના બાંધેલ પગથીઆ સૂધી ચલાવે છે. હિંગલાજના માથા ઉપર જમણા હાથ તરફ એક પત્થરમાં સિંદૂર પાના લગાડેલ સ્થાનક છે. ત્યાં શેઠીઆ કુટુમ્બના લોકો પોતાની કુળદેવી ખોડીઆરના કર કરવા જતી વખતે આ સ્થાનકે પગે લાગી શ્રીફળ વધેરે—ફોડે છે. અહીં સૂધી ચડવાનો ભાગ અરધો અરધ થાય છે. અહિં આગળ એક સુંદર વિસામો છે. ત્યાં કચ્છી હીરજી નાગજી તરફથી પાણીની પરબ બેસાડેલી છે. પગથીઆંના કાંઠે એક **દેહેરી** છે, તેમાં પગલાં જોડ એક છે. તે **કલિકુંડ પાર્શ્વનાથના** સંવત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮૩૫ માં સ્થાપન કરેલા છે. બંને બાજુ બાંક બેઠક લાંબી છે. યાત્રુઓ થોડીવાર બેસી પરિશ્રમ દૂર કરે છે. હવા ઘણી ચોખ્ખી આવે છે ને શિતળમય શરીર બને છે.

ત્યાંથી થોડે ઉપર ચાલતાં **નાનો માનમોડીઓ** નામનો હડો આવે છે. ત્યાંથી થોડા પગથીઆં ઉપર ચડતાં **મોટો માનમોડીઓ** આવે છે. ત્યાંથી થોડે દૂર શાંતિવાલા રસ્તે ત્રીજો છાલા કુંડ આવે છે. આ કુંડનું પાણી ઘણું નિરોગી, નિર્મલ અને ત્રીદોષ હરનારૂં શરીરને તંદુરસ્ત બનાવનારૂં છે. કુંડની પાગથીએ એક દેહેરી વિસામો છે. તે ઉપર શેઠ અમરચંદ (મોતીશા શેઠના દિવાન.) તરફથી પાણીની પરબ બેસાડેલી છે. તેની સામે એક ઝાડની નિચે ઓટલા ઉપર અમદાવાદના નગરશેઠ હેમાભાઈ વખતચંદવાળા તરફથી સાર્વજનીક રીતે પાણીની પરબ બેસાડેલી કાયમ માટેની છે. તેની પાસે નકશીવાળી રસ્તા વચ્ચે દહેરી એકમાં પગલાં જોડ ચાર છે. તે ચાર શાશ્વતા જિનનાપગલાં છે. આ કુંડ સં. ૧૮૭૦ માં બંધાવેલ છે.

## શ્રી પૂજ્યજીની દહેરી.

છાલાકુંડના માથા ઉપર એક ટેકરી ઉપર તપાગચ્છાલંકાર શ્રીમાન્ દેવેંદ્રસૂરિ નામા શ્રી પૂજ્યજી મહારાજે જગ્યા સાફ કરાવી ત્યાં કેટલાક ઓરડા બાંધ્યા ને ધર્મની જગ્યા તરીકે રાખ્યા. તેમાં કેટલીક દહેરીઓ પણ બંધાવી છે. મોટી દહેરીમાં વિજયદેવેંદ્રસૂરિજીનાં પગલાંને બીજીમાં પુરૂષાદાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ શ્રી પાર્શ્વનાથજીના અધિષ્ઠાયિત્ કે જેઓ મંત્રબલ સાધનામાં હાજરા હજુર રહે છે તેવા ધરણિંદ્ર અને પદ્માવતિની સુંદર મૂર્ત્તિ છે. બાકી ચૌદ્દ દેહેરીમાં જુદાં જુદાં પગલાં જોડ છે. જગ્યા ઘણી વિશાળ છે તે મધ્યે કુંડ આકારે મનોહર એક વાવ છે. વાવને ચાર ખુણે ચાર દેહેરીઓ બનાવેલ છે, તેમાં પણ પગલાં સ્થાપેલાં છે. એક ઓરડામાં મહાન્ લબ્ધિવંત ગુરૂ ગૌતમસ્વામી ગણધરની મૂર્ત્તિ અને પગલાં છે. આ જગ્યા યોગીઓ અને ધ્યાનીઓ માટે પૂર્ણ રીતે લાયક ગણાશે. આ જગ્યામાં કોઈ કોઈ વખત એક લાંબો જાડો ને વૃદ્ધ ભૂજંગ (સર્પ) ઘણાંઓને ઘણીવાર દૃષ્ટીએ પડે છે. જાણે સદરહુ જગ્યાનો અધિષ્ઠાયિતજ ન હોય ! અને અધિષ્ઠાયિત હોય તો પણ માનવાને કંઇ શંકા જેવું નથી. એ જગ્યાની અંદરના આવેલા સ્થાનો ઉપરથી માલૂમ પડી આવે છે.

## ચોથો કુંડ યાને હીરબાઇનો કુંડ.

છાલાકુંડથી ડાબા હાથે આગળ ચાલતાં થોડે દૂર એક વિસામો આવે છે, તે વિસામો શેઠ હઠીશંગ કેસરીસંગે બંધાવેલ છે. ત્યાં મુંબઇવાળા સુરતી માસ્તર તલકચંદ માણેકચંદ જે. પી. તરફથી પાણીની પરબ બેસે છે. અહીંથી આગળ ચાલતા રસ્તાને **મકાગાળી** કહે છે. ત્યાં એક વિસામો જેઠાશાનો આવે છે. ત્યાં પણ પરબ બેસે છે. તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે એક દેહેરીમાં પગલા જોડ એક છે. અહિંથી પહાડની છેલ્લી ટેકરી કે જેના મસ્તક ઉપર સંખ્યાબંધ નાનાં મોટા જૈન દેવાલયોની હાર આવેલી છે. તેમાંથી મોખરાવાળી હારના લહકંતી ધ્વજાવાળા શ્રૃંગો દેખાય છે. જેનાં દર્શન કરતાં અતિ આલ્હાદ ઉપજે છે, આ દેખાવવાળા ભાગને તળીચું કહે છે. સપાટ તળીઆંમાં ચાલતાં થોડે દૂરજ ડાબા હાથ ઉપર હીરબાઇનો ચોથો કુંડ છે. તેના પડખાંમાં વિશાળ ઓટલાવાળો વિસામો છે. ત્યાં પણ પાણીની પરબ બેસે છે.

## દ્રાવિડવારિખિલ્યની દેહેરી.

## કાર્ત્તકી પૂનમનો મહિમા.

હીરબાઇના કુંડની સામેજ એક ઉંચા ચોતરા ઉપર દહેરી બાંધેલી છે. તે ચડતા આપણા જમણા હાથ ઉપર છે. આ દેહેરીમાં દ્રાવિડ, વારિખિલ્ય, અઇમિત્તો, અને નારદજી એમ ચારજણની ચાર મૂર્ત્તિઓ કાઉસ્સગ્ગ ધ્યાનથી ઉભી શ્યામ પત્થરની છે. આ ઠેકાણે દ્રાવિડ–વારિખિલ્ય મુનિઓ દશક્રોડ મુનિના પરિવારથી અણુસણુ કરીને મોક્ષે કાર્તકી પૂનેમને દિને સિધાવ્યા છે. તેથીજ કાર્ત્તકી પૂનમનો મહિમા વિશેષ વધ્યો છે. માટે કાર્તિકીપૂનમનો મહિમા ખાસ આ દહેરીનેજ આભારી છે. આ ઠેકાણે એક બોર્ડ યાત્રુની જાણ માટે મારવું જોઇએ. અને જનાવરો ચોતરાને તથા દહેરીને મળમૂત્રવાળો અપવિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન કરે તે માટે શેઠ આણંદજી કલ્યાણજીએ ગમે તેમ કરીને પણ ફરતી જાળી બીડાવી લેવાની જરૂર છે.

## પાંચમો કુંડ યાને ભૂખણદાસનો કુંડ.

આ દહેરીથી આગળ જતાં આ પાંચમો કુંડ આવે છે. રસ્તા માંહેના કુંડોમાં આ કુંડ છેલ્લો આવે છે. આ કુંડના બંધાવનાર સુરતવાળા ભૂખણદાસ છે, કે જેમણે તળેટી રોડમાં રાણાવાવ કરીને વાવ બંધાવેલી છે. તેમજ પાલીતાણા શહેરમાં સાત ઓરડા નામે એક ધર્મશાળા બંધાવી છે. આ કુંડના પાસે એક બાવલવૃક્ષ-બાવળનું ઝાડ હોવાથી કેટલાકો બાવળકુંડ કહીને પણ ઓળખે છે. કુંડના સામે એટલે જમણા હાથ ઉપર ઉંચા ઓટલા પર એક દહેરી છે. તેમાં રામ, ભરત; શુકરાજ, શૈલંકાચાર્ય, અને થાવચ્ચા એમ પાંચ જણની પાંચ કાઉસ્સગ્ગી પ્રતિમા છે. કુંડના ચોતરા ઉપર દહેરી એક છે, તેમાં પગલાં જોડ છે. ત્યાંથી આગળ ચાલતાં જરા ઉંચાણવાળા પગથીએ પચાસ કદમને છેટે જતાં જમણાં હાથ તરફ

## હનુમાનદ્વાર

આવે છે. અહીં એક દેહેરીમાં હનુમાનની મોટી મૂર્ત્તિ ઉભી છે. તિર્થરોડનો આ છેલ્લો હડો કહેવાય છે. આ હનુમાનની દહેરી સામે એક સંદર ચોતરા ઉપર બે દહેરીઓ એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃક્ષની છાયાથી છવાએલી છે. તેમાં પગલાં જોડીઓ છે. અહિં પાણીની પરબ બેસે છે. યાત્રુઓને રસ્તે ચડતાં પડેલ પરિશ્રમ અહિં દૂર કરવા વિશ્રાંતિ સ્થલ પવનના લેરખાંવાળું પવનપુન્નની છાયામાં પૂર આનંદ આપે છે. તિર્થરાજ શ્રીસિદ્ધાચળને ભેટવા જતાં અહિંથીજ બે રસ્તા ફાટે છે. તેમાં જમણા હાથ તરફને રસ્તે જતાં નવ ટુંકનો રસ્તો એટલે ચૌમુખજીની ટુંક તરફ જવાય છે. જે ડાબા હાથ તરફનો રસ્તો તે મોટી ટુંક આ એક ટુંકને એટલે આદિશ્વર ભગવાનની ટુંકમાં જવાય છે. આપણે મોટી ટુંકમાં થઇ ચૌમુખની ટુંક તરફ દર્શન કરતાં ઉતરીશું.

હનુમાનદ્વારથી મોટીટુંકે જતાં થોડા કદમ ચાલ્યા એટલે જમણા હાથ તરફ ડુંગરની ભેખ આવે છે ને ડાબા હાથ તરફ કઠેરા રૂપ ચુના માટીથી બાંધેલ પત્થરની પાળ આવે છે. તે ઠેઠ કિલ્લા સૂધી બાંધેલી છે. થોડે દૂર ભેખવાળા ભાગમાં એક ટેકરી જેવો ભાગ છે તેમાં ત્રણ કાઉસ્સગ્ગી મૂર્ત્તિઓ કોતરી કાઢી છે. આ ઠેકાણે જાલી, મયાલી, ને ઉવયાલી. એ ત્રણ મુનિઓ અણસણ કરી સિદ્ધિપદને પામ્યા હોવાથી તે નમુના તેઓની યાદમાં કોતરી કાઢ્યા છે. ત્યાંથી થોડા પગલાં ચાલ્યા એટલે કિલ્લો આવે છે.

આ કિલ્લો આખા તિર્થરાજને એટલે નવેટુંકને ફરતો બાંધેલો છે. અને પેસવાને ફક્ત બેજ દરવાજા છે. એક ચોમુખ તરફનો અને બીજો આ ચાલુ બીનાવાળો છે. કિલ્લામાં પ્રવેશ

૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાને બારી પ્રમાણુ દરવાજો છે. તેને રામપોળની બારી કહે છે. સં. ૧૯૩૯ માં જ્યારે ચાલીસ હજાર આશરે માણુસ ( યાત્રુ ) એકઠું થયેલ ત્યારે આ જુની રામપોલની બારીમાં સંકડામણુ આવજાવ માટે થતી દેખ્યાથી પડખામાં બીજી બારી મૂકી છે. કે જેમાં થઈને હાલ આપણે અમૂલ્ય લાભ લેવા પ્રવેશ કરીએ છીએ. આ બારીની બહાર ઓટલા ઉપર પાણીની પરબ બેસે છે. અહિં આગળ તિર્થરોડ પૂર્ણ થાય છે.

# પ્રકરણ ૧૧ મું.

## કિલ્લો.

## ( રામપોળની બારીથી તે આદિશ્વર ભગવાનના દેહેરા સૂધી. )

ઉપરના તમામ ભાગને મોટી ટુંક યા દાદાની ટુંક કહેવાય છે. તેના અંદરના સઘળા મોટા દહેરાની ટુંક તવારીખ અને કુલ દેહેરીઓ તથા પગલાં જોડીઓ, અને કુલ પ્રતિમાઓની સંખ્યાનો આંકડો સત્ય ગણુત્રી નવેસરથી કરીને ટાંકયો છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટુંકમાં ત્રણ ભાગ પડે છે. રામપોળની અંદરનો, વિમળવશી-નો, અને રતનપોળનો.

## રામપોળ.

**દેહેરૂં. ૧ પાંચશિખરનું.**—શેઠ મોહનલાલ વલ્લભદાસ ઔરંગાબાદવાળાનું બંધાવેલું છે. તેમાં મૂળનાયક શ્રી વિમળનાથજી છે.

**દહેરૂં. ૧ ત્રણ શિખરનું.**—શેઠ દેવચંદ કલ્યાણચંદ સુરતવાળાનું બંધાવેલું છે. તેમાં મૂળનાયક શ્રી સુમતિનાથજી છે.—આ બંને દહેરાં ઘણા રમણિય છે. પણ તે એક છેડા ઉપર આવેલા હોવાથી યાત્રુઓ સર્વે બરાબર દર્શનનો લાભ લેઇ શકતા નથી. વળી ડોળીવાળાઓ વિગેરેનો મોટો જથ્થો તે દહેરાના કિલ્લાની બારી પાસે બેસતો હોવાથી તે દેહેરામાં જવાનું વલણ ઘણું ઓછું છે. તે માટે તે ડોળીવાળાને ડાબા હાથ તરફ બેસવાનું બની શકે તો અથવા તેના કિલ્લે નાનાબારણાને ઠેકાણે મોટો દરવાજો મૂકાય તો લોકોનું ધ્યાન સારૂં ખેંચાય. કેમકે આખા તિર્થ ઉપર પાંચ શિખરનું દેહેરૂં આ એકજ છે. તેની જોડે મોતીશાની ટુંકની ફૂલવાડી અને કુંડ છે. કુંડના પરથાળના છેડે એટલે ટુંકના કિલ્લાની ઓથે **કુંતાસર દેવીનો** ગોખલો છે. તેની સામી બાજુએ આણંદજી કલ્યાણજીની ઓરડીઓ અને મોતીશા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




શેઠની ઓરડીઓ જાળી ભરેલી આવે છે. લાંબા પહોળા અને વિશાળ વીશેક પગથીઆં ચડતા **સગાળપોળ** આવે છે. તેની અંદર ડેલીમાં ચોકી બેસે છે. ત્યાં યાત્રુઓ અને અન્યમતિ સર્વ કોઈ પ્રેક્ષકો પાસેથી લાકડી, છત્રી, મોજાં અને હથિયારાદિ વસ્તુઓ લઈ લેવામાં આવે છે. તે દર્શન કરીને પાછા વળતા તમામને પોતપોતાની ચીજ પાછી સોંપાય છે. તેની અંદરના ગાળાને દોલાખાડી કહેવામાં આવે છે. તેમાં નોંધણ કુંડ અને નગારખાનું આવ્યા છે. ઉગમણી બાજુ આણંદજી કલ્યાણજીનો સુંદર ઊતારો છે. અહીં આગળના યુરોપિયનઅને રાજા રાણાને કપડાનાબૂટ માનભરી રીતે પહેરાવીને દર્શન કરવા તેડી જવાય છે. અને તે રીત તેઓ ઘણા હર્ષ પૂર્વક સ્વીકારીને જૈન ધર્મના દેવો જે દેવાધિદેવ કહેવાય છે તેઓને માન આપે છે. દોલા ખાડીના નાકે પૂજારી લોકો ( ગોઠી લોકો. ) ની ઓરડીઓ આવેલી છે. તેના ઉપર આઠક પગથીએ ઉંચી.

## વાઘણપોળ.

આવે છે. વાઘણપોળના દરવાજે બે બાજુ હનુમાન અને વાઘણની મૂર્ત્તિઓની ચોકીના ગોખ છે. જમણા હાથ તરફ શેઠ નરસી કેશવજીની ટુંકમાં જવાનો રસ્તો તથા તેના ગોઠી લોકોના ઉતારાની ઓરડીઓ છે.

For Private And Personal Use Only

શા. અમરચંદ બેચરદાસ—તમામ જાતના જૈન પુસ્તકો તથા ફોટાઓ વેચનાર, પાલીતાણા.



વિમલવશીની ટુંક.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિમલવશી.

## ( ડાબાહાથનાં દહેરાં. )

વાઘણ પોળના દરવાજામાં પ્રવેશ કરતાં હાથીપોળ સૂધીના ભાગમાં આવેલા દહેરાંના વિભાગને વિમળવશી નામે ઓળખવામાં આવે છે. તેની જમણી ડાબી બંને લાઈનમાં દહેરાં અને દહેરીઓનો આવેલ જથ્થો ક્રમવાર વંદન--નમસ્કાર કરવા માટે તેમજ ઓળખાણ પડવા માટે બતાવવાને આવ્યો છે. પોળમાં પેસતાં ડાબા હાથ તરફ.

૧ **શાંતિનાથનું દહેરૂં.૧**—દમણુવાળા શેઠ હીરા રાયકરણનું બંધાવેલું છે. અહીંઆગળ સર્વે ભાવિકો પ્રભુસ્તુતિ કરી ચૈત્યવંદન કરે છે.

૨ **ચક્રેશ્વરીમાતાનું દહેરૂં** ૧—શેઠ કરમાશાનું સંવત ૧૫૮૭ માં બંધાવેલું છે. આ દેવી તિર્થાધિરાજ શ્રી શેત્રુંજ્યની અધિષ્ટાયિત મહાદેવી છે. અહીં ભાવિકો દેવીની સ્તુતિ કરે છે.

૩ **સુપાર્શ્વનાથનું દહેરૂં.** ૧—આ દહેરૂં સંવત ૧૬૭૫માં બંધાયું છે. આ દહેરાને **વિમળવશીનું** યા **નેમનાથની ચોરીનું** દહેરૂં પ્રસિદ્ધપણે કહેવામાં આવે છે. મૂળનાયક સુપાર્શ્વનાથ છે.જાલીમાં પછવાડે ઉપરા ઉપર ત્રણ ચોમુખજી છે. છેલ્લા નિચેના ચોમુખવાળા ભાગમાં નેમનાથની ચોરી પથ્થરની આ લખેલી છે. ઘુમટમાં પશુઓ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો પોકાર આલેખેલો છે ને તેના સામે ભીંતમાં પ્રભુને-મીશ્વર અને યાદવોનો સમુહ જાન આકારે બતાવ્યો છે તેના એક ઉપરના ખૂણે રાજુલને ઓશીયાલે મુખે બતાવેલ છે. દહેરૂં દર્શનીકોને આલ્હાદ ઉપજાવે તેવું જોવા લાયક છે.

૪ **વિમલનાથનું દહેરૂં** ૧—આ દહેરૂં સંવત ૧૬૮૮ માં બંધાવ્યું છે.

૫ **અજિતનાથનું દહેરૂં**. ૧—આ દહેરૂં સંવત ૧૬૮૮ માં બંધાયું છે.

૬ **સહસ્ત્રફણા પાર્શ્વનાથનું દહેરૂં** ૧—શેઠ કુંવરજી લાધા શ્રીભાવનગરવાળાનું બંધાવેલું છે. સંવત ૧૮૧૫ માં પ્રતિષ્ટા કરાવી છે.

૭ **ધર્મનાથનું દહેરૂં** ૧—સંવત અઢારના સૈકાનું છે.

૮ **ચંદ્રપ્રભુનું દહેરૂં** ૧—ભંડારીનું બંધાવેલું છે. સંવત ૧૬૮૨ માં. આ દહેરૂં ત્રણ બારણાવાળું છે.

૯ **પાર્શ્વનાથનું દહેરૂં** ૧—કોટાવાળા શેઠ મોતીચંદ ઉગરચંદનું સં. ૧૯૦૩ માં બંધાવેલું છે.

૧૦ **શ્રીપ્રભુનું દેહેરૂં** ૧—જગતશેઠ મુર્શિદાબાદવાળાનું બંધાવેલું છે.


૧૧ **શાંતિનાથનું દહેરૂં** ૧—શ્રી જામનગરવાળાનું સંવત ૧૬૭૮ માં બંધાવેલું છે.

૧૨ **સહસ્ત્રફણા પાર્શ્વનાથનું દેહેરૂં** ૧—અસલ સુર્યકુંડના છેડાની કીનારીપર આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શા. અમરચંદ બેચરદાસ—તમામ જાતના જૈન પુસ્તકો તથા ફોટાઓ વેચનાર. પાલીતાણા.



શેઠ નરશી કેશવજીની દશમી ટુંક.

આનંદ પ્રી. પ્રેસ—ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ **ઋષભદેવનું દેહેરૂં** ૧–આ દહેરૂં કુમારપાળ રાજાનું બંધાવેલું હોવાથી હાલ તેમના નામથી ઓળખાય છે. તેમાં ચંદરાજા કુર્કટ પ્રીટીને પુનઃ મનુષ્ય થયો, એવા જલપ્રભાવવાળા અસલ સૂર્યકુંડના ઉપર આ દહેરૂં યુગપ્રધાનાચાર્ય હેમાચાર્યજીના વચનાનુસાર બંધાવવામાં આવ્યું છે. કેમકે કાળના મહાત્મ્યને લીધે તે કુંડના પાણીનો ગેરઉપયોગ ન થાય માટે.

## જમણા હાથ તરફના દહેરાં.

વાઘણપોળના જમણા હાથ તરફ પ્રથમ પહેલી ટુંક શેઠ નરશી કેશવજીની આવે છે. તેનાં દહેરાં–દહેરીઓની અને પ્રતિમાની વિગત.

૧૪ **પંચતિર્થીનું દહેરૂં ૧**—આ દહેરામાં સમોવસરણ-અષ્ટાપદ, સમેતશિખર, મેરૂપર્વત અને મૂળનાયકજી-વાળું. એમ પાંચ, એક ભમતીમાંના વચગાળે લોખંડની કમર સૂધીના કઠોડાવાળી જાળીમાં આવેલા છે. ખૂદ, શેઠ કેશવજી નાયકે સં. ૧૯૨૮ માં બંધાવ્યું છે.

૧૫ **પુંડરીકજીનું દહેરૂં ૧**—મૂળનાયક પંચતિર્થીના સામે એક નાના નાજુક દહેરી જેવા દહેરામાં પુંડરીક ગણ-ધરને સ્થાપ્યા છે.

આ ફક્ત બે દહેરાંની ટુંક નવી દશમી તરીકે ગણાઇ ચૂકી છે, તેમાં ઉપર નિચે એમ બે ગાળે ભમતી આવેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની કૂલ દહેરીઓ ૭૦ છે, તે સર્વેની એકંદર પ્રતિમાઓ સાતસો આશરે (૭૦૦) છે. ને પગલાં જોડી ૨ બે છે. પચીસ વર્ષ અગાઉ આ ટુંક ફક્ત એક દહેરાં તરીકે જાણવામાં આવતી હતી. પણ મુનિમ વલ્લભજી વસ્તા આવ્યા બાદ ધીમે ધીમે ભમતી પૂર્ણ કરી સામે પુન્ડરીકજીનું દહેરૂં સ્થાપી એક નાજુક ડેલી, પોળ બનાવવામાં આવ્યાથી દશમી નવી ટુંક ઓળખાવા પામી છે. આ ટુંકનો વહીવટ ખુદ ધણી તરફથી ચાલે છે.

**૧૬ પદ્મપ્રભુનું દહેરૂં** ૧—આ દહેરૂં રાધનપુરવાળા મસાલીઆનું બંધાવેલું છે.

**૧૭ મહાવીરજીનું દહેરૂં ૧**—આ દહેરૂં શ્રી શાંતિનાથજીના દહેરા સામે ઉંચા પરસાળ ઉપર મહાવીરજીના સમવસરણ–ત્રગડાગઢનું સંવત ૧૭૮૮ માં સુરતવાળા સોમચંદ કલ્યાણચંદનું બંધાવેલું છે.

**૧૮ ચિંતામણી પાર્શ્વનાથનું દહેરૂં ૧**—આ દહેરૂં ભંડારીવાળાનું બીજું બંધાવેલું છે. સં. ૧૭૯૧ માં છે.

**૧૯ ચંદ્રપ્રભુનું દહેરૂં ૧**—શા. પ્રેમજી રતનજીનું સંવત ૧૭૮૮ માં બંધાવેલું છે.

**૨૦ સંભવનાથનું દહેરૂં ૧**—બોગલશાવાળાનું બંધાવેલું છે.

**૨૧ પાર્શ્વનાથનું દહેરૂં ૧**—આ દહેરાંમાં ભીંતે નંદિશ્વરદ્વિપ તથા એક બાજુ અષ્ટાપદજી આરસમાં બહુ સુંદર કારિગીરીવાળા સુશોભિત છે. બે બાજુ બે હાથી આર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સના છે. મૂળનાયક પાર્શ્વનાથ એક બંગલી જેવી આરસની દહેરીમાં છે. દહેરૂં તદ્દન આરસમય કરેલું રમણિય છે. દહેરાંની બારસાખ ઉંચા ઓટલા ઉપર નાની હોવાથી એક દહેરી રૂપમાં ગણાઇ જાય છે, લોકો તેથી ઉપર ચડી નિરિક્ષણ ભાગ્યેજ કરે છે. જો મોટી બારસાખ મુકીને સુધારો કરવામાં આવે, તો તમામ યાત્રુને દર્શનનો લાભ મોટા અને જાણીતા દહેરાં સદ્દસ થાય એવું મનોહર છે તે લશ્કરવાળાએ બંધાવેલું છે.

૨૨ **શ્રી ચંદ્રપ્રભુનું દહેરૂં ૧**—પાટણવાળા ડુંગરશી મીઠાચંદ લાધાચંદે સં. ૧૮૬૯ માં બંધાવેલું છે.

૨૩ **સંભવનાથનું દહેરૂં** ૧—સુરતવાળા કેસરીચંદ વોહોરાનું બંધાવેલું છે.

૨૪ **અજિતનાથનું દહેરૂં** ૧—પાટણવાળા મીઠાચંદ લાધાચંદે સં. ૧૮૪૩ માં બંધાવ્યું છે.

૨૫ **પાર્શ્વનાથનું દહેરૂં** ૧—જીવણચંદ શેઠે સં. ૧૭૯૧ માં બંધાવ્યું છે.

૨૬ **ઋષભદેવનું દહેરૂં** ૧—શા. જવેર નાનજીનું સંવત ૧૮૬૦ માં બંધાવેલ છે.

૨૭ **ધર્મનાથનું દહેરૂં** ૧—અમદાવાદવાળા નાના માણેકવાળાનું સં. ૧૮૬૦ માં બંધાવેલું છે.

૨૮ **વીરસ્વામીનું દહેરૂં** ૧—મોરબીવાળા પીતાંબરદાસ પદમશીનું સં. ૧૮૬૪ માં બંધાવેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૯ **ચોમુખજીનું દહેરૂં** ૧—આ દહેરાંને ઘણા થંભ હોવાથી **સોથંભાનું** દહેરૂં કહેવાય છે. જોધપુરવાળા મનોતમલ જયમલજીએ સં. ૧૬૮૬ માં બંધાવ્યું છે.

૩૦ **ઋષભદેવનું દહેરૂં** ૧—અમદાવાદવાળા માણેકચંદ પાનાચંદની સ્ત્રી અંદરબાઈએ સંવત ૧૮૭૩ માં બંધાવ્યું છે.

૩૧ **પદ્મપ્રભુનું દહેરૂં** ૧—શા. કપૂરચંદ પટવાનું સંવત ૧૮૬૦ માં બંધાવેલું છે. આ દહેરૂં નાનું છે, પણ શિખરથી તે છેક તળિયા સુધી તદ્દન આરસનુંજ છે.

૩૨ **શ્રેયાંશ્વનાથનું દહેરૂં** ૧—જામનગરવાળાનું સંવત ૧૬૭૫ માં બંધાવેલું છે. આ દહેરાનો જામનગરવાળા લાલચંદભાઇ ( મોતીશામાં અમરચંદભાઈની ગાદી ઉપર ) આવ્યા પછી સારો સુધારો કર્યાથી એક ખુણામાં આવ્યા છતાં પણ યાત્રુઓ દર્શનનો લાભ ઘણો લે છે.

૩૩–૩૪ **સંભવનાથનાં દહેરાં** ૨—અમદાવાદવાળાનું સં. ૧૬૮૨ માં બંધાવેલું છે, તથા રીખવદાસ વેલજીનું એક બંધાવેલ છે.

૩૫ **દિગમ્બરીનું દહેરૂં** ૧—હુમડ લોકોનું એક દહેરૂં ગઢને લગતું આવેલું છે. તે આપણ શ્વેતામ્બરી સંઘે આત્મીક લાભ અને ઘણા જીવોને ઉપકારનું કારણ જાણીને દિગમ્બરી લોકોને એકજ દહેરૂં બાંધવાને જગ્યા આપી હોવાથી થોડા દાયકાથી તેઓએ બંધાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એણી રીતે મોટી ટુંક–દાદાની ટુંકના **વિમળવશી** વિભાગમાં મોટાં દહેરાં ૩૪ અને અને એક હુમડનું મળી પાંત્રીશ છે. તદુપરાંત ચક્રેશ્વરીમાતાના દહેરાના પગથિયાં સામે તિર્થ અધિષ્ટાયિત **કવડજક્ષ** (કપર્દ્દિયક્ષ) ની દહેરી ૧ માં કવડજક્ષની સિંદૂરવરણી ભવ્ય મુર્ત્તિ આસ્થાવંત યાત્રુઓના મનવંછીત પૂરે છે. આ દહેરી ભીંતમાં હોવાથી ઘણા લોકોના અજાણપણામાં હતી તે થોડાંજ વરસથી ભાવનગરવાળા શેઠ અમરચંદ જસરાજ વોહોરાએ એક ગુમટ બનાવી, બારણા જાળીના જોડે છત્રી કાઢેલી હોવાથી હાલ સર્વ કોઇના જાણવામાં આવેલ છે. તેથી સંખ્યાબંધ યાત્રુઓ હવે દર્શન કરવા લાગ્યા છે. વળી હાથીપોળ નજદીક એક આરસની સુંદર નકશીદાર દહેરીમાં શ્રી શેત્રુંજય મહાત્મ્યના કર્ત્તા યુગપ્રધાનાચાર્ય **ધનેશ્વરસૂરિજીની** મૂર્ત્તિ પગે લાગતા બે શિષ્યો સાથેની થોડાં વરસથી સ્થાપન કરેલી છે, અને કુમારપાળના દહેરાંના કિલ્લાને છેડે અને હાથીપોળને નાકે એક લાંબી ગલ્લી આવે છે. તે સૂર્યકુંડનો રસ્તો કહેવાય છે. એક વિશાળ ને ઠંડક આપનાર છત્રીવાળા વિસામા પાસે **સૂર્યકુંડ** નામે એક કુંઠ છે. તેના જોડે **ભીમકુંડ** નામા કુંડ ઘણો વિશાળ અને પાણીથી ચીકાર ભરેલો જોતાં ચક્કર આવે એવો દષ્ટિએ દેખાય છે. કિલ્લાની રાંગે ત્રીજો **બ્રહ્મકુંડ યા ઈશ્વરકુંડ** નામા કુંડ છે. તે ગઢની બહારના કાંઠેના એક ખુણાપર **દહેરી એક** પગલાંની છે. સૂર્યકુંડ અને ભીમકુંડના વચ્ચગાળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ખુણે એક દહેરી બંધાવીને તેમાં **શિવલિંગ** સ્થાપન કરવામાં જૈન લોકોએ શિવપંથના આપણા પૂજારીઓની સગવડ સાચવવા બુદ્ધિ વાપરી છે. તે પ્રશંસનિય ગણાય. ત્યારબાદ કુમારપાળના દહેરાંના ઉગમણા ભાગના પછવાડે એક ટાંકુ પાણીનું વિશાળ જગ્યાથી બાંધેલું છે. ને તે ટાંકુ અસલ સૂર્યકુંડના છેડા ઉપરનુંજ આવેલું કહેવાય છે. આ ટાંકામાંથી જળ લાવી તિર્થપતિ શ્રી આદિશ્વર ભગવાનને ન્હવણ પૂજા કરવામાં આવે છે. વિગેરે.


## હાથીપોળ.

વિમળવશી પસાર કરતાં હાથીપોળ આવે છે. આ પોળના દરવાજે બંને બાજુ બે રંગીન મોટા કદના હાથી ચીતરેલા છે. બંને બાજુના હાથીના ઉપર ભીંતે **બે ગોખલા** કાચના બારણાવાળા છે. તેમાં પ્રતિમાજીઓ દર્શન કરવા લાયક છે. તેના જોડે આઠ પગથીએ ઉંચે અંદરના કિલ્લાની ભીંતે એક મોટું બારણું સં. ૧૯૩૯માં મૂડકા વેરાના સમયમાં એક માસની છુટી થઇ હતી તે વખતે પાંત્રીશહજાર અધિક યાત્રુ એકઠું થયેલું, ત્યારે માણુસની મોટી ભીડને લઈ પાડવામાં આવેલ તે અત્યારે થોડા માણુસોમાં બંધ રખાય છે. હાથીપોળના અંદર મોટો ચોકીપહેરો તથા ફુલ વેચવાવાળાનો ઓટલો અને ચોકીવાળાના રસોડાના ઓરડાનો ભાગ આવેલો છે. તેની અંદર—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શા. અમરચંદ બેચરદાસ—તમામ જાતના જૈન પુસ્તકો તથા ફોટાઓ વેચનાર, પાલીતાણા.



આદિશ્વર ભગવાનનું દેહેરૂં (મોટી ટુંક)

આનંદ પ્રી. પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રતનપોળ.

**તિર્થપતી શ્રી આદિશ્વરભગવાનનું દહેરૂં** ૧–આ દહેરૂં સિદ્ધાચળ તિર્થનો મૂદ્દો છે. શેઠ કરમશાએ શ્રી શેત્રુંજયનો સોળમો ઉદ્ધાર વિક્રમ સં. ૧૫૮૭ માં કરીને **વૈશાકુવદ ૬** (મારવાડી જેઠવદ ૬) ના દિવસે આદિશ્વર ભગવાનને શેત્રુંજય મહાતિર્થની ગાદીએ પધરાવ્યા હોવાથી તે દિવસ શેત્રુંજય પતિની વર્ષગાંઠનો ભરતખંડના સમગ્ર જૈનોએ એક જાહેર તહેવાર પ્રમાણે પાળવો–ઉજવવો.

ભગવાનનું દહેરૂં ખાસ ચોદમા ઉદ્ધારનું બાહાડમંત્રીનું સં. ૧૨૧૩ માં ના ઉદ્ધારવાળું બંધાવેલું તેજ દહેરૂં પંદરમા અને સોળમા ઉદ્ધારવાળાએ કાયમ રાખ્યું છે. તે બાંધણી અને માંડણી ઉપરથી સાબિત થાય છે જે હાલ વિદ્યમાન જયવંતુ છે. ફરી ફરી ત્રણવાર બંધાવવામાં આવ્યું છે. તેથી વધારે વખત સમરાવવામાં આવ્યું છે. ચોદમા ઉદ્ધારના મુળ નાયક ભાવનગરના મોટા દહેરાંના મૂળનાયક મનાય છે. અને પંદરમા ઉદ્ધારનાં મૂળનાયકજી ત્યાંથી નહીં ઉઠતાં તખ્તે રહ્યા સમજાય છે. પૂર્વે દહેરૂં મોટું ગભારામાં અંદરની ભમતીવાળું હતું તે પરઘરના પાસેના ખુણા માંહેની પ્રતિમા ઉપરથી જણાઇ આવે છે. તથા ઉપરના ચોમુખના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગથી જણાઇ આવે છે. પંદરમા ઉદ્ધારની પ્રતિમાવાળા ભાગમાં આડી પાટ જડી લઈ ગભારાનો ફરતો ભાગ બંધ કરેલો મનાય છે. ને વર્ત્તમાન સોળમા ઉદ્ધારવાળા વિદ્યમાન દેખાતા ગભારામાં મૂળનાયકજીને પધરાવવાને ભાગ્યશાળી થયા છે. મૂળનાયકજીને રૂપાની છત્રીનો દરવાજો કર્યો છે. રૂપાનાં ગભારે કમાડ સુંદર નકશીવાળાં છે. તથા મોટા ઝુમર હાંડી અને તખ્તાઓથી અલંકૃત કર્યું છે.


## રથયાત્રાનો ચોક.

દાદાના દેહેરાંના સુશોભિત સમચોરસ ચોકમાં રથયાત્રા કાઢવામાં આવે છે. ઘણી ઉત્તમ નકશીવાળો સોના ચાંદીનો રથ, સોના ચાંદીની પાલખી, સોના ચાંદીનો ઐરાવત હાથી સુંદર ગાડી, સોનાના મેર આદિ બહુ મૂલ્યવાન વસ્તુઓથી ભરપૂર નીકળે છે. રથયાત્રા કઢાવનારને રૂા. ૨પા નકરો શ્રી આણંદજી કલ્યાણજીને ભરવો પડે છે.

આ ચોકમાં પૂજા પણ ભણાવવામાં આવે છે. પ્રથમ તો એક ફક્ત સ્નાત્રજ હમેશાં ભણાતું હતું. પૂજા તો કોઇકજ દિવસે ભણાતી હતી. પરંતુ એક દાયકા આશરે વરસથી દાદાના દરબારમાં આઠમાસ પર્યંત હમેશાં વિવિધ પૂજા રાગ રાગણિના લલકારથી હારમોનિયમ–વાજિંત્રમાં ભણાવવાનું જોઇ શકાય છે. પૂજાનો નકરો રૂા. પા આપવો પડે છે. જો સોનાના સમવસરણથી પ્રભુજી પધરાવીને ભણાવવામાં આવે તો બે રૂપિયા નકરો વધારે આપવો પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રથજાત્રા (શેઠજીની)

આનંદ પ્રી. પ્રેસ—ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ચોકમાં આરસ પથરાવવાનું પહેલવહેલું કામ ધુળિઆ નિવાસી સખારામ દુર્લભદાસે કરાવેલું છે. ને તેના ઉપર છાંયડા સારૂ લોખંડની છત્રી ખંભાયત વાળા શેઠ પોપટભાઈ અમરચંદે કરાવી છે. ત્યારબાદ આ રતનપોળની કુલ ભમતિમાં તેમજ દહેરાંઓમાં એટલે દાદાની આખી ટુંકમાં આરસ આરસજ દેખાય છે. તે કામ તિર્થજિર્ણોદ્ધારની દેશાવરમાં ટીપ કરીને મેસાણાવાળા શેઠ વેણીચંદ સૂરચંદ માર્ફતે શોભનિક થવા પામ્યું છે. નાના ઉદ્ધારવાળાની ટીપમાં ઉક્ત શેઠનું નામ ગણાવા કંઈ ખોટું નથી.

૨ **શ્રી પુંડરિક ગણધરનું દહેરૂં ૧**—દાદાના દહેરાંની સામે સં. ૧૫૮૭ માં ઉદ્ધારવાળા શેઠ કરમાશાનું બંધાવેલ છે. હાલ રૂપાની જાળી ગભારે કરાવી છે. તથા તેની ભીંતે ચીનાઈ સુંદરટાઇલ કલાયેલ મોરની પેઠે બેસાડેલી છે.

૩ **સિમંધરસ્વામીનું દહેરૂં ૧**—વસ્તુપાલ તેજપાલનું બંધાવેલ છે. તેમાં અમકાજ (અંબિકા) દેવીની મૂર્ત્તિ છે. **અમકાજનું ચરિત્ર**—આ અમકાજ મિથ્યાતી સાસરાના ઘરમાં જૈન ધર્મ પાળતી હતી. એકદા શ્રાદ્ધમાં ખીર કરેલી તે માસક્ષમણના પારણે સાધુ ગોચરી આવતા વહોરાવી દીધી. સાસુ પાણી ભરીને આવતાં પાડોશણે ચાડી ખાધાથી વહુને ધમકાવીને કહ્યું કે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાસ બે છોકરા તેમાં નાના છીકાને કેડમાં રાખી મોટા છીકાને આંગળીએ પકડી બહાર ચાલી જા. વિગેરેથી દુરાત્મા સાસુએ પજવીને કાઢી મેલી. ધણી આવતાં (માએ પોતાના છોકરાને) કહ્યું કે તારી વહુએ મુંડકાને આજ શ્રાદ્ધનું પ્રથમ ખાવાનું આપ્યું. છોકરો (ધણી) ગુસ્સે વધારે થયો, પણ ઉંધા પાડેલ વાસણ ઉઘાડીને જ્યાં જુએ છે ત્યાં વિવિધ જાતના પકવાનોથી ખુમચા ભરેલા દેખી પોતાની સ્ત્રીને બહારથી તેડી લાવવા કુહાડી ખંભે ધરતો જે દોડયો જાય છે. કેટલેક દૂરથી ધણીને ખંભે કુહાડો ધરી આવતો દેખી અમકાએ વિચાર્યું કે મને મારી નાંખશે. એટલે સતી અમકાજી એકદમ કુવામાં બંને છોકરાને લઇને પડી તેની પછવાડે ધણી પણ પડયો. ધણી મરીને ભેંસલો થયો, ને અમકા તે અંબિકા દેવીપણે થઇ. તેનું વાહન ભેંસલો તે મરનાર ધણીનો જીવ થયો. જેનો દેખાવ આબેહુબ નજરે પડે છે. અહીં નવરાત્રીમાં ગરબો ફેરવવામાં આવતો હતો. તે મોતીશા શેઠની ધર્મશાળા માંહેના મર્હુમ માસ્તર તલકચંદભાઇએ તે મિથ્યાતિ રિવાજ બંધ કરાવાને સમર્થ નિવડ્યા હતા.

૪ **નવા આદિશ્વરનું દહેરૂં**—આ દહેરૂં વસ્તુપાળ તેજપાળનું બંધાવેલું છે, અને તેમાં સુરતવાળા તારાચંદ સંઘવીએ ગયા સૈકામાં પ્રભુની પ્રતિષ્ટા કરાવી છે. ગયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૈકામાં તિર્થપતિ મુળનાયક આદિશ્વર ભગવાનના દહેરામાં પ્રભુની નાશિકાના ટેરવા ઉપર વીજળી પડતાં નાશિકા ખંડીત થયેલી જાણી શ્રીસંઘે ખંડિત પ્રતિમા નહિં પૂજવાને મરજી કર્યાથી મૂળનાયકને ઉત્થાપન કરી તેમની જગ્યાએ નવા આદિશ્વર સ્થાપવાને ધાર્યું. તેથી આ નવા આદિશ્વર ભગવાનનું ભવ્ય ને મનોહર વિશાળ ભાલવાળું બિંબ લાવવામાં આવ્યું હતું. પરંતુ અધિષ્ટાયિતના ચમત્કાર સાથે 'માં' કારના અવાજ થવાથી તથા શ્રેષ્ટીને સ્વપ્નમાં વળતા ઉદ્ધાર વિના નહિ ઉઠવાનું જણાવ્યાથી મૂળનાયકજી ઉત્થાપન કરવાનું બંધ રહ્યું, ને નાકનું ખંડીત ટેરવું રૂપાનું કરાવ્યું. આવેલ નવા આદિશ્વરજીને વસ્તુપાળનાં બંધાવેલ આ ખાલી દહેરામાં પધરાવ્યા. આ દહેરૂં દાદાના દહેરે જતાં ડાબા હાથનું જાણવું.

૫ **રીષભદેવનું દહેરૂં ૧**—આ દહેરૂં ઉજ્જનવાળા પાંચ ભાઇએ બંધાવ્યું હોવાથી પાંચ ભાઇના દહેરાને નામે ઓળખાય છે.

૬ **સહસ્ત્રકુટનું દહેરૂં ૧**—આ દહેરામાં આરસની એક ઉંચી ચોરસ પીઠીકામાં ચારે બાજુ નાના આકારના જિનબિંબો હજાર ઉપરાંતની સંખ્યામાં છે.

૭ **ગણધર પગલાનું દહેરૂં ૧**—આ દહેરૂં મૂળનાયકજીના દહેરાની ડાબી બાજુમાં આવેલું છે, તેમાં ચોવીસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુના કુલ ગણધર ચૌદસેંબાવનના પાદુકા જોડી એક પરસાળ દહેરાંમાં બાંધી તે ઉપર સ્થાપ્યા છે તથા ચો-વીશ પ્રભુના પણ પગલાં જોડી છે.

૮ **રાયણ પગલાંનું દહેરૂં ૧**—આ પગલાં દાદા આદિશ્વર ભગવાનના છે. પોતે એક લાખ પૂર્વમાં પૂર્વ નવાણું વાર આવી આ તિર્થરાજ ઉપર સમોસર્યા તે આ ઠેકાણેજ સમોસર્યા હતા. આ રાયણ પણ પ્રાય: શાશ્વતિમાં ગણાણી છે. આ પગલાં ઉદ્ધારવાળા કરમાશા શેઠે સં. ૧૫૮૭ માં પધરાવેલા છે. આરસની કમાનદાર નકશીવાળી સુંદર દહેરી તથા અંદર ભીંતે સુશોભિત સમેતશીખરજીનો આરસપહાણુમાં આલેખ અમદાવાદવાળા શેઠ દલપતભાઈ ભગુભાઈએ કરાવલ છે. તે શેઠ તિર્થ રક્ષક કમિટિના અગ્રેસર હતા.

૯ **રૂષભદેવનું દહેરૂં ૧**—રથખાનાના દરવાજા પાસેનું બે બારણાવાળું.

૧૦ **સંપઈજિનનું દહેરૂં ૧**—આ દહેરામાં વર્ત્તમાન ચોવીશી અને વીશીના પ્રભુના બિંબો પધરાવેલા છે. આ દહેરાંને **મૂળાશાના મંડપવાળું** દહેરૂં કહે છે. આ દહેરામાં ખંડિત બિંબનું ભોંયરૂં છે.

૧૧ **અષ્ટાપદનું દહેરૂં ૧**—સિંહનિષેધા નામનું ચૈત્યના આ ારે બે, દશ, આઠ ને ચાર એ પ્રમાણે ચારે દિશે પ્રભુના સમનાસાવાલા બિંબો ઉપરાંત રાવણ વીણા વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાડતો અને મંદોદરી નાચ કરતી મૂર્ત્તિને દેખાડવામાં આવી છે. લબ્ધિવંત ગૌતમસ્વામીની મૂર્ત્તિ પણ સ્થાપી છે. પગથીઆમાં તાપસોને ચિતરેલા બતાવ્યા છે.

**૧૨ સમેતશિખરનું દહેરૂં ૧**—આ દહેરાંને લોખંડના સરીઆત્રાળી જાળી ચારે બાજુ ભીડીને બારણાં મૂક્યાં છે. અહીં વીશ પ્રભુની પ્રતિમા અને તેની નિચે પગલાં સ્થાપન કર્યાં છે.

**૧૩ સમવસરણનું દહેરૂં ૧**—સંઘવી મોતીચંદશા પાટણવાળાનું સં. ૧૩૭૫ માં બંધાવ્યું છે. તેની પાસે પાણીનું ટાંકુ છે.

**૧૪ ચોમુખનું દહેરૂં ૧**—આ દહેરૂં છેલ્લી ભમતિના છેડે પુંડરિકજી જતાં પહેલાં આવે છે. તે ગાંધારીઆવાલાનું બંધાવેલું છે.

**૧૫ ખાલી દહેરૂં ૧**—આ દહેરૂં વસ્તુપાળ તેજપાળનું બંધાવેલ છે. તેમાં પ્રતિમાજી નથી. તેથી તેમાં ઉપરની આંગીના હમેશનાં દાગીના રખાય છે.

દહેરાં છ બીજા મળી એકંદર ૨૧ બીજી ભમતીના અને અર્ધ ત્રીજી ભમતીના મળીને છે. દાદાને પ્રદક્ષિણા મોટી ત્રણ ભમતિની કુલ દહેરી ૨૩૪ થી પૂરી થાય છે. રતનપોળનાં કુલ ઉપર લખ્યા મોટાં દહેરાં દહેરીઓ ઉપરાંત પૂર્વાચાર્યોની કેટલીક પ્રતિમાઓ તેમજ અર્વાચિન સમયના મહાન્ વિદ્વાન્ ધર્મધુરંધર ન્યાયાંભોનિધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજયાનંદ સૂરિશ્વર ઉર્ફે આત્મારામજી મહારાજની ભવ્ય મનોહર પ્રતિમા તથા ચોરાશી ચોવીશી સૂધી જેમનાં નામોના ગુણગ્રામ થશે, એવા વિજયાશેઠ ને વિજયારાણીની મૂર્ત્તિઓ, ગૌતમની સર્પ મયૂરની, રામચંદ્રની અને પ્રતાપવંત દેવીઓની મૂર્ત્તિઓ આ રતનપોળમાં નજરે પડે છે. ખંડિત થયેલી પ્રતિમાના ભોંયરા વિગેરે ઘણું જોવાનું મળી આવે છે. નહાવાની સુંદર જગ્યામાં યાત્રુના કપડાં ઉપર દેખરેખ રાખનાર ચોકીનો બંદોબસ્ત છે. સુખડ–કેશરનો ભંડાર પણ ત્યાંજ આવેલો હોવાથી તે નિમિત્તના પૈસા નાંખનારને સુગમ પડે છે.

વાઘણપોળની અંદરથી રતનપોળ સુધીના દહેરા, દહેરી, પ્રતિમા, ને પાદુકાની એકંદર સંખ્યાનો કોઠો.

| | | દહેરાં | દહેરી | પાદુકા જોડી. |
|---|---|---|---|---|
| **વિમલવશી—** | | ૩૪ | ૫૯ | ૨૦૯ |
| | પ્રતિમા. | ૧૧૩૪ | ૩૧૭ | |
| | | દહેરાં | દહેરી | પાદુકા જોડ. |
| **રતનપોળ—** | | ૨૬ | ૨૩૪ | ૧૬૬૩ |
| | પ્રતિમા. | ૧૯૨૧ | ૧૩૯૪ | |

**નરશી કેશવજીની ટુંક—** ૨ દહેરી. ૭૦ દહેરી } કુલ ૭૦૦ પ્રતિમા ને બે પગલાં જોડી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શા અમરચંદ બહેચરદાસ–તમામ જાતના જૈન પુસ્તકો તથા ફોટાઓ વેચનાર, પાલીતાણા.



મોતીશાની ટુંક ( અંદરનો ભાગ )

આનંદ પ્રી. પ્રેસ–ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટી ટુંક યાને દાદાની ટુંકમાં એકંદર ૬૦ દેહેરાં, ૨૯૩ દહેરીઓ. ને ૪૭૬૬ પ્રભુ પ્રતિમા આવેલા છે. તેમાં નરશી કેશવજીનાં ઉમેરતાં. પ્રતિમાં ૫૪૬૬ થાય છે. તે ૬૨ દહેરાંને ૩૬૩ દહેરીઓ થાય છે. ને પહેલાં જોડ ૧૮૭૪ થાય છે. તે તથા ભૂલથી રહી ગયેલી પ્રતિમાજી તથા ચરણુને ત્રીકાળ નમસ્કાર ત્રીકરણુ શુદ્ધે હોજો ! નરશી કેશવજીની ટુંકનો વહીવટ ધણી તરફથી ચાલે છે, ને દાદાની ટુંકનો શ્રી આણંદજી કલ્યાણજી ચલાવે છે. આખા તિર્થની અને તિર્થભૂમીની દેખરેખ બાહોસ મુનિમના હાથ તળે સંખ્યાબંધ મહેતા, નોકરો, સિપાઇઓ અને ઈન્સ્પેકટર દ્વારા ઉત્તમ પ્રકારે છે.

# પ્રકરણ ૧૨ મું.

## મોતીશા શેઠની ટુંક યાને મોતીવસી.

મુંબઈવાળા પ્રખ્યાત ધનાઢ્ય વેપારી શેઠ મોતીચંદ અમીચંદે ચીન, જાપાન અને ઈંગ્લાંડ વિગેરે વિદેશોના વેપારી જોરે નાના પ્રકારના માલનો ક્રયવિક્રય કરી કરોડો દ્રવ્ય પેદા કર્યું હતું. તેથી તેમણે દેશ–પરદેશમાં અનેક પ્રકારના શુભ ખાતામાં પોતાના દ્રવ્યનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




ઉપયોગ કરી સુનામના મેળવી હતી. એકદા શ્રી શેત્રુંજાની યાત્રાએ આવતાં રામપોળની બારી પાસે એક મોટો વિશાળ ઉંડો કુંતાસર નામે ખાડો-ગાળો જોયો. અને તે ઉપર દેવળ બંધાવવાને મન પ્રફુલ્લ થયું હોવાથી પોતાના મિત્રો શેઠ હઠીભાઇ વિગેરેને કહ્યું. ત્યારે શેઠ હઠીભાઇ વિગેરેઓએ જણાવ્યું કે ચોથા આરામાં ઘણા અતુલી ધનવંતો હતા, છતાં આ ખાડો ફકત પૂરાવાને પણ સમર્થ ન થયાં તો પછી ઉપર દેવળ બાંધવાની વાતો શાની કરવી. આ ઉદ્ગારો સાંભળતાં શેઠ મોતીશાએ કહ્યું કે આ ખાડો પૂરવા જેટલી મુંબઈમાં મારી પાસે સીસાની પાટો અને સાકરની વખારો ભરેલી છે. ને માહારે તો શુભ મૂહુર્તે ખાતમૂહુર્ત્ત કરવું છે. એટલે શેઠે શુભ લગ્ને તેવા અવસરમાં ખાતમૂહુર્ત્ત કર્યું તેનાં પાયામાં સંખ્યાબંધ સીસાની પાટો અને સાકરના ભરેલા કોથળા નાંખવામાં આવ્યા હતા. સંવત ૧૮૯૨ માં પાયો પૂરાવી તળીયું સરખું કરી દઇ તે ઉપર આત્માને આનંદ ઉપજે તેવું ત્રણ માળનું ‘ નલિનિલ્ગુલ્મ ’ નામા વિમાનના આકારવાળું ભવ્ય દહેરાસર પોતે બંધાવી તૈયાર કરાવવા સમર્થ નીવડ્યા. ત્યારે તેમના દેહેરાનાં પડખે પડખે ચારે બાજુ હઠીભાઇ શેઠ, દિવાન અમરચંદ દમણી, મામા પ્રતાપમલ જોઇતા અને ગોઘા, ઘોલેરાવાળા વિગેરેએ પોતાના નામના દહેરાં બંધાવ્યા. ચોથા આરાના કોઢ્યાધિપતિઓ અને દેવો પણ સમર્થ ન થયા એવા કુંતાસરના ગાળાને પૂરી શેઠશ્રીએ મનોહર દહેરૂં બંધાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શા અમરચંદ બહેચરદાસ તમામ જાતના જૈન પુસ્તકો તથા ફોટાઓ વેચનાર, પાલીતાણા.



આદેશ્વર ભગવાન તથા મોતીશાની ટુંકનો આગળનો તમામ ભાગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટુંકની રચના સારૂ ફરતો ચાર કોઠાવાળો મજબૂત કિલ્લો બાંધ્યો ને બે બાજુ પોળ બનાવી ને વચ્ચે એક બારી મૂકી પ્રતિષ્ટા નીજ હાથે કરવાની ઘણી ઉમેદવાળા શેઠશ્રીનો દેહોત્સર્ગ થયો. એટલે સંવત ૧૮૯૩ માં તેમના સુપુત્ર શેઠ ખીમચંદ-ભાઈએ મોટો સંઘ કાઢી બાવન સંઘવીઓના સંઘપતી થઈ શ્રી શેત્રુંજયતિર્થે પધારી વિધિ-વિધાનયુક્ત અંજનસલાકા કરી માહા વદ ૨ ના દિવસે મૂલનાયક શ્રી રિષભદેવ ભગવાનની મનોહર પ્રતિમાને તખ્તનશિન કર્યાં.

આ વિશાળ ટુંકમાં આવેલા દહેરાંઓની વિગત અને કુલ પરિવાર નિચે મુજબ જણાવવામાં આવ્યો છે.

૧ **ઋષભ દેવનું દહેરૂં**—ટુંકના મૂલનાયકનું શેઠ મોતીશાનું સં, ૧૮૯૨ માં તૈયાર કરેલું. જેની પ્રતિષ્ટા શેઠ ખીમચંદ મોતીશાએ સં. ૧૮૯૩ ના મહા વદ ૨ ના રોજે કરી છે.

૨ **પુંડરિકસ્વામીનું દહેરૂં** ૧—શેઠ મોતીશાનું બંધાવેલું, ને સં. ૧૮૯૩ માં પ્રતિષ્ઠા થઇ.

૩ **ધર્મનાથનું દહેરૂં**—શેઠ હઠીભાઈ કેસરીશંગ અમદાવાદવાળાનું બંધાવેલું.

૪ **ધર્મનાથનું દહેરૂં** ૧—શેઠ અમરચંદ દમણીનું બંધાવેલ. આ દહેરામાં માણેક રતનના બે સાથિયા ( સ્વસ્તિક ) મૂળનાયકની ભીંતે જડેલા છે. ઉક્ત શેઠ મોતીશા શેઠના દિવાન તરીકે ગણાયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ **ચૌમુખનું દહેરૂં** ૧—શેઠ પ્રતાપમલ જોઈતાનું બંધાવેલ. આ શેઠ, મોતીશા શેઠના મામા થતા હતા.

૬ **ચૌમુખનું દહેરૂં** ૧—ધોલેરાવાળા શેઠ વીરચંદ ભાઈચંદનું બંધાવેલ. જેમણે જયતળેટીમાં ડાબી બાજુ ( જતાં જમણા હાથ ) તરફનો મંડપ બંધાવેલ છે તે.

૭ **રિષભદેવનું દહેરૂં** ૧—ગોઘાવાળા પારેખ કીકાભાઈ ફૂલચંદનું બંધાવેલું છે. જેમણે મુંબઇ જેવી અલબેલી નગરીના ગોડીજી મહારાજના દહેરાને મોટી મિલ્કતો સોંપી ગોધારીઓનું નામ અવલ દરજ્જે રાખ્યું છે ને તે ગોધારી બાલાભાઇ દીપચંદનું બંધાવેલ છે.

૮ **ચૌમુખનું દહેરૂં** ૧—માંગરોળવાળા નાનજી ચીનાઈનું બંધાવેલું છે.

૯ **શ્રીપ્રભુનું દહેરૂં** ૧—અમદાવાદવાળા ગલાલબાઇનું બંધાવેલ છે.

૧૦ **શ્રીપ્રભુનું દહેરૂં** ૧—પાટણવાળા શેઠ પ્રેમચંદ રંગજીનું બંધાવેલ છે.

૧૧ **પાર્શ્વનાથનું દહેરૂં** ૧—સુરતવાળા શેઠ તારાચંદ નથુનું બંધાવેલ છે.

૧૨ **ગણધર પગલાનું દહેરૂં** ૧—સુરતવાળા શેઠ ખુશાલ તારાચંદનું બંધાવેલ છે.

૧૩ **સહસ્ત્રકુટનું દહેરૂં** ૧—મુંબઇવાળા શા. જેઠા નવલશાનું બંધાવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૪ શ્રીપ્રભુનું દહેરૂં** ૧—શેઠ કરમચંદ પ્રેમચંદનું બંધાવેલ. ઉક્ત શેઠ અમરચંદ દમણીના કાકા થતા હતા.

**૧૫ શ્રીપ્રભુનું દહેરૂં** ૧—ખંભાતવાળા પારેખ સ્વરૂપચંદ હેમચંદનું.

**૧૬ શ્રીપ્રભુનું દહેરૂં** ૧—પાટણવાળા જેચંદભાઇ પારેખનું બંધાવેલ છે.

એ રીતે મોટાં સોળ દહેરાંના ગોળ ઘેરાવાથી મોટાં દહેરાંને વિમાનના આકારમાં જોતાં આખી ટુંક મનહરણી થઇ પડે છે. તેમાં આવેલા પુંડરિકજીની પ્રતિમાનો ચહેરો આખા શેત્રુંજય તિર્થ ઉપર કોઈ અલૌકિકજ દેખાય છે. ફરતી ચારે બાજુની ભમતિની કુલ દહેરીઓ ૧૨૩ છે. વચલી બારીમાં નાકે એક ગોખ કાચના બારણાનો છે. તેમાં ચંદ્રકુળ શિરોભૂષણ મહા પ્રતાપવંત ગણિમહારાજ શ્રી મુક્તિવિજયજી ઉર્ફે મુલચંદ્રજી મહારાજની આબેહૂબ મૂર્ત્તિ પધરાવી છે. આ મુનિરાજ આખા ગુજરાત કાઠિયાવાડના ભવ્ય જીવોના મહાન્ ઉપકારી શાસન વૃદ્ધિ પમાડનારા શુદ્ધ સંવિજ્ઞ અથંગ વિદ્વાન્ સં. ૧૯૪૫ માં થઈ ગયા છે. તેઓ મુનિરાજ વૃદ્ધિચંદ્રજી, નીતિવિજયજી અને આત્મારામજી મહારાજના મોટા ગુરૂભાઈ હતા.

કુંડનો આકાર બારીએથી વાવ જેવો લાગે છે. કુંડના છેડા તરફના કિલ્લાની ઓથે ગાળાની અધિષ્ઠાયિત્ કુંતાસર દેવીની મૂર્ત્તિને પધરાવી છે. આ ટુંકનો વહીવટ ધણી તરફ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી મુનિમ દ્વારા ચલાવે છે. દેખરેખ ધણીની પોતાના દોહિત્રા યાને દત્તક મુંબઈના સંઘપતી રતનચંદ ખીમચંદ મોતીશાની છે. આખી ટુંકમાંના દહેરાં દહેરીનો વિસ્તાર નીચે મુજબ છે.

| | | | | |
|---|---|---|---|---|
| દહેરાં | ૧૬ | દહેરીઓ | ૧૨૩ | એકંદર પ્ર૦ ૨૪૬૩ છે. |
| પ્રતિમા | ૧૫૧૮ | પ્રતિમા | ૯૦૫ | |

તદુપરાંત રાયણ પગલાં અને ગણધર પગલાં જોડી ૧૪૫૭ છે. જ્યાં વલી ઘણાં દહેરામાં દહેરાં બંધાવનારા શેઠ શેઠાણીઓની મૂર્ત્તિઓ પણ આવેલી છે.

## બાલાભાઇ ટુંક ઉર્ફે બાલાવસી.

પુરાતન બંદર ગોઘાના રહીશ શેઠ દીપચંદ કલ્યાણજીએ સંવત્ ૧૮૯૩ માં લાખો રૂપિયા ખરચી એક વિશાળ ટુંક બાંધી છે. તેને ફરતો કોટ છે. શેઠ દીપચંદભાઇનુ હુલામણાનું નામ બાલાભાઈ હોવાથી દરેક વ્યક્તિ બાલાભાઇને કહીને બોલાવતી હોવાથી બાલાભાઇ નામ જગદ્વિખ્યાત પામ્યું. ઉક્ત શેઠે મુંબઇમાં પાયધુની ઉપર ગોડીજી પાર્શ્વનાથનું વિશાળ ઓટલાવાળું ભવ્ય અને હજારોની ઉપજવાળી ચાલી બંધાવી આપી મોટા સંઘ વચ્ચે પોતાનું અને પોતાના સંઘનું નામ દેશ પરદેશના સંઘ વચ્ચે એક અલબેલી નગરીમાં મશહૂર કર્યું છે. ગોડીજીના દહેરાસાં અગ્ર ભાગ ગોઘારીઓ લેવા પામે છે. તેનું કારણ એજ છે કે ખૂદ ગોઘારીનુંજ બંધાવેલું છે. ને શેઠ કીકાભાઇ ફુલચંદ તથા શેઠ ઓધવજી કરમચંદ થઈ ગયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંસુધી ગોડીજીનો કારોબાર ગોઘારી લોકોના અગ્રગણ્ય-પણામાં ઉપરના શેઠો સ્વતંત્રપણે ચલાવતા હતા.

આ ટુંકમાં દહેરાં-દહેરીઓ વિગેરેની વિગત નિચે મુજબ છે.—

૧ **ઋષભદેવનું દહેરૂં.** ૧—શેઠ બાલાભાઇએ સં. ૧૮૯૩ માં બંધાવ્યું છે.

૨ **પુંડરિકજીનું દહેરૂં.** ૧—શેઠ મજકૂરે ઉપર પ્રમાણે બંધાવ્યું છે.—

૩ **ચૌમુખનું દહેરૂં.** ૧—મુંબઇવાળા તરફથી ફત્તેચંદ ખુશાલનું. સં. ૧૯૦૮ માં બંધાયું છે.

૪ **વાસુપૂજ્યનું દહેરૂં.** ૧—કપડવંજવાળા મીઠા ગલાએ સં. ૧૯૧૬ માં બંધાવ્યું છે.—

૫ **શ્રી પ્રભુનું દહેરૂં.** ૧—ઇલોરવાળા માનચંદ વીરજી-નું બંધાવેલ છે.—

૬ **શ્રી પ્રભુનું દહેરૂં.** ૧—પુનાવાળાએ બંધાવેલ છે અને આ ટુંકનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી કરે છે.

## અદભૂત—આદિનાથનું દહેરૂં.

ઉપરની ટુંકને મથાળે પોણોસો પગથીએ ઉંચાઇમાં સં. ૧૬૮૬ માં ધરમદાસ શેઠે બંધાવીને પાંચસે ધનુષના નમુનાની, પ્રમાણમાં આદિનાથ ભગવાનની અદભૂત આશ્ચર્યકારી પ્રતિમા ડુંગરમાંથી કોતરાવીને અજંન-પ્રતિષ્ટા વિધી કરાવી પૂજ-નીક કરી છે. આ દહેરાંને હાલ ફરતો કોટ આણંદજી કલ્યાણ-

For Private And Personal Use Only

જીએ કરી લીધો છે. આ દહેરેથી તિર્થરાજ સામે નજર કરતાં જયધ્વજ ફરફતા આકાશગામી શ્રૃંગોવડે શોભીતા થયેલા તમામ દહેરાંઓના દર્શન થાય છે. આ દહેરાંને ઘણાં વરસથી અજ્ઞાન લોકો ભીમનું દહેરૂં કહેતાં હતાં. તેથી ભીમઅગ્યારશના દિવસે પ્રભુશ્રીની પૂજા નવાંગે કરતા હતા. પણ લોકોની દ્રષ્ટીમાંથી તે ભેદ દૂર થયો ને જ્ઞાતા થયા એટલે મુનિમ ગીરધરલાલ બાબુના સમયમાં આ અદ્‌ભૂતકારી આદિનાથ પ્રતિમાની નવાંગે પખાળ પૂજા કરવાનું શ્રીતિર્થપતિની વરસગાંઠના દિવસે એટલે દર વૈશાક વદ ૬ ના દિવસે રાખી પ્રમાણુવત્ કરી અજ્ઞાન રીતીને દૂર કરી છે.

# પ્રકરણ ૧૩ મું.

## પ્રેમચંદ મોદીની ટુંક ઉર્ફે પ્રેમાવસી.

રાજનગરના ધનાઢ્ય વેપારી મોદી પ્રેમચંદ લવજીએ શ્રી સિદ્ધાચળનો સંઘ કાઢી તિર્થપતિને મોટા આડંબરે ભેટી ઉંચાણુ ટેકરીના સપાટ ભાગમાં દહેરાં બાંધવાનું મત થયું. પ્રણુામની ધારા ઉંચી હોવાથી એક ભવ્ય ટુંક બાંધીને પ્રતિષ્ઠા કરી. તેમાં સાત દહેરાં અને ૫૧ દહેરીઓ આવેલી છે.

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ **રુષભદેવનું દહેરૂં**—મોદી પ્રેમચંદ લવજીએ સં. ૧૮૪૩ માં બંધાવ્યું છે.

૨ **પુંડરિકજીનું દહેરૂં** ૧—મોદી પ્રેમચંદ લવજીએ સં. ૧૮૪૩ માં બંધાવ્યું છે.

૩ **સહસ્રફણા પાર્શ્વનાથનું દહેરૂં** ૧—સુરતવાળા રતનચંદ ઝવેરચંદ ઘુસનું બંધાવેલ તદ્દન આરસનું છે. આ દહેરામાં આરસના બે ગોખલા સામસામે છે, તેની કોરણી આબૂ તિર્થ ઉપરના (વસ્તુપાલ તેજપાલની ભાર્યા) દહેરાણી જેઠાણીના ગોખલાની કોરણીના નમુના યાદ કરાવે છે. સં. ૧૮૬૦

૪ **સહસ્રફણા પાર્શ્વનાથનું દહેરૂં** ૧—સુરતવાલા ઝવેરી પ્રેમચંદ ઝવેરચંદ ઘુસનું સં. ૧૮૬૦ માં તદ્દન ખાસ પાણા (પથ્થર) નું બંધાવેલ છે.

૫ **શ્રી પ્રભુનું દહેરૂં** ૧—પાલણપુરવાળા મોદીનું બંધાવેલ છે.

૬ **શ્રી ચંદ્રપ્રભુનું દહેરૂં** ૧—મહુધાના નીમા શ્રાવકોનું સં. ૧૮૬૦ માં બંધાવ્યું છે.

૭ **શ્રી પ્રભુનું દહેરૂં** ૧—રાધનપુરવાલા શેઠ લાલચંદ ભાઇનું બંધાવેલ છે.

આ ટુંકને ફરતો કિલ્લો છે, તેમાં સાત ૭ દહેરાં અને એકાવન ૫૧ દહેરીઓમાં કુલ પ્રતિમા ૪૮૦ છે. ગણધર પગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાંના ઓટઓ એકમાં પગલાં જોડી ૧૪૫૨ છે. વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી ચલાવે છે.

## ખોડીઆર માતાનું સ્થાનક.

મોદીની ટુંકના કોટ બહારના વિશાળ ચોકમાં એક કુંડ આવેલો છે, તે કુંડના નીચાણના પગથીઆ પાસે એક ઓરડીમાં ખોડીઆર માતાનું સ્થાન છે. માતાની મૂર્ત્તિ અને ત્રિશૂલો છે. શેઠીઆ કુટુમ્બના લોકોની આ માતા કુળદેવી છે. તેથી શેઠ કુટુમ્બવાળા પરણીને આવતાં અહીં છેડાછેડી છોડે છે. તથા પુત્રજન્મના કર અહીં આવીને કરે છે. ચોમાસામાં કુંડ પાણીથી ભરાય છે, ત્યારે ઓરડીમાં પણ પાણી ભરાય છે. તો પણ તેના ત્રિશૂલ વિગેરે રહે છે. પૂર્વે આ દેવીનો પરચો ચમત્કારી હતો, પરંતુ કાલના મહાત્મ્યે તે પણ મનુષ્ય લોકોના મન પ્રમાણે વર્ત્તે છે.

## શેઠ હેમાભાઇની ટુંક–હેમાવસી.

શ્રી વિજયહીરસૂરિશ્વરની પ્રભુભક્તિ અને ચમત્કારી વિદ્યાબળને જોઇ મોગલ બાદશાહ અકબરશાહે કૂલ જૈન તિર્થનો ભોગવટો--કબજો સૂરિ મજકૂરને સોંપ્યો. જો કે જૈનોનો હતો તે જૈનોને સોંપ્યો છે. તો પણ રાજ્ય રીતિ પ્રમાણે નવી સનંદો નહિં માગતા યાવત્‌ચંદ્ર દિવાકરૌના ફુરમાનો કરી આપ્યા હતા. સૂરિશ્વર મહારાજ હિરવિજયે ક્ષયોપશમ પ્રમાણોના જ્ઞાનબળથી જાણી દીર્ઘકાળ તિર્થ રખોપા કરનાર ઉત્તરોત્તર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેઢીના ખાનદાન અને ધર્મ શ્રદ્ધાવંત પુરૂષ રાજનગર ઉર્ફે અમદાવાદના નગરશેઠ શાંતીદાસ શેઠને તે ફુરમાનો સહી સાથથી કરાવી આપ્યા. જે પ્રમાણે તિર્થોનું સુરક્ષણિય રખોપું તેઓ શેઠથી માંડી અત્યાર સૂધી એક સરખી રીતે પ્રશંસનિયપણે ચાલી રહ્યું છે. તે સૂરિજી મજકૂરનો સદરહુ શેઠ કુટુમ્બ ઉપરનો એક સરખો મહાન્ પ્રભાવશાળી પ્રતાપ !! કેમકે અદ્યાપી પર્યંત-હાલ પણ તેમનાજ તનુજોનું અગ્રગણ્યપણું છે.

શાંતીદાસ શેઠના પૌત્રના પૌત્ર નગરશેઠ હેમાભાઇએ સં. ૧૮૮૨ માં આ વિશાળ ટુંક બંધાવીને સં. ૧૮૮૬ માં મૂળ દહેરામાં મૂલનાયક અજિતનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરી. દેહેરાં ૪ તથા ૪૩ દહેરીઓનો સમાવેશ થયો હાલ જોવાય છે. દેહેરાની વિગત નીચે પ્રમાણે છે.

૧ **અજિતનાથનું દહેરૂં** ૧—સં. ૧૮૮૨ માં શેઠ હેમાભાઈ વખતચંદ ખુશાલચંદે બંધાવ્યું ને ૧૮૮૬ માં પ્રતિષ્ઠા કરી.

૨ **પુંડરિકનું દહેરૂં** ૧—સં. ૧૮૮૨ માં શેઠ હેમાભાઇ વખતચંદે બંધાવ્યું ને સં. ૧૮૮૬ માં પ્રતિષ્ઠા કરી.

૩ **ચૌમુખનું દહેરૂં** ૧—શેઠ સાકરચંદ પ્રેમચંદે સં. ૧૮૮૮ માં બંધાવ્યું.

૪ **ચૌમુખનું દહેરૂં** ૧—શેઠ હેમાભાઈ વખતચંદે સં. ૧૮૮૬ માં બંધાવ્યું.

દહેરાં ૪ મધ્યે પ્રતિમા ૧૧૭ તથા દહેરી ૪૩ મધ્યે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિમા ૨૦૬ મળી કુલ પ્રતિમા ૩૨૩ છે. પોળના બહાર બે બાજુ બે નાના કુંડો પાણીના આવેલા છે તથા ગોઠીના ઉતારાની ઓરડી એક બાજુપર આવેલી છે. આ ટુંકનો વહીવટ માલિકે બે વરસથી ઉચક રકમ આપીને કાયમને માટે શેઠ આણંદજી કલ્યાણજીને સોંપી દીધો છે. જે સ્તુત્ય પગલું ભર્યું કહેવાય. આશા છે કે અન્ય ટુંકોવાળા પણ તેઓશ્રીને પગલે ચાલી શોભા વધારશે.

## ઉજમબાઈની ટુંક-ઉજમવસી.


ઉજમબાઈ તે અમદાવાદના પ્રખ્યાત નગરશેઠ પ્રેમાભાઈના ફઈ થતા હોવાથી લોકો ઉજમફઈના નામે પણ ઓળખે છે. આ ટુંકને નંદિશ્વરની પણ ટુંકથી ઓળખવામાં આવે છે. ઉક્ત શેઠાણીએ સુંદર નકશીવાળી પથ્થરની જાળીવાળા કિલ્લેબંધ કરી તેની અંદર સતાવન ચૌમુખની રચના કરી છે. સતાવન શ્રૃંગ જુદા જુદા ગિરીપર્વતોથી ઓળખાય છે. આ રચનાવાળા ચૌમુખના સમુહને નંદિશ્વરદ્વીપ કહે છે. શેઠાણી મજકૂરે અમદાવાદમાં અષ્ટાપદના દહેરામાં આજ તલાઅતે નંદિશ્વરદ્વીપનું દહેરૂં બંધાવી લક્ષ્મિનો સદ્દવ્યય કરી અપૂર્વ પુન્યોપાર્જન કરી નામને અમર કર્યું છે. આ ટુંકમાં ત્રણ દહેરાં અને બે દહેરીમાં કુલ પ્રતિમાજી નીચે મુજબ છે.

૧ **નંદિશ્વરદ્વીપનું દહેરૂં**—શેઠાણી ઉજમફઇનું સં. ૧૮૯૩ માં બંધાવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શા અમરચંદ બેચરદાસ તમામ જાતના જૈન પુસ્તકો તથા ફોટાઓ વેચનાર પાલીતાણા.



ઉજમબાઇની ટુંક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૨ કુંથુનાથનું દહેરૂં**—સં. ૧૮૪૩ માં ડાહ્યાભાઇ શેઠનું બંધાવેલ છે.

**૩ શાંતિજિનનું દહેરૂં**—બ્હેન પરસનબાઇનું બંધાવેલ છે.

આ ટુંકમાં ત્રણ દહેરાં અને બે દહેરીમાં મળી કુલ પ્રતિમાજી ૨૭૪ છે. વહીવટ શેઠ હેમાભાઈ વખતચંદવાળા ચલાવતા હતા, પરંતુ તેમણે પોતાની ટુંકની સાથે આ પણ ટુંક શેઠ આણંદજી કલ્યાણજીને સુપ્રત કરી હોવાથી શેઠ આણંદજી કલ્યાણજી વહીવટ કરે છે. અંદરના ભાગમાં દહેરીઓ થઇ શકે તેવી જગ્યા સારી છે. તેથી ત્યાં દહેરીઓ થવા સંભવ છે.

## સાકરચંદ પ્રેમચંદની ટુંક યાને સાકરવશી. છીપાવસી અને પાંડવોનું દહેરૂં.

અમદાવાદવાળા શેઠ સાકરચંદ પ્રેમચંદે સં. ૧૮૯૩ માં ટુંક બંધાવીને પ્રતિષ્ઠા કરી **સાકરવસી** નામ રાખ્યું છે. ટુંકને ફરતો કોટ છે.તેમાં ત્રણ દેહેરાં અને એકવીશ દેહેરીઓ આવેલી છે. દેહેરાંની વિગત—

**૧ ચિંતામણી પાર્શ્વનાથનું દેહેરૂં ૧**—શેઠ સાકરચંદ પ્રેમચંદે સં ૧૮૯૩ માં બંધાવ્યું છે, મૂળનાયક પંચધાતુના મોટાં બિંબશ્રી ચિંતામણી પાર્શ્વનાથજી છે.

**૨ પદ્મપ્રભુનું દહેરૂં** ૧—શેઠ લલ્લુભાઇ જમનાદાસનું સં ૧૮૯૩ માં બંધાવેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૩ પદ્મપ્રભુનું દેહેરૂં ૧**—શેઠ મગનભાઈ કરમચંદનું સં. ૧૮૯૩ માં બંધાવેલ છે.

ઉપર મુજબ દહેરાં ૩ માં પ્રતિમા ૬૨ અને દહેરી ૩૧ માં પ્રતિમાજી ૮૭ છે. એકંદર પ્રતિમા ૧૪૯ છે. વહીવટ શેઠ તરફથી વારસદાર અંબાલાલ સારાભાઈ ચલાવે છે.

## છીપાવસી.

આ ટુંક ઘણી નાની દહેરાંના આકારે સં. ૧૭૯૧ માં છીપા (ભાવસાર) લોકે બંધાવી છે. તેમાં ત્રણ દેહેરાં અને ચાર દહેરીઓ છે. દેહેરાંની વિગત—

**૧ ઋષભદેવનું દહેરૂં ૧**—આ દહેરૂં છીપા લોકે બંધાવી સં. ૧૭૯૧ માં પ્રતિષ્ઠા કરી.

**૨ શ્રી પ્રભુનું દહેરૂં ૧**—સં. ૧૭૮૮ માં બંધાયું છે. તે સાકરવસીના ગઢ જોડે આવેલ છે.

**૩ શ્રી નેમનાથનું દહેરૂં ૧**—શા. હરખચંદ શીવચંદે સં. ૧૭૯૪ માં બંધાવ્યું છે.

આ દહેરાં પાસે અજિતનાથ અને શાંતિનાથની બે દેહેરીઓ સામસામે હતી. તેથી ચૈત્યવંદન કરતાં પૂંઠ પડતી હોવાના કારણે યુગ પ્રધાન **મુનિસુંદરસૂરિ** મહારાજે અજિતશાંતિ સ્તવ બનાવીને ભણતાંજ ઉક્ત બંને દહેરી જોડાજોડ થવા પામી તે અદ્યાપી વિદ્યમાન છે. આ ટુંકનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દહેરાં ૩ માં પ્રતિમા **૧૨** દહેરી ૪ માં પ્રતિમા **૧૫** મળી એકંદર પ્રતિમા **૨૭** છે.

## પાંડવોનું દહેરૂં.

ચોમુખની ટુંકની પાછળની બારી પાસે આ દહેરૂં આવ્યું છે. તેમાં બે દહેરાં છે. તે બેઉ એક પાકા કમ્પાઉન્ડમાં આવેલા છે. મૂળ દહેરામાં પબાસણ ઉપર **પાંચ પાંડવોની** પાંચ ઉભી મૂર્ત્તિઓ સુંદર આકૃતિવાળી છે. અને પડખે ગોખમાં માતા **કુંતીની** મૂર્ત્તિ છે. તેની સામેના ગોખમાં **સતિ દ્રૌપદીની** મૂર્ત્તિ છે. કુલ સાત મૂર્ત્તિઓ છે. પાસેના વિભાગ ઉપર ધનુર્ધારીઓ જેવી આકૃતિના પૂતલાંઓ પરથી દહેરાંની પ્રાચિનતા સાબીત થાય છે.

બીજું પછવાડે દહેરૂં **સહસ્રકુટનું** છે. તે સં. ૧૮૬૦ માં સુરતવાળા ખુબચંદ મયાભાઇ લાલચંદે બંધાવ્યું છે. તેમાં પ્રતિમા ૧૦૨૪ સહસ્રકુટ પથ્થરમાં આવેલી છે. ભીંતને ઓથારે ચૌદરાજ લોક પુરૂષાકારે તદ્દન આરસનો છે. બીજી બાજુ સમોસરણ તથા સિદ્ધચક્રજીની રચનાનો આરસપહાણ ભીંતે જડેલો છે. સદરહુ દહેરાંનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકરણ ૧૪ મું.

## ચૌમુખજીની ટુંક અને ખરત્તરવસી.

ઘણા દૂરના પ્રદેશમાંથી શ્રી ચૌમુખજીની ટુંકનું શિખર ( શૃંગ ) દેખાય છે. દેખાતા વિભાગના જૈન ભાવિકો સદરહુ શિખરના દર્શન કરી આખા ગિરીરાજના દર્શન કર્યાનો લાભ મનઃશુદ્ધિએ મેળવે છે. પર્વતની છેક ઉંચાણમાં અમદાવાદવાળા શેઠ સદા સોમજીએ સંવત ૧૬૭૫ માં આ ટુંક બંધાવી, તેમાં ખુદ ચૌમુખજીનું દેહેરૂં બંધાવતા છપન હજાર રૂપિયાના દોરડાં તૂટયા છે. મૂળનાયકજીના બિંબો મોટા કદના ચારે બાજુ સમનાસાએ શોભિત શ્રી ઋષભદેવના છે. મોટી ( પહેલી ) ટુંકની પેઠે આ ટુંકના પણ બે ભાગ પડે છે. ચૌમુખજીના બહારના વિભાગને **ખરત્તરવસી** કહે છે.

ચૌમુખજીમાં મોટાં અગિયાર દેહેરાં અને ચુમ્મોતેર દહેરીઓ આવેલી છે. તેમાં દહેરાંની વિગત નીચે—

૧ **ઋષભદેવ ચૌમુખજીનું દહેરૂં.** ૧—અમદાવાળા શેઠ સદા સોમજીએ સં. ૧૬૭૫ માં બંધાવીને પ્રતિષ્ઠા કરાવી છે.

For Private And Personal Use Only

૨ પુંડરિક સ્વામીનું દહેરૂં. ૧—સં.૧૬૭[illegible] સદા સોમજીએ બંધાવી પ્રતિષ્ઠા કરાવી છે.

... जैन आराधना ... गांधीनगर ...

૩ સહસ્રકુટનું દેહેરૂં. ૧—અમદાવાદવાળા ડાહ્યાભાઈ શેઠે બંધાવ્યું છે.

૪ શાંતિનાથનું દહેરૂં. ૧—સં. ૧૬૭૫ માં શેઠ સુંદરદાસ રતનજીએ બંધાવેલ છે.

૫ શાંતિનાથનું દહેરૂં. સં. ૧૬૭૫ માં સુંદરદાસ રતનજીએ બંધાવેલ છે.

૬ પાર્શ્વનાથનું દહેરૂં. ૧—સં. ૧૮૫૬ માં પ્રતિષ્ઠા થઈ છે.

૭ પાર્શ્વનાથનું દહેરૂં. ૧—શેઠ ખીમજી સોમજીએ સં. ૧૬૭૫ માં બંધાવ્યું છે.

૮ શાંતિનાથનું દહેરૂં. ૧—સં. ૧૬૭૫ માં અમદાવાદવાળાનું બંધાવેલ છે. આ દેહેરામાં એક ચોવિશી પાષાણમાં ત્રણ ચોવીશીની એક એમ પ્રતિમા ગણુ છે.

૯ સિમંધર જિનનું દહેરૂં. ૧—સં. ૧૭૮૪ માં શા. કરમચંદ હીરાચંદ અમદાવાદવાળે બંધાવ્યું છે.

૧૦ શ્રી પ્રભુનું દહેરૂં. ૧—આરસનું. અજમેરવાળા ધનરૂપમલે બંધાવ્યું છે.

૧૧ અજિતનાથનું દહેરૂં. ૧—ભણસાલી કમલસી સેના અમદાવાદવાળાનું બંધાવેલ છે.

એ રીતે મોટાં દહેરાં ૧૧ માં પ્રતિમા ૪૧૨ તથા ભમ-

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિમાં દહેરીઓ ૭૪ માં પ્રતિમા ૨૯૧ છે. મળી કુલ પ્રતિમા ૭૦૨ છે. તથા કુલ પગલાં જોડી ૪૨૫૯ છે. ટુંકને ફરતો કોટ છે. આ ટુંકનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી સંભાળે છે.

## ખરત્તરવસી.

ચોમુખની ટુંકનો આ અર્ધ ભાગ છે. જો હનુમાનદ્વારથી નવટુંકને રસ્તે જઇએ, તો પ્રથમ ચોમુખની ટુંકમાં જવાય છે. ને ત્યાં આગળ પણ આ નિચે લખેલાં દહેરાંનાજ દર્શન થાય છે.

૧૨ **સુમતીનાથનું દેહેરૂં** ૧—બાબૂ હર્ખચંદ ગુલેછા મુર્શીદાબાદવાળાનું સં. ૧૮૯૩ માં બંધાવેલું છે.

૧૩ **સંભવનાથનું** ,, ૧—બાબૂ પ્રતાપસિંહ દુગ્ગડનું સં. ૧૮૯૩ માં બંધાવેલું છે.

૧૪ **રૂષભદેવનું** ,, ૧—બાબૂ ઇંદ્રચંદ નાહાલચંદનું સં. ૧૮૯૧ માં બંધાવેલું છે.

૧૫ **ચંદ્રપ્રભુનું** ,, ૧—ગામ હાલાકંડીવાળાનું સં. ૧૮૯૩ માં બંધાવેલું છે.

૧૬ **ચંદ્રપ્રભુનું** ,, ૧-શેઠ નરશી નાથા કચ્છીનું સં. ૧૯૦૩ માં બંધાવેલ છે.

૧૭ **મારૂદેવીનું** ,, આ દહેરૂં જુનું છે.

૧૮ અભિનંદનનું દહેરૂં ૧ યાને અગીયારમી નવી ટુંક. } કચ્છી શેઠ નરશી કેશવજીએ સં. ૧૯૨૧ માં અંજનસલાકા કરીને બંધાવેલ છે. જેનું મુહુર્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બરાબર નહીં હોવાથી એકઠા થયેલ યાત્રુમાંથી અને ગામમાંથી હજારો માણસ મરણ પામ્યા હતા કે જેની લાસોને બાળવાને બળતણ પણ નહીં પહોંચી વળવાથી ગાડાંઓ ભરીને લાસો ફેંકી દેવામાં આવેલ હતી. જેથી 'કેસવજી નાયકનો કેર ' એ ઉપનામ સંજ્ઞાથી તે અંજનશલાકા ઓળખાય છે. શેઠશ્રીએ ફકત એક દહેરૂં વિશાળ જગ્યા છુટી રાખીને બાંધેલ તેમાં તેમના પૌત્ર શેઠ જેઠુભાઈના કાર્યભારમાં મુનિમ વલ્લભજી વસ્તાએ છુટી જગ્યામાં ધીમે ધીમે મૂળ દહેરાંને ફરતી ભમતીની દહેરીઓ બંધાવી તે સામે પુંડરિકજીની સ્થાપના કરી છે. ને ફરતો કિલ્લો કરી નવી ટુંક બંધાવવાને ભાગ્યશાળી તેઓ થયા ને યાત્રીકો અગીયારમી ટુંકને હર્ષોલ્લાસવડે ભેટવાને ભાગ્યશાળી બને છે. ઉપરના દહેરાં સાતે ડાબા હાથ તરફની લાઈન ઉપરના છે. હવે જમણા હાથ તરફના દહેરાંના દર્શન કરાવીને આખા શત્રુંજય તિર્થરાજના નાના મોટાં દહેરાં, દહેરીઓ, ને કોટની અંદરની જગ્યા પૂર્ણ કરીએ છીએ.

૧૯ **ચોમુખજીનું દહેરૂં** ૧–કચ્છી બાઇ વેલુબાઇએ સં ૧૭૯૧ માં બંધાવેલ છે.

૨૦ **ચંદ્રપ્રભુનું** ,, ૧—બાબૂ હર્ખચંદ દુગ્ગડનું સં. ૧૮૮૫ માં બંધાવેલ છે.

૨૧ **અજિતનાથનું** ,, ૧—લખનોરવાળા શેઠ કાળીદાસ ચુનીલાલનું સં. ૧૮૮૮ માં બંધાવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૨ **કુંથુનાથનું દહેરૂં** ૧—શેઠ હિમતલાલ લૂણીઆનું સં. ૧૮૮૭ માં બંધાવેલ છે.

૨૩ **શાંતિનાથનું દહેરૂં** ૧—બે હજાર વર્ષ પૂર્વે થોડા વરસ ઉપર એટલે વીર. સં. ૨૧૪૦ અગાઉ સંપ્રતિ રાજાએ બંધાવેલ છે. જીર્ણકામ દહેરાંનું ઘણું કરીને ઘણી વખત કરાવવામાં આવ્યું છે. હાલ દહેરાંને જિર્ણોદ્ધારમાં રંગમંડપની કિનારીએ લોખંડના સળીયાવાળી જાળી કરાવી છે. તે ભીંતો જૈની ચિત્રોથી ચિત્રીત કરી ઇંગ્રેજી કલરથી સુશોભીત કરાવી બિલોરી કાચનું સુંદર ઝાડ ભાવનગર નિવાસી શા. આણંદજી પુરૂષોત્તમે ટંગાવેલ છે.

તિર્થરાજને ફરતો અંદરનો મોટો કિલ્લો અહીં આવે છે ને ચોમુખજીની ટુંકનો પ્રથમ દરવાજો આવે છે. અહીં ચોકી--પહેરો બેસે છે. તે યાત્રુ પાસેથી લાકડી, મોજાં કે બીજા કોઈ પણ પ્રકારના હથિયારાદિ લઇ લે છે ને તે મોટી ટુંકે મોકલી આપે છે. જો પાછા તેજ રસ્તે થઇને ઉતરવું હોય તો તેઓનો સામાન ત્યાંજ રાખી મૂકાય છે, ને સોંપી દેવાય છે. આ દરવાજાના કોટની રાંગે થઇને એક સિધો રસ્તો અદભૂતજીના દહેરાંના મોટા પગથીયાં આગળ નીકળે છે.

આ ચોકમાં એક સુંદર ઉતારો બંધાવ્યો છે અને એક કુંડ **'વલ્લભકુંડ'** શેઠ નરસી કેશવજી તરફથી મુનિમ વલ્લભજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઈએ કાળજી રાખીને બંધાવી, આ રસ્તે પાણી પીવાની સગવડના સાધનમાં ઉમેરો કર્યો છે.

અહીં કીલ્લાના છેડા ઉપર '**અંગારશા**' પીરની કબર છે. અને એક ઓરડી ફકીરને રહેવા સારૂ છે. અંગારશા એક પીર-મરદ, શાહબૂદ્દીન ગોરીના વખતમાં થઈ ગયો છે, તેનું અપર નામ હીંગ્નો હતું. તેમની કબરની ઉત્પત્તિ મી. કોરડીયા ગુલાબચંદ શામજીએ **સૌરાષ્ટ્રની જુની તવારીખ** નામના પુસ્તકમાંથી મેળવીને બહાર પાડેલ છે. થોડાં વરસ ઉપર જૈન અને જૈનેતર અહિં ઘણી માનતા ચડાવતાં હતા. હાલ તે રશમ ઘણીજ ઓછી થઈ ગઇ છે. અહીંથી કિલ્લાની બહાર નીકળવાને **બારી** આવે છે.

એવી રીતે **મોટી** નવ ટુંક પોતપોતાના કિલ્લા અને દરવાજાઓથી સંરક્ષિત છે. તે દરેકના કિલ્લામાં અકેકી બીજી બારી ( નાનો દરવાજો ) છે કે જેમાંથી એક બીજામાં આવ જા થઇ શકે છે, ને તે નવે કિલ્લાનો સમાવેશ કરતા એક મોટા કિલ્લાથી થયો છે. ઇતિ સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તિર્થાધિરાજ શ્રી સિદ્ધાચળજીની કુલ ટુંકોના ટુંકવાર કુલ દહેરાં દહેરીઓ અને એકંદર પ્રતિમાઓ તથા પગલાં જોડીનો કોઠો.

| ટુંકનું નામ. | વિભાગનું નામ. | દેહેરાંની સંખ્યા. | દેહેરીની સંખ્યા. | કુલ પ્રતિમાની સંખ્યા. | કુલ પગલાં જોડીની સંખ્યા. |
|---|---|---|---|---|---|
| આદિશ્વર ભગવાનની ટુંક ૧ લી. | રતનપોળ | ૨૦ | ૨૩૪ | ૩૩૧૫ | ૧૬૬૩ |
| | વિમલવસી | ૩૪ | ૫૯ | ૧૪૫૧ | ૨૦૯ |
| | નરશી કેસવજી | ૨ | ૭૦ | ૭૦૦ | ૨ |
| મોતીશાની ટુંક ૨ જી | | ૧૬ | ૧૩૨ | ૨૪૬૩ | ૧૪૫૭ |
| બાલાભાઈની ટુંક ૩ જી | અદ્ભૂતજીના દેરા સાથે | ૬ | ૧૩ | ૩૦૨ | ૨ |
| પ્રેમચંદ મોદીની ટુંક ૪ થી | | ૭ | ૫૧ | ૪૮૦ | ૧૪૬૦ |
| શેઠ હેમાભાઈની ટુંક ૫ મી | | ૪ | ૪૩ | ૩૨૩ | ૩ |
| ઉજમબાઈની ટુંક ૬ ઠી | | ૩ | ૨ | ૨૭૪ | ૦ |
| સાકરચંદ પ્રેમચંદની ટુંક ૭ મી | | ૩ | ૩૧ | ૧૪૯ | ૯ |
| છીપાવસીની ટુંક ૮ મી | પાંડવના બંને દેહેરાં સાથે | ૫ | ૪ | ૧૦૩૬ | ૦ |
| ચોમુખજીની ટુંક ૯ મી | ચોમુખજી | ૧૨ | ૭૪ | ૭૦૩ | |
| | ખરતરવસી | ૧૧ | ૦ | ૧૭૩ | ૪૧૫૬ |
| | નરશી કેસવજી | ૧ | ૧૮ | ૧૦૫ | |
| | | ૧૨૪ | ૭૩૯ | ૧૧૪૭૪ | ૮૯૬૧ |
| કુલ એકંદર. | | મોટાં દહેરાં. | દહેરીઓ. | પ્રતિમા. | પાદુકા જોડ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી શેત્રુંજય તિર્થરાજની મોટી નવ ટુંકમાં ઉપર મુજબ દેહેરાં અને દેહેરીઓ ઉપરાંત નાના ગોખ ઘણાં છે; તેમજ કોઠામાં બતાવેલ પ્રતિમાનો કુલ આંકડો ખાસ નાની મોટી પાષાણનીજ પ્રતિમા જાણવી. ચાર સહસ્ત્રકુટની ચાર હજાર ભેગી સમજવી. તદુપરાંત ધાતુની પ્રતિમા, સિદ્ધચક્રજી અષ્ટ-મંગલિકજી, ૐ, હ્રીંકાર, પતરાં, દેવ દેવીઓ, શેઠ શેઠાણીઓ, અને આચાર્યો-મુનિરાજ વિગેરેની પણ પ્રતિમા-મૂર્ત્તિઓ ઘણી છે. તે સર્વેને ત્રિકરણ શુદ્ધે ત્રિકાલવંદણા હો. અસ્તુ.

# પ્રકરણ ૧૫ મું.

## કિલ્લા બહાર પાગથીની જગ્યાઓ, અને પ્રદક્ષિણા.

### દેવકીના છ પુત્રોની દહેરી.

શ્રી કૃષ્ણની માતા દેવકીજીને છ પુત્રો હતા. જે બહાર ઉછર્યા હતા. વળી છ ભાઇનો રાસ છે તે પણ આ છ ભાઈ સમજવા. આ ષટ્ (છ) દેવકી પુત્રોએ શ્રી નેમિશ્વર ભગવાનના મુખથી પોતાનો નિર્વાણ શ્રી સિદ્ધાચળ ઉપર થવાનો શ્રવણી છએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધું અલ્પાયુ જાણી તિર્થરાજ ઉપર રામપોળની બારીના સામે શેત્રુંજિય નદીના રસ્તાના મોખરાવાળી ટેકરી પાસે અણુ-સણ કરી મુક્તિપદને પામ્યા હોવાથી ત્યાં દહેરી બંધાવવામાં આવી છે.

## ભાઠીના વીરડાની દહેરી.

પાલીતાણામાં તળેટી રોડ ઉપર કલ્યાણ વિમળની દહે-રીના જમણે પડખેના રસ્તે થઇ બે ગાઉપર શેત્રુંજિય નદી ન્હાઇને ચઢતા પ્રથમજ જગ્યાએ પાણીની પરબ બેસાડવામાં આવે છે તેને **ભાઠીનો વીરડો** કહે છે. ત્યાં એક દહેરીમાં શ્રી આદિનાથની પાદુકા જોડ ૧ છે. ત્યાં થઈ દાદાની ટુંકમાં જતા અર્ધ ભાગના રસ્તા ઉપર દહેરી અને વિસામો એક આવે છે. તેની પાસે પાણીનો એક કુંડ છે. તે વિસામો અને કુંડ રાધ-નપુરવાળા મસાલીયાનો બંધાવેલ છે. **શેત્રુંજ્યી નદી ન્હા-ઈને ચડવાની આ પાગ છે.**

## રોહિશાળાની પાગ.

છ ગાઉની પ્રદક્ષિણાવાળા રસ્તે એટલે રામપોળની બા-રીએથી જમણા હાથને રસ્તે થઇને જતાં એક દહેરીમાં શ્રી આદિનાથના પાદુકા જોડી ૧ છે. તથા પાસે એક કુંડ પાણીનો છે. આ ઠેકાણે થોડે દૂર એક ધર્મશાળા યાત્રુના સુખને ખાતર થોડા વરસથી બંધાવવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઘેટીની પાગ-યાને બે જાત્રા.

મોટી ટુંકથી બહાર નીકળી નવટુંકના રસ્તે જતાં સીધે સન્મુખના રસ્તે કિલ્લાની બારીમાંથી બહાર નીકળીને જતાં આદિપુર ( આદપર ) ગામડાને છેડે આ પાગ આવે છે. અર્ધ રસ્તે પ્રથમ એક **દેહેરી** આવે છે. તેમાં ચોવીસ તિર્થંકરના ચરણકમળ છે. તેના પાસે પાણીનો કુંડ અને વિસામા સારૂ જગ્યા ખુલ્લી સ્વચ્છ છે. ત્યાંથી આદપર ગામને મથાળેના ભાગ દેહેરી ૧ ફરતી જાળી બાંધેલી અને અંદરની ભીંતને સુંદર ચીત્રિત કરેલ છે. તેમાં આદિનાથ આદિ ચોવીસ તિર્થંકરના પગલાં જોડ છે. અહીંથી પાછું ઉપર ચડીને દાદાના દર્શન કરતાં બે જાત્રા કરી વદે છે-કહેવાય છે.

## દોઢ ગાઉની પ્રદક્ષિણા.

રામપોળની બારીથી બહારના ભાગમાં કિલ્લાની કોરના બાજુના રસ્તેથી ફરતા નવે ટુંકને ફરી બહાર બારીએથી હનુમાન દ્વાર આવી દાદાની ટુંકમાં જઈ દર્શન કરવામાં આવે છે. ત્યારે દોઢ ગાઉની પ્રદક્ષિણા પૂર્ણ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકરણ ૧૬ મું.

## છ ગાઉની પ્રદક્ષિણા.

**દહેરી ૧–ઉલકાજલ** નામે ઓળખાય છે. તેમાં આદિનાથની પાદુકા છે અહીં એકપોલારવાળો ખાડો છે તે માટે એમ બોલાય છે કે પૂર્વે દાદાનું નમણુ અહીં જમીન વાટે દહેરીમાંથી રેડતા ત્યાંથી ચાલ્યું આવતું. હાલ બારોટ લોકો છ ગાઉ ફરવાના દિવસે સદરહુ ખાડામાં નમણનું પાણી લાવીને ભરે છે.

દહેરી ૨ **ચિલ્લણ તલાવડી** ઉપર તેમાં અજિતનાથ અને શાંતિનાથની પાદુકા છે. પાસે **સિદ્ધસલ્લા** છે. તેના ઉપર સુતા સુતા યાતો બેસીને યાત્રાળુઓ યથાશક્તિ કાઉસ્સગ કરીને આળોટે છે.

### ' સિલ્લણ તલાવડીનો મહિમા. '

વર્ત્તમાન શાસનપતિ શ્રી મહાવીર સ્વામીના પટ્ટોધર ગણધર શ્રી સુધર્માસ્વામિના મહા તપસ્વી શિષ્ય ચિલ્લણ મુનિ પશ્ચિમ દિશાએથી ઘણા માણુસોના સમુહથી વિંટળાઇને શ્રી વિમળાચળ તિર્થે આવતા હતા તેવામાં દશ યોજન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર ચડતાં માણુસોને જીવ જાય તેવી તૃષા લાગી. એટલે સંઘે મુનિને કહ્યું કે હે ! લબ્ધિવંત ? પ્રભુના ચરણુકમળ જોયા વિના અમારા પ્રાણુ ફોકટ પાણી વિનાં જતાં રહેશે. સંઘને પીડિત જોઇને મુનિરાજે પાણી દેખાડયું, ત્યારે માણુસો બોલ્યા કે આટલા પાણીથી તૃષા શાન્ત થાય તેમ નથી માટે અમો સુખી થઇએ તેમ કરો. એટલે સંઘના લોકોનું સાનિધ્ય ઇચ્છિતા મુનિરાજે પોતાની તપ લબ્ધિથી પાણી કરીને મોટું તળાવ બનાવ્યું. તેમાંથી પાણી પીઇને લોકો શાન્ત થઇને આનંદ પામ્યા. સંઘના ઉપરોધથી ચિલ્લણુ મુનિએ તપ પ્રભાવથી તલાવડી બનાવી તેનું નામ ચિલ્લણુ નામ સ્થાપ્યું. માટે તે પવિત્ર છે. તેના પાનથી, સ્નાનથી, ને જિનના અભિષેકથી પાપની શુદ્ધિ થાય છે તે પાણીથી મનુષ્યો સ્નાન કરીને તથા જિન ચરણોને શુદ્ધ ભાવે પખાલે તો એકાવતારી થાય છે. ને મોક્ષ મેળવે છે.

દહેરી ૧ **ભાડવા ડુંગર** નામની ટેકરી ઉપર. ત્યાં સાડીઆઠ કરોડ મુનિ સાથે કૃષ્ણુ વાસુદેવના પુત્રો **સાંબ** અને **પ્ર**-દ્યુમ્ન સિદ્ધિપદ વર્યા છે. ફાગણુ શુદ ૧૩ ના દિવસે છ ગાઉનો ભારી મહિમા આ ટેકરીને આભારી છે.

દહેરી ૧ **સિદ્ધવડ** (જુની તળેટી) આદિનાથના પાદુકાની. અહિં પાણીની વાવ્ય છે ને યાત્રાળુ ભાતુ વાપરે છે. આ ઠેકાણે અનંત મુનિઓ મોક્ષે ગયા છે. ડુંગર ઉપર આ રસ્તો રામપોળની બારી પાસેથી છે. ફરીને બપો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રના ત્રણ ચાર વાગે ગામમાં આવી જવાય છે. સિદ્ધવડથી બેલગાડી વિગેરે વાહન મળે છે. સિદ્ધવડથી ફક્ત બે ગાઉ પાલીતાણા છે.

## બાર ગાઉની પ્રદક્ષિણા.

શત્રુંજિય નદીના કાંઠે '. પાંડેરિયું ' નામે ગામ થઈ નદી ઉતરીને ' **ભંડારિયા** ' નામે ગામ જવાય છે. તેમાં શ્રાવકના ઘર ૨૦ છે. દહેરૂં એક મેડા ઉપર છે, ત્યાં દર્શન કરી બોદાનો નેસ નામે ગામ જઇને ત્યાં શેઠ આણંદજી કલ્યાણજીની બાંધેલી ધર્મશાળામાં ઉતારો કરીને તળાટી રૂપ વાવડી પાસેથી

## ' કદંબગિરિ '

નામના ડુંગર ઉપર ચડવું. ગઈ ચોવીશીના બીજા તિર્થંકર નિરવાણીના કદંબનામા ગણધર એક ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયાં છે. તેથી તિર્થ પ્રવર્ત્તન થયું છે.

દહેરી ૧ મૈલ ર ડુંગર ઉપર ચડતાં આવે છે. તેમાં કદંબ ગણધરના અને આદિનાથના પગલા છે. પાસે ઔષધિઓ તથા પાળીઆ છે. આ ઠેકાણે ફાગણ શુદ ૧૪ ના દિવસે હોળી પ્રગટે છે તેથી તે દિવસને કમળાની હોળી એવે નામે ગુજરાતી લોક બોલે છે.

આ નેસનો મુલક કામલીઆ જાતના લોકોનો હોવાથી કદંબગિરિને કમળાનો ડુંગર કહેવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ' કદંબગિરિનો મહિમા અને પ્રભાવ. '

ગઈ ચોવીસીના બીજા નિર્વાણીનામા તિર્થંકરના કદંબ નામે ગણધર એક ક્રોડ મુનિ સાથે ઇહાં મોક્ષે ગયા છે. તેથી તિર્થ થઇને મહિમા પ્રસર્યો છે.

આ ડુંગર ઉપર મહા પ્રભાવિક વન, ઔષધિઓ અને રસવાપિકા છે અને કલ્પવૃક્ષો પણ છે. દિવાળીને દિવસે, શુભવારે, ઉત્તરાયણ સંક્રાતિ હોતે છતે અહીં મંડળ કરવાથી દેવો પ્રત્યક્ષ થાય છે. કોઈ ઠેકાણે ઔષધિ આદિ વસ્તુ ન હોય તે આ પર્વતપર છે.

## ' હસ્તિગિરી. '

કદંબગિરિથી એક ગાઉ ચોક ગામને પાદર શત્રુંજિય નદિ છે. તે ઓળંગીને ડુંગર ઉપર ચડાય છે. ઉંચો બે માઈલને આશરે છે. તેના ઉપર દહેરી ૧ આદિનાથના પાદુકાની છે. આ હસ્તિગિરિ તિર્થ થવાનું કારણ એ કે ભરત રાજા ( ભરત ચક્રવર્ત્તિ ) ના હાથીઓ આ સ્થળે મરણ પામીને સ્વર્ગે ગયા. ત્યાંથી હાથીના જીવ દેવતાઓએ ભરતને નમસ્કાર કરીને તિર્થ પ્રભાવિક ઉપકાર માન્યો. ને દેવ હાથીના સ્મરણ નિમિત્તે હસ્તિગિરિ તિર્થ પ્રવર્ત્તન કર્યું. ચોક ગામમાં એક દેરાસર છે ને વિશાળ ધર્મશાળા છે. ત્યાં સંઘ પડાવ કરીને જમે છે. ને જાત્રા કરીને જાળીઆ ગામને રસ્તે થઇ પાલીતાણે જાય છે. બાર ગાઉનો રસ્તો બેલગાડીનો બે દિવસનો છે.



For Private And Personal Use Only

# પ્રકરણ ૧૭ મું.

## ' શત્રુંજય તિર્થની ' પંચતિર્થી ' ના ગામો '

ધ હિ નિયમના સજનાર આ અવસર્પિંણીઆરાના આદ્ય પુરૂષ પ્રથમ તિર્થંકર આદિનાથ યા રીષભદેવ થયા. તેઓ આ ગિરીરાજ ઉપર પૂર્વે નવાણું વાર આવી જવાથી અનંત લાભ સિદ્ધાંતે વર્ણંવ્યો છે. જેથી ભવ્ય પ્રાણીઓ આ તિર્થની નવાણું યાત્રા વિધી યુક્ત કરીને મોક્ષના સુખની વાંછા રાખે છે. ત્રીકરણ શુધ્ધે આ ગિરીરાજનું વંદન, પૂજન, ને સ્પર્શન્ ત્રીજે કે પાંચમે ભવે મુક્તિનું આપનાર થાય છે. નવાણું યાત્રા કરનારા નિચે મુજબ પંચતિર્થી કરે છે. પાલીતાણાથી ઘેટી થઇ

### ' પંચતિર્થીના ગામો. '

૧ **જેસર** શ્રી પાલીતાણેથી બેલગાડીને રસ્તે ઘેટી, હાથસણી ઉપર થઇ અહીં આવે છે. તેમા દહેરૂં ૧ મૂલનાયક રિખભદેવ છે. ઉતરવાને ધર્મશાળા તેમજ ઉપાશ્રય છે. ત્યાંથી

૨ **છાપરીઆળી**—ગામ આવે છે. ત્યાં દહેરૂં ૧ છે. ઉતરવાને ધર્મશાળા છે. આ ગામ ભાવનગરના ભૂપે ખોડા ઢા-

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રને ચરી ખાવાને શેઠ આણંદજી કલ્યાણજીને આપ્યું છે. ત્યાંથી **ખુંટવડા થઇ**

૩ **મહુવા**—જવાય છે. આ ગામ મોટું છે. તેમજ બંદર છે. મુંબઈની આગબોટ ત્યાં આવે છે. તેમાં દહેરૂં ૧ **મહાવીરસ્વામિનું** જુનું છે. તેમાં બિંબ પણ મહાવીરસ્વામિ જીવતા હતા, તે પહેલાનું ભરાવેલ છે. તેથી જીવિત્ સ્વામિની પ્રતિમા કહેવાય છે. ઉતરવાને ધર્મશાળા છે. ઉપાશ્રય અને જૈન પાઠશાળા તથા જૈન કન્યાશાળા છે. ત્યાંથી.

૪ **દાઠા**—આવે છે. તેમાં દહેરૂં ૧ ઉંચી બાંધણીનું મૂળનાયક શાંતિનાથ છે. ઉતરવાને ધર્મશાળા છે, તેમજ જૈન પાઠશાળા છે. ત્યાંથી

૫ **તળાજા**—અવાય છે. આ બંદર છે. મોટાં વહાણો અહીં મુંબઈ, વલસાડ, ભરૂચ, ને સુરત વિગેરેથી આવે છે. તેમાં દહેરૂં ૧ મુળ નાયક શાંતિનાથ છે, ઉતરવાને નદી ઘાટ ઉપર આવેલી રાય બહાદુર બાબૂ ધનપતિની વિશાળ ધર્મશાળા અને એક બીજી નાની ધર્મશાળા છે. જૈન પાઠશાળા છે. ઉપરાંત પાલીતાણાની પેઠે આંહી **'તાલધ્વજ'** ગિરી નામે પર્વત છે. તેનો ચઢાવ ગામમાંથી છે ઉંચાઈ અરધો મૈલ છે. એટલે (બાબૂના તળેટીનાં દહેરાથી પહેલા હડા સૂધીના રસ્તા જેટલો જ છે.) સહેલો એટલો છે કે જો નવાણું કરવી હોય, તો પાંચ દિવસમાં પૂર્ણ થાય. આ ગિરી શેત્રુંજાગિરીનું એક શિખર છે. તેના મૂળનાયક 'સાચાદેવ' ઉર્ફે સુમતિનાથ છે. દહેરૂં ઘણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રમણિય ને શાંતિમય દેખાય છે. ફરતી દહેરીઓ છે તેને ફરતો કિલ્લો છે તેથી ટુંક મનાય છે. ટુંકના પછવાડેના એક ભાગ ઉપર બારી છે તેમાંથી બહાર નીકળીને ચાળીસેક પગથીઆ ઉંચાણમાં એક ટેકરીપર ' ચૌમુખ ' નું દહેરૂં છે. આ ડુંગર જો કે નાનો છે તો પણ પોલાણવાળો, ગુફાઓ, ને કેટલીક જુની પૂરાણી જગ્યા જોવાનું અહીં બની આવે છે. તળાજાથી

૬ **ત્રાપજ**—બે ગાઉપર આવેલ છે. તેમાં દહેરૂં ૧ મૂળનાયક શ્રી પાર્શ્વનાથ છે. ઉતરવાને ધર્મશાળા છે.—ત્યાંથી

૭ **તણુસા**—બે ગાઉપર આવે છે. તેમાં દહેરૂં ૧ મૂળનાયક પાર્શ્વનાથ છે. ઉતરવાને નાની ધર્મશાળા છે. ત્યાંથી

૮ **ગોઘા**—જવાય છે. તે થોડા વરસ ઉપર એક મોટું આબાદ બંદર ગણાતું હતું. હાલ ભાંગી પડયું છે. તેમાં દહેરાં ૩ ત્રણ જુના વખતના છે. મોટું દહેરૂં નવખંડા પાર્શ્વનાથનું છે. તેના ગઢમાં બીજા ચાર દહેરાં છે. દહેરાંના કારખાનાની ગાદી ' કાળા મીઠા ' ના નામથી ચાલે છે. બીજું ચંદ્રપ્રભુનું દહેરૂં અને ત્રીજું જીરાવળા પાર્શ્વનાથનું છે. ઉતરવાને શેઠ હઠીભાઈની ધર્મશાળા છે. હઠીભાઇ શેઠના સુપત્નિ મહેતાબ હરકુંવર શેઠાણી આ ગામના જ હતા. વળી અત્રે શ્રાવિકાશાળા ને ઉપાશ્રય પણ છે. હવાપાણી ઘણાં સારા છે. ત્યાંથી

૯ **ભાવનગર**—અવાય છે. ગામ જોવા લાયક છે. તેમાં ચાર દહેરાં શિખરબંધી અને ત્રણ ઘરદેરાસર છે. મોટું દહેરૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિશ્વર ભગવાનનું તેમાં બીજા ચાર દહેરાં છે ને તેના વહીવટની ગાદી ' ડોસાભાઈ અભેચંદ ' ના નામથી ચાલે છે. પાઠશાળા તથા સામાયિકશાળા પણ છે. બીજું ગોડીજીનું દહેરૂં તેમાં બીજા ત્રણ દહેરાં છે. ત્રીજું ચંદ્રપ્રભુનું દહેરૂં તેમાં બીજું એક દહેરૂં છે આ દહેરૂં વડવામાં ( ગામનું એક પરૂં ) છે. ને ચોથું દહેરૂં શ્રી મહાવીરસ્વામીનું છે. આ દહેરાને ફરતો કોટ તથા સામે પુંડરિકજી અને તપગચ્છીય મુનિ મહારાજ મૂળચંદ્રજી અને વૃદ્ધિચંદ્રજીના સ્તુપ ઉપર બે બાજુ આરસની સુંદર જાળીવાળી નકશીદાર દહેરીઓમાં ચરણકમળ સ્થાપ્યા છે. આ દહેરૂં તેઓશ્રીના ઉપદેશથી થવા પામ્યું છે, તથા ગઢની બહાર બોર્ડીંગના પાછળના ભાગમાં પન્યાસ ગંભીરવિજયજીના સ્તુપની એક દહેરી છે. આ જગ્યા " દાદા સાહેબ " નામે પ્રસિદ્ધ છે. તેમાં એક મોટી ધર્મશાળા અને જૈન બોર્ડીંગ આવેલાં છે તદુપરાંત શેહેરમાં જૈન ધર્મ પ્રસારક સભા અને જૈન આત્માનંદ સભા અને બંનેની લાઇબ્રેરીઓ વિગેરે છે. આખા કાઠિયાવાડનું મોટું શહેર વિદ્યમાનકાળે ગણાય છે. મોટી મોટી આગબોટો અહીં સૂધી આવે છે. રેલ્વે પણ અહીંજ સૂધીજ છે. ત્યાંથી રેલ્વે રસ્તે ત્રણ ગાઉ ઉપર.

**૧૦ વરતેજ**—ગામ આવે છે. તેમાં દહેરૂં ૧ સંભવનાથનું છે. આ દહેરાંની નકશી જોઈને મનને આનંદ ઉપજાવે છે ત્યાંથી રેલ્વે રસ્તે

**૧૧ શીહોર**—ગામ તેટલેજ પંથે આવે છે. તેમાં દહેરૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક મૂળનાયક શાંતિનાથજીનું છે. ઉતરવાને વિશાળ ધર્મશાળા અને ઉપાશ્રય છે ને જૈન પાઠશાળા વિગેરે છે. આ ગામમાં વીશાઓસવાળની સારી અને સુખી વસ્તી છે ને તેઓનો મોટો જથ્થો વાસણના વેપારી છે. આ ગામમાં ત્રાંબા પીતળના વાસણ તથા સૂંઘવાની તમાકુ સારી બને છે ને ઇતિહાસમાં તેને માટે પ્રખ્યાત ગણાયું છે. અહીં પંચતિર્થી પૂર્ણ થાય છે. આ પંચતિર્થી ભમતાં લગભગ એકઅઠવાડીયું લાગે છે ને ઓછામાં ઓછા ચાર દિવસ લાગે છે.

# પ્રકરણ ૧૮ મું.

## શત્રુંજય ઉપરની રાયણનો પ્રભાવ અને મહિમા.

દૂધની ધારાને ઝરતી તથા રિષભદેવ પ્રભુથી ભૂષિત થયેલી પ્રાયઃ શાશ્વતિ આ રાયણ હેઠલ આદિશ્વર ભગવાન્ સમોસર્યા હતા તેથી વંદનિક પૂજનિક થવા પામી છે. આ રાયણનાં દરેક પાંદડે, દરેક થડે ને દરેક ફળે દેવવાસ છે. માટે અજાણતાં પણ તેનાં પાંદડાને છેદવાં નહિ.

આ રાયણને સોને, રૂપે, મોતીએ અને ચંદન વડે કરીને જો શુદ્ધ ભાવથી મનની એકાગ્રતાએ પૂજે તો સ્વપ્નમાં આવી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને સઘળું શુભાશુભ કહી આપે છે.

ભૂત અને રાક્ષસાદિથી ભય પામેલ માણસો આ રાયણને પૂજે તો ભયથી મુક્ત થાય છે. અને એકાંતર, તરીયો તાવ આવતો હોય તો ઉતરી જાય છે.

વળી બે મિત્રો થતાં, બે બ્હેનપણીઓ થતાં આ રાયણને સાક્ષિ રૂપ કરે તો તેઓ ઘણું સુખ પામે છે.

આ રાયણ નિચેની માટી, પડી ગયેલી છાલ અને પડી ગયેલાં પાંદડાનું પાણી કરીને જો શુદ્ધ મન વડે સ્મરણ કરીને ચોપડે તો દુષ્ટ રોગો પણ નાશ પામે છે.

## શત્રુંજિય નદીનો મહિમા અને પ્રભાવ.

ગઈ ચોવીશીના પ્રથમ તિર્થંકર શ્રી કેવળનાણીના સ્નાત્ર માટે ઇશાનેંદ્રે ગંગાને અહીં ઉતારી હતી, તે વૈતાઢ્ય પર્વતથી જમીનની અંદરજ વહે છે અને તે શત્રુંજય પાસે પાછી પ્રગટ થાય છે. તેથી તેનું નામ શત્રુંજિય પડયું છે. પવિત્ર જળવાળી, કલ્યાણની કરનારી અને નાના પ્રકારના પ્રભાવથી ભરેલી શેત્રુંજી નદી નીચે પ્રમાણે શોભે છે.

આ નદીના જળના સ્પર્શથી કીર્તિ, લક્ષ્મિ અને બુદ્ધિ આદિ વસ્તુ પ્રાપ્ત થાય છે અને સિદ્ધિઓ વશ થાય છે. પક્ષીઓ જો પવિત્ર માનીને પાણીનો સ્પર્શ કરે; તો પાપરૂપ મેલ તેને પણ ચોંટતો નથી. નદીના પ્રભાવ માટે કંઈપણ શંકા નહીં કરતાં જેઓ આસ્તા રાખે છે, તેના રોગો આ પાણીથી નાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામે છે. આ નદીનું છ માસ પાણી પીએ ને તેના કાંઠા ઉપરના વૃક્ષોના ફળ ખાય તો, તેના પિત્ત, વાયુ ને કફાદિ રોગો જઇને દેહ કાંતિવાન થાય છે.

વળી વિદ્યાભ્રષ્ટને વિદ્યા, રાજ્યભ્રષ્ટને રાજ્ય, અને સુખભ્રષ્ટને સુખ ક્રિડા માત્રમાં આપે છે. માટે તે ઇંદ્રે ઉતારેલી મહા પ્રભાવવાળી નદીનું પાણી પવિત્ર છે. માટે તેમાં સ્નાન કરી તથા જીનનો અભિષેક કરી અંતરાત્માને શુદ્ધ કરે તે પ્રાણી મોક્ષ સુખ મેળવે છે.

## શત્રુંજય તિર્થનો મહિમા અને પ્રભાવ.

સદા પ્રાયઃ શાશ્વત્ તરણ તારણ પૂજ્ય પવિત્ર તિર્થ શત્રુંજયના સિદ્ધાચળ, વિમળાચળ આદિ ઉત્તમ ૨૧ નામ છે તથા ઉત્કૃષ્ટ ૧૦૮ નામ છે. કે જેમના ઉપર અનંતા જીવ મોક્ષ પામ્યા ને પામશે. તર્યા, તરે છે અને તરશે. તેવા સર્વોત્કૃષ્ટ તિર્થનો વિધમાન કાળે મોટા વાર્ષિક ચાર મેળાઓથી મહિમા વિસ્તારને પામ્યો છે. ને દરેક મેળા વખતે હજારો યાત્રાળુ તિર્થસ્પર્શ કરે છે ને લાભ મેળવે છે.

**મેળો ૧ લો-કાર્ત્તકી પુનમનો**—તે દિવસે દ્રાવિડને વારિખિલ્ય મુનિઓ દશ ક્રોડથી મુક્તિ પદને પામ્યા, જેની દહેરી તળીયામાં છે.

**મેળો ૨ જો-ફાગણ શુદ ૮**—પ્રથમ તિર્થંકર રિષભદેવ એક પૂર્વમાં પૂર્વ નવાણુ વાર આ દિવસે આવ્યા ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાયણ પાઉ ધર્યા. **ફાગણ શુદ ૧૩**-કૃષ્ણ વાસુદેવના સાંબ ને પ્રધુમ્ન પુત્રો સાડીઆઠ ક્રોડ સાથે ' ભાડવા શિખરે ' મુક્તિ વર્યા. તે મહિમાનો મેળો આદપર સિદ્ધવડમાં ભરાય છે.

**મેળો ૩ જો-ચૈત્રી પૂનમનો**—પ્રથમ તિર્થંકરના પૌત્ર પુન્ડરિક ગણધર પાંચ ક્રોડ મુનિ સાથે મોક્ષ ગયા, તદા કાળથી પુંડરગિરી નામ પણ પ્રસિદ્ધતામાં છે. પુંડરિકજીને દહેરે તે દિવસ સારી આંગીઓ રચાય છે.

**મેળો ૪થો-અષાડી ચૌદશનો**—વર્ષારૂતુમાં એક ઠેકાણે રહેવાનું શાસ્ત્ર ફરમાન હોવાથી ચાર મહીના દર્શનનો લાભ ન પામી શકાય તેથી વરસનો છેલ્લો મેળો અને ચાતુર્માસ રહેવા આવનારાઓનો સમુહ થવાથી મેળો જયવંત વર્તે છે.

વળી આ તિર્થ ઉપર-આસો શુદ ૧૫ ના રોજ **પાંચ પાંડવો** વીસ ક્રોડ મુનિ સાથે, **નમિ અને વિનમિ** વિદ્યાધરો બે ક્રોડ મુનિ સાથે, **નારદજી** એકાણુ લાખ, **રામ ભરત** ત્રણ ક્રોડ સાથે, વિગેરે અસંખ્યાતા પ્રસિદ્ધ માણસો મુક્તિ વર્યા છે. તેમજ ગઈ ચોવીસીના અજિતસેન આદિ તિર્થંકર મોક્ષે ગયા છે. અને વર્તમાન ત્રેવીસ તિર્થંકરો ( નેમનાથ સિવાય ) એ યાત્રા કરી છે. ને અજિતનાથ તથા શાંતિનાથ ભગવાને ચોમાસું કર્યું છે. સર્પ મયૂરાદિ પ્રાણીઓને તાર્યાં છે, તેમજ પ્રાણીઓની ભવ્યપણાની ખાત્રીનો તેમનું દર્શન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટો ગુણ ધરાવે છે. વિગેરે અનંતા ગુણથી પાલીતાણા શહેરની તળેટીના ઉપર મૂકુટપણે મહિમાવંત જયવંત વર્ત્તે છે.

## તિર્થ પ્રભાવ.

૧ જેમણે સોનું ચોર્યું હોય તે જો આ તિર્થસ્થળમાં આવી ચૈત્રી પુનમનો ઉપવાસ કરી જાત્રા કરે તો શુદ્ધ થાય છે.

૨ જેમણે વસ્ત્ર ચોર્યાં હોય તે જો સાત આંબિલ આ સ્થળે આવીને કરે તો શુદ્ધ થાય છે.

૩ રત્નની ચોરી કરી હોય તે કાર્તક માસના સાત દિવસ શુદ્ધ ભાવે તપ કરી યથાશક્તિ દાન દે તો શુદ્ધ થાય છે.

૪ કાંસુ, ત્રાંબુ, રૂપું ને પીતળ ચોરનાર જીવ આ સ્થળે આવી પરમાર્ધ નામનો તપ સાત દહાડા સૂધી પૃથક પૃથક કરવાથી શુદ્ધ થાય છે.

૫ મોતી ને પરવાળાં ચોરનારો ત્રિકાળજીન પૂજા કરીને પંદર આંબિલ કરવાથી શુદ્ધ થાય છે.

૬ ધાન્ય અને જળનો ચોર અહીં આવીને સુપાત્ર દાન આપે તો શુદ્ધ થાય છે.

૭ ગાય, ભેંસ, હાથી, ઘોડાનો ચોર અહીં આવીને ભક્તિ પૂર્વક ઉલ્લાસથી જીનનું ધ્યાન ધરે તો શુદ્ધ થાય છે.

૮ દિક્ષિત સ્ત્રી, કુંવારિકા, સધવા, વિધવા, વટલેલી, ગુરૂની સ્ત્રી સાથે ગમન કર્યું હોય તોપણ મનને રોધીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીનનું ધ્યાન ધરતો થકો છ માસ સુધી તપ કરે, તો શુદ્ધ થાય છે.

વળી બીજાના ચૈત્ય, ઘર, પુસ્તક, ને પ્રતિમાદિ વસ્તુ ઉપર દુષ્ટબૂદ્ધીએ ચિંતવે કે આ મારૂં છે એમ ધારીને પોતાનું નામ નાંખે છે, તે માણુસ અહિં આવીને શુદ્ધ ભાવે છ માસ સૂધી સામાયિક કરે તો શુદ્ધ થાય છે.

વળી અનેક પ્રકારની ઔષધિઓ, જડી બૂટ્ટીઓ, રસ કુંપીકા; અને સિદ્ધિઓ પોતા પાસે ખાસ પરોપકાર માટેજ રાખે છે ને યોગ્ય મનુષ્યનેજ પ્રાપ્ત કરાવે છે.

## ભગવાને, ઇંદ્રમહારાજને શત્રુંજય મહાત્મ્યનું કીધેલું ફળ.

હે ઇંદ્ર ! ફક્ત શત્રુંજયનું નામ સાંભળવાથી જે પુણ્ય થાય, તેનાથી ક્રોડગણું પુણ્ય તેમની સમીપ ગયાથી થાય છે અને અનંતગણું પુણ્ય નજરે નજર જોયાથી થાય છે. હવે આ તિર્થને જોતાં યા ન જોતાં પણ જે માણસો ત્યાં જતા સંઘની ભક્તિ યા સન્માનમાં તત્પર રહે, તેઓ મોક્ષપર્યંત મહા સુખને મેળવે છે.–

## શત્રુંજય મહાત્મ્ય કોણે રચ્યું ?

વર્તમાનકાલના પ્રથમ તિર્થંકર શ્રી રિષભદેવના મુખ્ય ગણધર શ્રી પુંડરિકસ્વામીએ નાના પ્રકારના આશ્ચર્યથી, અને તત્વોથી ભરેલું દેવપૂજિત, સવાલાખ શ્લોક પ્રમાણવાળું માહાત્મ્ય રચ્યું.

તેમાંથી છેલ્લા તિર્થંકર શાસનપતિ મહાવીરસ્વામીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પટ્ટોધર સૂધર્મા ગણધરે ઓછા આયુષ્યવાળા પ્રાણીઓ જાણીને ચોવીસ હજાર શ્લોકવાળું ઉદ્ધરીને બનાવ્યું.

તેમાંથી સંવત ૩૭૦ માં અષ્ટાંગ યોગ અને સર્વ વિદ્યામાં નિપૂણ તેમજ બૌદ્ધોને મદ રહિત કરનાર આચાર્ય શ્રી ધનેશ્વરસૂરિએ અઢાર રાજાઓથી સેવાએલા શિલાદિત્ય રાજાના આગ્રહથી વલ્લભીપુર નગરમાં દશ હજાર શ્લોકવાળું ઉદ્ધરીને બનાવ્યું, જે હાલ વિદ્યમાન જયવંતું વર્તે છે.—વલ્લભીપુરને હાલ વળાથી ઓળખે છે ને પાલીતાણેથી બાર ગાઉ થાય છે.

આ **ધનેશ્વરસૂરિ** મહારાજની મૂર્તિ હાલમાં શત્રુંજય ડુંગર ઉપર હાથી પોળની બહાર આરસના શિખરવાળા દહેરા પાસે એક નકશીવાળી દહેરીમાં પધરાવી છે. હાથીપોળ જતા રસ્તાને કાંઠે જમણા હાથપર છે.

## તિર્થરાજની સંરક્ષણિય શેઠ આણંદજી કલ્યાણજીની પેહેડીની ગાદીએ થએલા મુનિમો.

તિર્થની રક્ષણકર્ત્તા પેહેડી આણંદ કલ્યાણક સંઘની છે. ને તે શ્રી સંઘે ચુટી કાઢેલા નેતાઓની બનેલી કમિટીદ્વારા ચાલે છે. તે કમિટીમાં પ્રમુખપણું વંશપરંપરાએ અમદાવાદના નગરશેઠનુંજ છે. હાલ પહેડીના પ્રમુખ શેઠ કસ્તૂરભાઇ મણીભાઈ પ્રેમાભાઈ નગરશેઠ તથા શેઠ મણીભાઈ દલપતભાઈ ભગુભાઈ છે.

તેની ગાદીએ પ્રથમ પહેલામુનિમ રાધનપુર નિવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સી પરી વીરચંદ અને **નરસિંગ દીપચંદ** હતા. તેમણે પહેડીની સંભાળ તથા યાત્રુને સંતોષ સારી રીતે આપી સર્વ જોડે ઘણો યશ લીધો છે. ત્યારપછી **નથુ ધરમશી** મહેતાએ દેવદ્રવ્યનો બિગાડો કર્યો. પછી થોડો થોડો વખત **ઈશ્વરલાલ** ડેપ્યુટી તથા રા. **ઈંદરજીભાઈ** થયા. પછી મી. **દુર્લભજી મોનજી** થયા. તેમના વખતમાં પહેડીનો ઘણો સુધારો થયો. તેમના પછી બાબૂ **ગીરધરલાલ ગુલાબચંદ** થયા. તેમના વખતમાં દેવદ્રવ્ય વૃદ્ધિ અને કેટલાંક બાંધકામ અને રીપેરીંગ કામ સારાં થયાં છે. ત્યારપછી અત્યારે (વર્त्तમાન) મુનિમ રા. **ગુલાબભાઇ** છે. તેઓ બાહોશ અને કામદારોના કામની કદરની પીછાન કરનારા સત્યવાદી ઉપરાંત સુલેહ શાંતિ વડે કાર્ય સુકાર્ય કરી નિમકહલાલપણું બતાવનારા વિદ્વાન્ ધિમાન છે. હાલ તિર્થાધિરાજની સંભાળનું જોખમ તેમની દેખરેખમાં છે. અમો ઇચ્છીએ છીએ કે તેઓનો વહીવટ યશસ્વી નિવડો ને સ્થાનિક સંઘ જોડે, રાજ્ય જોડે, અને ટુંકામાં સર્વ જોડે સત્ય પ્રીતિ સંપાદન કરી સુનામનામાં ઉમેરો કરો.

કિંબહૂના!

ઇતિ વર્તમાન વર્ણન સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેહેરાંવાળા દરેક ગામના સંઘને ઉપયોગમાં રહેવા ગુજરાતી મહીના પ્રમાણે.

## ચોવીશ તિર્થંકર પ્રભુના જન્મ અને મોક્ષ દિવસનો કોઠો.

| તિર્થંકરના નામ. | જન્મ દિવસ. | મોક્ષ દિવસ. |
|---|---|---|
| ઋષભદેવ | ફાગણ વદ ૮ | પોષ વ. ૧૩ |
| અજિતનાથ | માહા શુદ ૮ | ચૈત્ર શુ. ૫ |
| સંભવનાથ | માગશર શુદ ૧૪ | ચૈત્ર શુ. ૫ |
| અભિનંદન | માહા શુદ ૨ | વૈશાખ શુ. ૮ |
| સુમતિનાથ | વૈશાખ શુદ ૮ | ચૈત્ર શુ. ૯ |
| પદ્મપ્રભુ | આસો વદ ૧૨ | પોષ વ. ૧૧ |
| સુપાર્શ્વનાથ | જેઠ શુદ ૧૨ | મહા વ. ૭ |
| ચંદ્રપ્રભુ | માગશર વદ ૧૨ | શ્રાવણ વ. ૭ |
| સુવિધીનાથ | કાર્તિક વદ ૫ | ભાદ્રવા શુ. ૯ |
| શીતળનાથ | પોષ વદ ૧૨ | ચૈત્ર વ. ૨ |
| શ્રેયાંશનાથ | માહા વદ ૧૨ | અષાડ વ. ૩ |
| વાસુપુજય | મહા વદ ૧૪ | જેઠ વ. ૧૪ |
| વિમળનાથ | મહા શુદ ૨ | જેઠ વ. ૭ |
| અનંતનાથ | વૈશાખ શુદ ૧૩ | પોષ શુ. ૫ |
| ધર્મનાથ | મહા શુદ ૩ | જેઠ શુ. ૫ |
| શાંતિનાથ | વૈશાખ વદ ૧૩ | વૈશાખ વ. ૧૩ |
| કુંથુનાથ | ચૈત્ર વદ ૧૪ | ચૈત્ર વ. ૧ |
| અરનાથ | માગશર શુદ ૦ | માગશર શુ. ૧૦ |
| મલ્લીનાથ | માગશર શુદ ૧૧ | ફાગણ શુ. ૧૨ |
| મુનિસુવ્રત | વૈશાખ વદ ૮ | વૈશાખ વ. ૯ |
| નમિનાથ | અષાડ વદ ૮ | ચૈત્ર વ. ૧૦ |
| નેમનાથ | શ્રાવણ શુદ ૫ | અષાડ શુ. ૮ |
| પાર્શ્વનાથ | માગસર વદ ૧૦ | શ્રાવણ શુ. ૮ |
| મહાવીરસ્વામી | ચૈત્ર શુદ ૧૩ | આસો વ. ૦)) |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અમૂલ્ય સૂચના**—પોતાના ગામના દેહેરાંના મૂળનાયક પ્રભુના જન્મ અને મોક્ષના શુભ દિવસે દેહેરાંમાં યથાશકિત આંગી રચાવી પૂજા ભણાવવી, અને તે દિવસે દળવું, દળાવવું, ખાંડવું, ગારગોરમટી, કે કપડાં ધોવાં વિગેરે પાપ આરંભના કામ સંઘમાં ન થાય તેમ એક દિવસ અગાઉથી આગેવાનોએ પોતાના સંઘમાં જાહેર કરવું.

કાચમાં જડવાને કોઠાપત્રના સુંદર મોટા કાગળો જોતા હોય તેમણે નીચેને સીરનામે ટીકીટ બીડ્યાથી મફત મોકલશે. પણ ઉપરની ગરજ સારવા માટે એકજ કોઠો અમે આ બુકમાં દાખલ કર્યો હોવાથી બુક મંગાવવી.

અમરચંદ બેચરદાસ,
જૈન બૂકસેલર—**પાલીતાણા.**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# જાહેર ખબર.

## સોનાના તથા ચાંદીના ફેન્સી દાગીનાઓ તૈયાર વેચવાની તેમજ ઓર્ડર મુજબ વાયદેસરબનાવી આપવાની

# પ્રખ્યાત પેઢી.

અમારી દુકાને સોનાના દાગીના મસીન પોલીસ તથા હેંન્ડપોલીસના તૈયાર મળશે તથા ચાંદીના તરેહ તરેહવારના ફેન્સી દાગીનાઓ તૈયાર મળશે વળી ચાંદીનાં સાદાં તથા ચીતરનાં વાસણો અને પ્રેઝન્ટ આપવા લાયકની ફેન્સી ચીજો તૈયાર મળશે. તેમજ ગ્રાહકોને પોતાના **સોનાના** તથા **ચાંદીના** દાગીના બનાવવા હશે તો કીફાયત મજુરીથી વાયદેસર બનાવી આપવામાં આવશે.

**ઝવેરાત**ના દાગીનાઓ બનાવવાનું અને વેચવાનુ પણ કામ થાય છે. એક વખત પ્રસંગ પાડી ખાત્રી કરવાની અમારી ખાસ ભલામણ છે.

## શા. ખોડીદાસ લલુભાઈ એન્ડ બ્રધર્સ (જૈન).

(પાલેજવાળા)

ઠેકાણું—રતનપોળ, અમદાવાદ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્તવન સંગ્રહ.

## શ્રી મુનિ સુવ્રતજિન સ્તવન.

### સમકિત દ્વાર ગભારે પેસતાંજી—એ દેશી.

મુનિસુવ્રત પ્રભુ એક વિનતિજી, સુણજો જગત દયાળરે;
ભવભવમાં પ્રભુ હું બહુ ભમ્યોજી, હવે તારોને કૃપાળરે. મુ. ૧
સુમિત્ર પિતા કુળે દિનમણીજી; માતા પદ્માવતીના નંદરે;
અંજન સમ તન અતિ ઓપતુંજી, કચ્છપ લંછન સુચંગરે. મુ. ૨
ત્રીભુવનમાં તિરથ રાજીયોજી, શ્રી શેત્રુંજય શિણગારરે;
ટુંક ભલી કેસવજી તણીજી, ત્યાંથી વસીઆ ખેડ મોઝારરે મુ. ૩
ખેડમંડન જિન ભાવે ભેટતાંજી, પામીએ શીવપુર કેરૂં રાજરે;
મેં માગ્યા પ્રભુ પાસા ઢળ્યાજી, ફળીઆ મનોરથ આજરે. મુ. ૪
સંવત ઓગણીસેઇ ત્તરોજી, વૈશાખ દુજો રૂડો માસરે,
છઠ અજવાળી રાત આપણીજી, તખ્તે બિરાજ્યા પ્રભુ ખાસરે. મુ.૫
પૂરવ પુન્યે હું પ્રભુ પામીઓજી, વીશમા શ્રી જિનચંદરે;
રાજવિજયગુરૂ ગુણ ગાવતાંજી, ભવથી તારો કંકુચંદરે મુ. ૬

## ઘોઘામંડન સંભવજિન સ્તવન.

### તુમ ચિદઘનચંદ આનંદલાલ—એ દેશી.

તુમ ચિદઘન ચંદ્રમંદસ્વામ લાલ, તોરે દર્શનકી બલિહારી;
નાથ તોરે દર્શનકી બલિહારી. ટેક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ ચરણુકો શરણુ ગ્રહ્યોમેં, વિકથા બાત બિસારી;
આપ બિના નહિં ઓર જગતમેં તારણુહારા કો ભારી. તુમ. ૧
ભવજલ માંહે ડૂબ ગયો મેં, સંભવ લીજો ઉગારી;
શુદ્ધ સમ્યકૂત્વ માર્ગ બતાદેઇ, દાંભિક પંથ વિદારી. તુમ. ૨
શઠ મોહાદિકો ભય હે મુજકો, મુખસેં કહું કયા પોકારી;
સેનાનંદન શુદ્ધ સમર્પો, અખંડિત ભક્તિ તુમારી તુમ. ૩
ઘોડા લંછન ઘોડા મંડન, સંભવ મૂરતી પ્યારી;
રાજવિજય ગુરૂવર બોધે, કંકુ મિલે શીવનારી. તુમ. ૪

---

## પ્રાતઃસ્મરણ મંગળપદ.

### શ્રી રે સિદ્ધાચળ ભેટવા—એ દેશી.

પ્રભાતે ઉઠીને જીવડા, સ્મરો મંગળ ચાર;
મંગળ અરિહંત આદિનું, જપીએ પ્રથમ આધાર. પ્ર૦ ૧
બીજું મંગળ શ્રી સિદ્ધનું, કર્મ આઠને તોડે;
મુક્તિમંદિરમાં જઈ ચડે, ભાવ પ્રાણુની જોડે. પ્ર૦ ૨
સાધુનું ત્રીજું જાણીએ, ભવ તર્યા રઢીઆળા;
મુક્તિપંથને સાધતાં, મૂળ ઉત્તર ગુણુવાળા. પ્ર૦ ૩
ચોથું તે જિન ધર્મનું જેહના ચાર પ્રકાર;
દાન શિયળ તપ ભાવના, આરાધ્યે ભવપાર. પ્ર૦ ૪
વિજયાનંદસૂરિ જેહના, દાદ ગુરૂ ગુણુ ગેહ;
રાજવિજયની મહેરથી પભણે કંકુ સ્નેહ. પ્ર૦ ૫

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સંગમનેર—અમીઝરા પાર્શ્વજિન સ્તવન.

## સુણુજિનવર શેત્રુંજા ધણીજી—એદેશી.

પાર્શ્વપ્રભુ તેવીશમાજી, સાંભળો દીનદયાળ;
આ સંસાર તરવા ભણીજી, ઝાલજો હાથ કૃપાલરે.
જીનજી. પ્રગટ્યા પારશનાથ. ટેક ૧
નયર બનારસ રાજિયોજી, અશ્વસેન કુલભાણ;
માત વામાઉર અવતર્યોજી, સ્વામી ગુણની ખાણરે.
જીનજી. પ્રગટ્યા. ૨
પ્રગટ હુઇ તુજ મૂરતિજી, અમીઝરતી જલમાંહિ;
જલક્રિડાએ બહુ બાલકોજી, જુએ અચરિજ ઉછાંહીરે.
જીનજી. પ્રગટ્યા. ૩
નદીજલમાં નહીં કાંકરાજી, તો ક્યાંથી પત્થરા આજ;
કાઢ્યા પત્થર સહુ મળીજી, થયા તિહાં ગેબી અવાજરે.
જીનજી. પ્રગટ્યા. ૪
બે બાલકના પગ વિશેજી, લાગ્યો સુંવાળો છેક;
જલડૂબકીએ કાઢીઓજી, તો દીઠી મૂરતિ એક રે.
જીનજી પ્રગટ્યા. ૫
અમીઝરતી પ્રભુ તાહરીજી, પ્રતિમા તેહ અખંડ;
દેખી ચમત્કાર સહુ નમેજી, યશ પ્રસર્યો બ્રહ્માંડરે.
જીનજી. પ્રગટ્યા ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દક્ષિણ સંગમનેરમાંજી, યાત્રુ આવેરે અહર્નિશ;
વિજયાનંદ સૂરિતણાજી, રાજવિજય પ્રશિષ્યરે.
જીનજી પ્રગટ્યા. ૭
પ્રભુદર્શન કરતાં થકાંજી, વાધીયું સેવક નૂર;
કંકુને ઉજવલ કરોજી, આવું આપ હજૂરરે.
જીનજી. પ્રગટ્યા. ૮

---

## સંગમનેર મંડન્ પાર્શ્વનાથોત્પત્તિનું સ્તવન.
## કપૂર હોયે અતિ ઉજળોરે—દેશી.

અમીય ઝરંતા અમીઝરારે; ત્રેવીશમા પ્રભુ પાસ,
દક્ષિણ દેશમાં મનહરૂરે, ગામ સંગમનેર ખાસરે;
ભવિયાં. વંદો પાર્શ્વજિનંદ. ટેક
વંદી પાપ નિકંદરે, ભવિયાં. વંદો પાર્શ્વજિનંદ ૧
એક દિન કેઈક બાળકોરે, જળક્રિડાએ જાય,
નદિ પરવરા વેગમાંરે, જોયું અચરિજ ત્યાંયરે. ભવિયાં. ૨
નહિં વેળુ નહિં કાંકરારે, ત્યાં પથ્થર કેમ આજ,
ભેગા મળી સહુ કાઢતાંરે, કાઢ્યા અતીહી ઇલાજરે. ભવિયાં. ૩
એક કહે મુજ પાઉલેરે, સુંવાળું લાગે છે કાંઇ,
બીજો કહે ભાઇ સત્ય છેરે; દીસે છે કાંઇ આંહીરે. ભવિયાં. ૪
ડુબકી મારી બેઉ જણેરે; સુંવાળું ઉચકયું જેમ,
પ્રગટ ભયું બિંબ પાસનુંરે; ત્યાંથી સંઘમાં ક્ષેમરે. ભવિયાં. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાદ્રવા પૂનમ અતિ ભલીરે; પ્રગટ્યા પ્રભુ પ્રખ્યાત,
શ્રવણી યાત્રુ આવતાંરે; દેખે અમિય સાક્ષાત્રે. ભવિયાં. ૬
ઓગણીશ ઇકોત્તેર સંવતેરે, કહે કંકૂચંદ પ્રેમ,
ઇચ્છિત પૂરશે પાર્શ્વજીરે; ભાવે ભજતાં ક્ષેમરે. ભવિયાં. ૭

---

## શ્રી જુનેર સંખેશ્વરા પાર્શ્વ જિન સ્તવન.

### રાગ—કલ્યાણ.

શ્રી જિનવરા, પાસ સંખેશ્વરા,
ભક્ત નિજ જાણી જિન, અર્જ ધારશો જરા. ટેક.
કાશી દેશ વણારસી નયરી, અશ્વસેન કુળચંદ,
માત વમાજી ઉર સરહંસા, દીઠે પરમાનંદ. શ્રી જિન૦ ૧
કમઠ અજ્ઞાની કેરા યજ્ઞે; પરજળતો ફણીધર,
કાઢી તાર્યો મંત્ર પ્રભાવે, ઈંદ્ર બનાયો ધરણીધર. શ્રી જિન૦ ૨
પ્રભુ દામોદર ગઈ ચોવીશી, શ્રવણી તેહના મુખ,
સ્થાપી અષાઢી વિવેકવંતે; પાર્શ્વ પ્રતિમા સુખ. શ્રી જિન૦ ૩
પાર્શ્વ પસાયે મુક્તિ મળવા; બિંબ બનાવ્યું સાર,
તેહ પ્રભુજી આજે રાજે, પરચા પૂરણહાર. શ્રી જિન૦ ૪
વિશ્વ વિખ્યાતા જાદવરાજા; જરા નિવારી જેમ,
સેવક કંકૂચંદ નિહાળી; ભવથી તારો એમ. શ્રી જિન૦ ૫

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્તવન ૫૬.

વારી જાઉં સંખેશ્વર શ્યામનેરે; જેના એકસત આઠ
રૂડા નામછેરે. વારી૦
જેને પૂર્વકેરી ઓળખાણ છેરે; જેને ઘરે તે હીરાની
ખાણ છેરે. વારી૦
રાય રાણા નમે તુજ નામનેરે; તે તો વધારતા
નિજ મામનેરે. વારી૦
નિવારો ચોરાશીના ફંદનેરે; પ્રભુ પાર ઉતારો
કંકૂચંદનેરે. વારી૦

---

## શ્રી શાંતિનાથનું સ્તવન.

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિ કરણ અનુકુલ મેં હો જીનજી. તું મેરે મનમેં તું મેરે દિલમેં. ધ્યાન ધરૂં પલ પલમેં સાહેબજી તું મેરે૦ ભવમાં ભમતાં મેં દરિસન પાયો, આશા પૂરો એક પલમેં સાહેબજી. તું મેરે૦ નિર્મળ જ્યોત વદનપર સોહે, નિકસ્યોજી ચંદ બાદલમેં હો જીનજી તું મેરે૦ મેરા મન તુમ સાથે લીનો, મિનવસે જ્યું જલમેં સાહેબજી. તું મેરે૦ જીનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠાજી દેવ સકલમેં સાહેબજી. તું મેરે૦ ૫ ઇતિપૂર્ણ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી રિષભદેવનું સ્તવન.

માતા મારૂદેવીના નંદ ! દેખી તાહરી મૂરતિ માહારૂં મન લોભાણુંજી, મારૂં દિલ લોભાણુંજી નિરખી તાહરી મૂરતિ માહરૂં ચિત્ત લોભાણુંજી૦ ટેક. કરૂણા નાગર કરૂણા સાગર, કાયા કંચન વાન; ધોરી લંછન પાઉલે કાંઇ, ધનૂષ પાંચસે માન. માતા૦ ૧ ત્રિગડે બેસી ધર્મ કહંતા, સૂણે પર્ખદા બાર; જોજન ગામિની વાણી મીઠી, વરસંતિ જલધાર. માતા૦ ૨ ઉર્વશી રૂડી અપત્સરાને, રામા છે મનરંગ; પાયે નેપૂર રણઝણે કાંઈ, કરતી નાટારંભ. માતા૦ ૩ તુંહિ બ્રહ્મા તુંહિ વિધાતા, તું જગતારણ હાર; તુંજ સરિખો નહીં દેવ જગતમાં, અરવડીઓ આધાર. માતા૦ ૪ તુંહિ ભ્રાતા તુંહિ ત્રાતા, તુંહિ જગતનો દેવ; સૂરનર કિન્નર વાસુદેવા, કરતા તુજપદ સેવ. માતા૦ ૫ શ્રી સિદ્ધાચળ તિરથ કેરો, રાજા રિષભ જિણંદ; કીર્ત્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવ ભય ફંદ. માતા૦૬

ઇતિપૂર્ણ.

---

## શ્રી પુંડરિક સ્વામીનું સ્તવન.

એક દિન પુંડરિક ગણધરૂરે લાલ, પૂછે શ્રી આદિ જિણંદ સુખકારીરે. કહીએ તે ભવજલ ઉતરીરે લાલ, પામીશ પરમાનંદ ભવવારીરે. એક૦ ૧ કહે જિન ઈણગિરી પામશોરે લાલ, જ્ઞાન અને નિરવાણ જયકારીરે; તિરથ મહિમા વાધશોરે લાલ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિક અધિક મંડાણુ નિરધારીરે. એક૦ ૨ એમનિસૂણીને ઇહાં આવીઆરે લાલ, ઘાતિ કરમ કર્યાં દૂર તમવારીરે; પંચ ક્રોડ મુનિ પરિવર્યારે લાલ, હુઆ સિદ્ધિ હજુર ભવવારીરે. એક૦ ૩ ચૈત્રિ પૂનમ દિન કીજિયેરે લાલ, પૂજા વિવિધ પ્રકાર દિલધારીરે; ફળ પ્રદક્ષિણા કાઉસ્સગારે લાલ, લોગસ્સ સ્થુઇ નમુક્કાર નરનારીરે. એક૦ ૪ દશવીશ ત્રીશ ચાલીસ ભલારે લાલ, પચાસ પુષ્પની માલ અતિસારીરે; નરભવ લાહો લીજિયેરે લાલ, જેમ હોય જ્ઞાનવિશાળ મનોહારીરે એક૦ ૫ ઇતિ.

---

## શ્રી સિદ્ધાચળનું સ્તવન.

સિદ્ધાચળ ગિરી ભેટયારે ધન્ય ભાગ્ય હમારા. યહ ગિરીવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પાર. રાયણ રૂખ સમોસર્યા સ્વામિ પૂર્વ નવાણું વારરે. ધન્ય૦ ૧ મૂળનાયક શ્રી આદિજિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચાર. અષ્ટ દ્રવ્ય સુપૂજો ભાવે, સમકિત મૂળ આધારરે, ધન્ય૦ ૨ ભાવ ભગતીસુ પ્રભુ ગુણ ગાવે, અપના જન્મ સૂધારા, યાત્રા કરો ભવિજન સુભભાવે, નર્ક તિર્યંચગતિ વારારે. ધન્ય૦ ૩ દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સૂણી ગુણ તોરા, પતિત ઉદ્ધારણ બિરૂદ તુમારો, એ તિરથ જગ સારા રે. ધન્ય૦ ૪ અઢારસેં ત્યાશી માસ અષાડા વદ આઠમ ભોમવાર, પ્રભુકે ચરણ પ્રતાપ કે સંઘમાં, ખીમા રતન પ્રભુ પ્યારા રે. ધન્ય૦ ૫ ઇતિ પૂર્ણ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨

તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચળ જાશું, ઋષભ જિણંદ જુહારીને, સૂરજ કુંડમાં ન્હાશું; તે દિન૦ ૧ સમવસરણમાં બેશીને, જિનવરની વાણી, સાંભળશું સાચે મને, પરમારથ જાણી. તે દિન૦ ૨. સમકિત વૃત સુદ્ધાં ધરી, સદગુરૂને વાંદી, પાપ સરવ આલોઇને, નિજ આતમ નંદી. તે દિન૦ ૩. પડિક્કમણું દોઈ ટંકનું, કરશું મન કોડે, વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે. તે દિન૦ ૪. વાલ્હાને વયરી વિચેં, નવિ કરવો વહિરો, પરના અવગુણ દેખીને; નવી કરવો ચેહિરો. તે દિન૦ ૫. ધરમ થાનક ધન વાવરી, છક્કાયને હેતેં, પંચ મહાવ્રત લેઈને; પાલશું મન પ્રીતેં તે દિન૦ ૬. કાયાની માયા મેલ્હીને, જેમ પરીસહ સહિશું; સુખ દુ:ખ સરવે વીસારીને સમ ભાવેં રહિશું. તે દિન૦ ૭ અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું; ઊદય રત્ન ઈમ ઉચ્ચરે, ક્યારે નિર્મળ થાશું. તે દિન૦ ૮.

૩

શ્રીરે સિદ્ધાચળ ભેટવા, મુજ મન અધિક ઉમાહો ટેક. શ્રી ઋષભદેવ પૂજા કરી, લીજેં ભવ તણો લાહો. શ્રીરે૦ ૧. મણિમય મૂરત ઋષભની, નિપાઈ અભિરામ, ભવન કરાયો કનકમય, રાખ્યો ભરતજી નામ. શ્રીરે૦ ૨. નેમ વિના ત્રેવીશ જિન, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી, શેતરૂંજય સમતીર્થ નહિં બોલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સીમંધર વાણી. શ્રીરે૦ ૩ પૂરવ નવાણું સમોસર્યા, સ્વામી રૂષભ જિણંદા, રામ પાંડવે સો યાં રહ્યાં, પામ્યા પરમાનંદા. શ્રીરે૦ ૪ પુરવ પુણ્ય પસાઉલે, પુંડરિક ગિરિ પાયા, કાંતીવિજય હરખે કરી, વિમળાચલ ગુણ ગાયા. શ્રીરે૦ ૫.

૪

આંખડીયેંરે મેં આજ શત્રુંજય દીઠોરે, સવાલાખ ટકાનો દહાડોરે, લાગે મુને મીઠોરે ॥ સફલ થયોરે માહારા મનનો ઉમાહો, વાહાલા મારા ભવનો સંશય ભાંગ્યોરે ॥ નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યોરે ॥ શત્રુંજય દીઠોરે ॥ ૧ ॥ એ આંકણી ॥ માનવ ભવનો લાહો લીજે ॥ વા૦ ॥ દેહડી પાવન કીજેરે ॥ સોના રૂપાને ફૂલડે વધાવી, પ્રેમે પ્રદિક્ષણા દિજેરે ॥ શેતરું૦ ॥ ૨ ॥ દુધડે પખાલીને કેશરે ઘોલી, વા ૦॥ શ્રી આદીશ્વર પૂજ્યારે; શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રુજ્યારે ॥ શત્રું૦ ॥ ૩ ॥ શ્રી મુખ સોધર્મા સુરપતિ આગેં, વા૦ ॥ વીર જિણંદ એમ બોધેરે; ત્રણ્ય ભુવનમાં તીરથ મહોટું, નહિ કોઈ શત્રુંજય તોલેં રે ॥ શત્રું૦ ॥૪॥ ઇંદ્ર સરીખા એ તીરથની, વા૦॥ ચાકરી ચિત્તમાં ચાહેરે; કાયાની તો કાદ્યર કાઢી, સૂરજકુંડમાં નાહેરે ॥ શત્રું૦ ॥૫॥ કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રેં વ૦॥ સાધુ અનંતા સિધ્યારે; તે માટે એ તીરથ તારૂ, ઉદ્ધાર અનંતા કીધારે. ॥ શત્રું૦ ॥ ૬ ॥ નાભિરાયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુત નયણે જોતાં, મેહ અમીરસ વૂઠારે; ઊદયરત્ન કહે આજ મ્હારે પોતે, શ્રી આદેસર તૂઠારે. ॥ શંત્રું૦ ॥ ૭ ॥

## રાયણનું સ્તવન.

નિલુડી રાયણ તરૂતળે, સુણ સુંદરી, પીલુડા પ્રભુના પાયરે, ગુણમંજરી, ઉજવળ ધ્યાને ધ્યાઈએ, સુણ૦ એહીજ મુક્તિ ઉપાયરે. ગુણ૦ શિતળ છાંયાએ બેશીએ. સુણ૦ રાતડો કરી મન રંગરે. ગુણ૦ પુજીએ સોવન ફુલડે. સુણ૦ જેમ હોય પાવન અંગરે. ગુણ૦ ખીર ઝરે જેહ ઉપરે. સુણ૦ નેહ ધરીને એહરે. ગુણ૦ ત્રીજે ભવે તે શીવ લહે સુણ૦ થાયે નિર્મળ દેહરે. ગુણ૦ પ્રીત ધરી પ્રદક્ષિણા સુણ૦ દીએ એહને જે સારરે ગુણ૦ અભંગ પ્રીતિ હોય જેહને. સુણ૦ ભવ ભવ તુમ આધારરે. ગુણ૦ કુસુમફળ પત્ર મંજરે. સુણ૦ શીખા થડને મૂળરે. ગુણ૦ દેવતણા વાસાંચ છે, સુણ૦ તીરથને અનુકુળરે ગુણ૦ જ્ઞાનવિમળ ગુણ ભાખિયો. સુણ૦ શેત્રુંજા મહાત્મ્ય માંહુરે ગુણમંજરી.

## શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

વીરજી સુણો એક વિનતી મોરી, વાત વિચારો તુમે ધણીરે. વીર મુને તારો, મહાવીર મને તારો. ભવજળ પાર ઉતારોનેરે. એ આંકણી. પરીભ્રમણ મેં અનંતારે કીધાં, હજીએ ના આવ્યો છેડલોરે. તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, હમે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંતા ભવ ભમ્યારે. વીર૦ ૧. તુમે હમે વાર અનંતી ભેળા, રમીઆ સંસારીપણેરે. તેહ પ્રીતી જો પૂરણ પાગો, તો હમને તુમ સમ કરોરે. વીર૦ ૨ તુમ સમ હમને જોગના જાણો, તો કાંઈ થોડું દીજીએરે. ભવોભવ તુમ ચરણુની સેવા, પામી હમે ઘણું રીજીએરે. વીર. ૩ ઇંદ્રજાળીયો કહેતોરે આવ્યો, ગણધર પદ તેહને દીઓરે. અરજુનમાળી જે ધુર પાપી, તેહને જિન તમે ઉધયોરે. વીર૦ ૪. ચંદનબાળાએ અડદના બાકુળ; પડિલાભ્યા તુમને પ્રભુરે. તેહને સાહુણી સાચીરે કીધી, શીવવધુ સાથે ભેળવીરે. વીર૦ ૫. ચરણે ચંડકોશીયો ડશીયો, કલ્પ આઠમે તે ગયોરે. ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સનમુખ રહ્યોરે. વીર૦ ૬. નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરખા ગણોરે. ભેદ ભાવ પ્રભુ દુર કરીને, મુજશું રમો એકમેકશુંરે. વીર૦ ૭. મોડા વેલા તુમહીજ તારણ, હવે વીલંબ શા કારણેરે, જ્ઞાનતણા ભવના પાપ મીટાવે, વારી જાઉં વીર તોરા વારણેરે. વીર૦ ૮.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનારના મુબારક નામ.

## પાલીતાણા.

૧ શા જુઠાભાઈ માવજી
૫ ઉમરશી કાનજી કચ્છી દેવશી પુનશીના મુનીમ
૩૫ શા વલભજી વસ્તાભાઇ નરશી કેશવજીના મુનીમ
૧ શેઠ ત્રંભાવન જેઠા
૧ પંડ્યા વાઘજી હીરજી
૧ ઘડીઆળી ફુલચંદ છગનલાલ

## મુંબઇ.

૫૦૦ શેઠ કંકુચંદ મુલચંદ પટણી ચોપાટી
૫ શ્રાવક ભીમસીંહ માણેક જૈન બુકસેલર
૧ વનમાળી નરોતમદાશ શાહ
૧ શા. જીવરાજ મોતીચંદ પાલીતાણાવાળા
૧ શાં દેવચંદ મુળચંદ
૧ શામજી તેજા ગાંધી
૧ બરવાળાવાળા ગુલાબચંદ પાનાચંદ
૧ દયાળજી છગનલાલ શાહ [વાળા
૧ શા પોપટલાલ ગુલાબચંદ વાવ-
૧ શા જેઠાલાલ દામોદર પીપળવાવાળા
૧ શા નાથાલાલ અમથારામ
૧ શા મોહનલાલ વીરચંદ દેરડીવાળા
૧૦ શા લલ્લુ પીતામ્બર શીહોરવાળા
૧ શા ભગવાન કમળશી હા. નાનચંદ
૧ શા પરશોતમ ઝવેર સાંગાણાવાળા
૧ શા મણીલાલ છોટાલાલ
૧ શેઠ બાવચંદ વીઠલ ભંડારીયાવાળા

## માંગરોલ.

૧ શેઠ લીલાધર પ્રેમજી

## બોટાદ.

૨ શા નાથાલાલ જવેરચંદ બીડીવાળા

## રાંદેર.

૧ શા કાળીદાસ દેવચંદ પેશાપુરવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**થરાદ.**

૧ વકીલ દેવચંદ સવાઇચંદ

૧ પારેખ અનોપચંદ હડીસંગ

**ખારાઘોડા.**

૨ શા રતનચંદ ઝવેરચંદ

**બાળાપુર**

૧ શેઠ ઇશ્વરદાસ અમીચંદજી

**પાલણપુર.**

૧ શેઠ ગોદડ લવજી

૩ રાવસાહેબ ગોદડભાઈ પૃથી-રાજ

**પુના.**

૧ શા. વાડીલાલ દીપચંદ

**નાગોર.**

૧ મુની રૂપમુની ગુલાબમુની

**કચ્છ—માંડવી.**

૧ ખંડોળ ભગવાનજી આશકરણ

૧ શા જેવંતભાઇ લખમશી

૧ ,, શામજી પદમશી

**લાનોલી.**

૧ શા ભોગીલાલ ગીરધરદાશ

**પરીયાં.**

૧ શા જેચંદ છમનાજી

**કચ્છ—કોટડા.**

૧ મેતા જેસીંગ સોમચંદ

૧ રાજગર જયશંકર રાઘવજી

૧ શા શામજી ખેરાજ

**આણંદ.**

૧ શા મોહનલાલ અમુલખ

**અલીયાબાડા.**

૧ ફોફળીયા કરમચંદ હરજી.

**બોચણી.**

૧ શા. છોટાલાલ માણેકચંદ

**ભંડારીયા.**

૧ શેઠ રાઇચંદ વીઠલ.

**જામનગર.**

૨ સુતરીયા વર્ધમાન મુલજી.

**મુ૦ મેતા.**

૧ માસ્તર મુલચંદ સુરચંદ.

**ગણદેવી.**

૧ શા. છોટાલાલ શીવચંદ.

**આંટ. (જલાલપુર થઇ)**

૧ શા. ખુબચંદ નેમાજી.

૧ શા. નાના મોટાજી.

**કુરંજ.**

૧ શેઠ. હીરાચંદ ચંદાજી.

**મહુડી.**

૧ શા લલ્લુભાઈ ખેમચંદ.

**કાવનઇ.**

૨ શા. મુલચંદ દયારામ.

**ભાણવડ.**

૧ મી. મોતીચંદ પાનાચંદ એલ. ડી. મેનેજર.

**જુન્નેર.**

૨ શેઠ વીરચંદ લાલચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ શેઠ લખમીચંદ છગનલાલ.
૧ શા ચુનીલાલ રવચંદ.
૧ શેઠ વાડીલાલ ડાહ્યાભાઇ.
૧ શેઠ. ક્યુભાઇ પાનાચંદ.
૧ બાઇ માણેકબેન.
૧ બાઇ સુંદરબેન.

**મુ૦ રાંદેર.**

૧ શા. ચીમનલાલ પ્રેમચંદ.

**ધારવાડ.**

૨ શા. ખેમચંદ વૃદ્ધિચંદ.

**કરાંચી.**

૧ ,, દુર્લભજી અમરશી.
૧ ,, છગનલાલ દેવચંદ.

**ઉંઝા.**

૧ શા. મુળચંદ ધરમચંદ.

**ખામગામ.**

૧ શ્રીં બાલચન્દ્રાચાર્યજી મહારાજ.

**કંથારીયા.**

૧ શા. લાલચંદ તલકચંદ.
૧ શા તલકશી ખીમજી.
૧ શા ત્રીભોવન ફુલચંદ.

**જાસલપુર.**

૧ શા મણીલાલ છગનલાલ.

**મંચર.**

૧ શેઠ. રાજમલ માનમલ.

**અમદાવાદ.**

૧ શા. જીવનલાલ પ્રેમચંદ.
૧ શા મનસુખરામ નાહાનચંદ.
૧ શા. જેસંગ દલપત
૧ શા. સુરજમલ ચુનીલાલ.

**બદનાવર.**

૧ શ્રી જ્ઞાન મંડલ જૈનસભા.

**બાટવા.**

૧ શા. પાનાચંદ હરજીવન.

**બીજાપુર.**

૧ શા ત્રીભોવન કેશવજી.

**ડીસા.**

૧ ડીસા જૈન લાયબ્રેરી તરફથી
૧ મેતા પાનાચંદ માણેકચંદ
૧ ભણસાલી નાથાચંદ અવચલભાઇ
૧ ,, ઓખાલાલ નાથાચંદ
૧ માસ્તર પરશોતમ મગનલાલ
૧ મેતા પુનમચંદ ન્યાલચંદ
૧ શેઠ નથમલ હાથીચંદ
૧ દોશી રામચંદ ખેતસી
૧ મંગલાણી પુનમચંદ ખેમચંદ
૧ સામઢીઆ વહાલચંદ લલ્લુભાઈ
૧ મેતા ગગલદાસ રામચંદ
૧ શેઠ મણીલાલ કકલભાઇ

**જેતપોર.**

૨ શા ભીમજી પ્રાગજી હા. માણેકચંદ જેઠા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તાસગામ.**

૧ શા હરીભાઈ રવચંદ

**વાંકાનેર.**

૧ શેઠ ઉમેદચંદ રામજી

**અંકલેશ્વરવાળીયા.**

૩ શા ફતેચંદ તારાચંદ

**જલગામ.**

૧ શા પદમશી તેજપાળ

**રાંધેજા.**

૧ સંઘવી લલ્લુભાઇ સાકરચંદ

**કોચીન.**

૧ ઝવેરચંદ દેવચંદ વડાલીઆ

**પેઢામલી.**

૧ શા બકાભાઇ જુમખરામ

**ભુજપુર.**

૧ શા પુંજાલાલ ગોરધન

**કુવેટા (બલુચીસ્તાન)**

૧ વર્ધમાન સોમચંદ દોશી ટંકારાવાળા

**નીપાણી**

૧ શેઠ કેશવજી અમથારામ

**ભરૂચ**

૧ જુડાભાઈ સુંદરજી

**ગંભીર.**

૧ નગીનદાસ મોતીલાલ

**કચ્છ-મુંદરા.**

( સંઘવી મોતીચંદ હરદાશ હસ્તુ )

૧ શેઠ સાકરચંદ કપુરચંદ

૧ સંઘવી દામોદર ચાંપશી

૧ પારેખ નાનચંદ જેઠા

૧ શા નાગજી હંસરાજ

૧ શા પ્રાગજી શામજી

૧ શા જીવરાજ રવજી

૧ પારેખ કલ્યાણજી વસનજી

૧ સંઘવી વીસનજી તેજશી

૧ જવેરી લખમીચંદ નાગજી

૧ શા પોપટલાલ વીક્રમશી

૧ શા દામજી સાકરચંદ

૧ શા મુરજી લીલાધર

૧ શા લખમીચંદ ગોપાળજી

૧ શા મુરારજી લાલચંદ

૧ દોશી વચ્છરાજ સાકરચંદ

૧ શા નાનચંદ મુરારજી

૧ એન. એસ. ઠક્કર પદરવાળા

૧ સંઘવી મોતીચંદ હરદાસ

૧ શા હરખચંદ કલ્યાણજી

૧ એન સંતોકબાઇ હરદાસ

**માંડલે (બર્મા)**

૨૦ શેઠ ફતેચંદ નારણદાશ

**કીડીયાનગર.**

૧ વોરા જીવરાજ ભગવાનજી

**ખાખરા.**


૧ મેતા માનસંગ ટોકરશી

**વેજલપુર.**

૧ ગાંધી અમીચંદ પ્રેમચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only